બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**જુલાઈ-૨૦૨૨**

**ઝીલ ક઼અ્દ-ઝિલ્ હજ્જ**

**હિજરી સન : ૧૪૪૩**

**વર્ષ : ૧૯, અંક : ૦૭, સળંગ અંક : ૨૨૨**

**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**એડ્રેસ : બરકાતે ખ્વાજા (માસિક)**

C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**: માનદ તંત્રી :**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **નબીઓની ગુસ્તાખીનો અંજામ કુર્આનની રોશનીમાં** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 13 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 17 |
| 04 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 22 |
| 05 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 24 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) | 26 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 27 |
| 08 | કુર્બાની સંબંધે શંકાઓ અને તેનું નિવારણ | 30 |
| 09 | વર્તમાન સંજોગોમાં હિંદના મુસલમાનો શું કરે ?! | 33 |
| 10 | નાશુક્રી : નેઅમતોને ગુમાવવાનો સબબ | 36 |
| 11 | રોજી પામવાની ચાવીઓ | 37 |
| 12 | પૂર્વજ બુઝુર્ગોના તાલિબે ઈલ્મીના દૌરની બોધદાયક વાતો | 41 |
| 13 | કુર્બાની શું છે ? અને તેને કેવી રીતે કરવી ? | 44 |
| 14 | કરામતોનો ઈન્કાર એ બદનસીબીનો માર્ગ છે | 47 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


**★ બારગાહે રિસાલતની હાઝરી ★**

(અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

હાજીયો ! આઓ શહનશાહકા રૌઝા દેખો
કા'બા તો દેખ ચુકે, કાબેકા કા'બા દેખો
**'રુકને શામી'** સે મિટી વહશતે શામે ગુર્બત
અબ મદીનેકો ચલો, સુબ્હે દિલઆરા દેખો
**આબે ઝમઝમ** તો પિયા, ખૂબ બુઝાઈ પ્યાસેં
આઓ જૂદે શહે કૌષરકા ભી દરયા દેખો
**ઝેરે મીઝાબ** મિલે ખૂબ કરમકે છીંટે
અબ્રે રહમતકા યહાં રોઝ બરસના દેખો
ખૂબ આંખો સે લગાયા હૈ ગિલાફે કા'બા
કસરે મહબૂબકે પર્દેકા ભી જલ્વા દેખો
ધો ચૂકા ઝુલ્મતે દિલ બોસ-એ-સંગે અસ્વદ
ખાક બોસીએ મદીનેકા ભી રુત્બા દેખો
જુમ્એ મક્કા થા ઈદ એહલે ઈબાદતકે લિએ
મુજરિમોં આઓ યહાં ઈદે દો શમ્બા દેખો
ગૌરસે સુનતો **'રઝા'** કા'બેસે આતી હૈ સદા
મેરી આંખોંસે મેરે પ્યારેકા રૌઝા દેખો

# નબીઓની ગુસ્તાખીનો અંજામ કુર્આનની રોશનીમાં

તંત્રી લેખ.....

વર્તમાન સમયમાં હિંદુસ્તાન જ નહીં જગતભરમાં ઈસ્લામના મહાન પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની શાનમાં ગુસ્તાખી કરવાના કારણે બદબખ્ત ઔરત નુપુર શર્મા પર ફિટકાર તથા લઅનત વરસી રહી છે, આપ સૌ એનાથી વાકેફ છો જ. જો કે હજી (તા. ૧૬–૬–૨૦૨૨) સુધી તેણીની નથી ધરપકડ થઈ ન કોઈ લિગલ કાર્યવાહી થઈ છે ! જેવી કે થવી જોઈએ. આ સિવાય પણ અગાઉ આવા બદબખ્તો જેમ કે નરસિંહાનંદ તથા વસીમ રઝવી શીઆમાંથી જીતેન્દ્ર ત્યાગી બનનારાએ પણ કુર્આન તથા સાહિબે કુર્આન તથા સહાબીએ રસૂલની વારંવાર બેઅદબી કરી મુસ્લિમોની ધાર્મિક લાગણીને દુભાવી અને હિંદના ભાઈચારગીના માહોલને ઈજા પહોંચાડી છતાં તેમને હજી સુધી ઉની આંચ આવી નથી ! આવા ગુસ્તાખો વિશ્વમાં થતા જ રહ્યા છે જેમ કે ઈંગ્લેન્ડમાં કેટલાક વરસો પર સલ્માન રૂશ્દી નામના બદબખ્તે "સેતાનિક વર્સિસ" પુસ્તકમાં નબી પાક ﷺની ગુસ્તાખી કરી હતી. ત્યારબાદ ડેન્માર્કથી એક બદબખ્તે કાર્ટૂનો થકી ગુસ્તાખી કરી હતી, અને એ ક્રમ ચાલુ જ છે. દરેક વખતે જગતભરના મુસ્લિમોએ એનો વિરોધ કર્યો છે અને એ ઈમાનનો તકાઝો પણ છે કેમ કે "નબી પાક ﷺની મહોબ્બત જ ઈમાનની જાન છે" જેથી મુસલમાન પોતાના નબીની ગુસ્તાખી સહન નથી કરી શકતો. એવું જ હાલમાં પણ થયું કે નુપુર શર્મા થકી નબી પાકની ગુસ્તાખીના વિરૂધ્ધમાં હિંદમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો થયાં અને પછી તેમાં શું શું થયું આપની નજરો સમક્ષ છે. જો કે મુસલમાનોએ સંયમથી કામ લઈને આવા ગુસ્તાખો સામે કેવળ મેમોરેન્ડમ આપવાથી પણ કાંઈ થતુ નથી ! માટે કાયદેસરની કાર્યવાહી જ કરવી અને વધુ ને વધુ FIR નોંધ કરાવવી એ જ યોગ્ય માર્ગ છે, નહીં તો હંગામાઓ થાય તેમાં મુસ્લિમોને જ વેઠવુ પડે છે.

ખૈર, વર્તમાન હુકૂમતો નબી પાક ﷺના ગુસ્તાખો પર કડક કાર્યવાહી કરે ન કરે, પણ **આ ગુસ્તાખોને રબ તઆલાની બારગાહથી દુનિયા તથા આખેરતમાં સખત સજાઓ થશે અને થશે જ, એના પર આપણુ ઈમાન છે.** અલ્લાહની ઢીલને તેઓ પોતાની જીત કે બહાદુરી ન સમજે, બલ્કે રબના સખત અઝાબને વેઠવાની તૈયારી રાખે ! આવો ! રબ તઆલાએ પોતાના નબીઓના ગુસ્તાખો પર કેવા અઝાબો નાઝિલ કર્યા તેની ઝલક કુર્આનની રોશનીમાં જોતા ચાલીએ.

## ★ હઝરત નૂહ علیہ السلامની કૌમ પર અઝાબનો સબબ ★

અલ્લાહે સૌ પ્રથમ હઝરત આદમ علیہ السلام અને હઝરત હવ્વાને જમીન પર ઉતાર્યા અને આજે આ આખા જગતની જે માનવવસ્તી છે તે આદમની જ ઔલાદ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના હવાલાથી ઈમામ ઈબ્ને હબ્બાન ફર્માવે છે કે હઝરત આદમ علیہ السلام તથા નૂહ علیہ السلامની દરમ્યાન દસ કરન (સદી)નું અંતર છે. હઝરત નૂહ علیہ السلامના જમાનાથી પહેલાં લગભગ એક હજાર વરસનું અંતર રહ્યું. તે સર્વ લોકો ઈસ્લામ પર હતા. *(તબકાતે કુબરા, ભાગ : ૧, પેજ : ૪૨)*

હઝરત નૂહ علیہ السلامની બઅષત (આગમન) ત્યારે થયું જ્યારે આપની કૌમ મૂર્તિપૂજા, શૈતાનની પયરવી, નફ્સ પરસ્તી તથા અખ્લાકી પડતીઓનો શિકાર થઈ ચૂકી હતી. બઅષતના વખતે હઝરત નૂહ علیہ السلامની ઉંમર ૮૪ વરસની હતી. આપની કૌમમાં મૂર્તિપૂજાની શરૂઆત એ રીતે થઈ કે જ્યારે એમનામાં કોઈ નેક શખ્સ મરી જતો



Web: www.barkatekhwaja.net

હતો તો તેની કબ્રને સજદાગાહ બનાવી લેતા અને એના પર ફોટા રાખી દેતા અને તેની ઈબાદત (પૂજા) કરતા. હઝરત નૂહ عليه السلامએ તેમને ૯૫૦ વરસો સુધી સમજાવ્યા. જનાબ નૂહ عليه السلامની આ કોશિશને કુર્આને આ પ્રમાણે વર્ણવેલ છે :–

જ્યારે કૌમે જનાબ નૂહ عليه السلامને પોતાની જેવા નર્યા બશર (માનવી) તૌહીનનારૂપે કહ્યા, અને સરદારીના લાલચુ તથા દીવાના તથા પાગલ કહીને જનાબ નૂહ عليه السلامની મજાક ઉડાડી અને આપની ગુસ્તાખીમાં પડયા ત્યારે અલ્લાહ તબારક વ તઆલાએ એ કૌમ પર અઝાબ નાઝિલ કર્યો જેને કુર્આને મુકદ્દસ આ પ્રમાણે વર્ણવે છે :–

"તો તેણે (નૂહે) પોતાના રબથી દુઆ કરી કે હું મગ્લૂબ (જેના પર કોઈ સવાર થઈ જાય) છું, તું મારો બદલો લે. તો અમે આસ્માનના દરવાજા ખોલી નાખ્યા, જોરથી વહેતા પાણી વડે. અને જમીન ઝરણા કરીને વહાવી દીધી, જેથી બંનેવ પાણી મળી ગયાં એટલા પ્રમાણમાં જે મુકદ્દર હતી. અને અમે નૂહને સવાર કર્યા તખ્તાઓ અને ખીલાઓવાળી પર કે અમારી નિગાહની રૂબરૂ વહેતી એના બદલામાં જેની સાથે કુફ્ર કરવામાં આવ્યું હતું. અને અમે એને નિશાની છોડયો. તો છે કોઈ ધ્યાન આપનાર ! તો કેવો રહ્યો મારો અઝાબ અને મારી ધમકીઓ."

*(સૂરએ કમર, પારા : ૨૭, આયત : ૧૦ થી ૧૬)*

કૌમે નૂહ પર અલ્લાહનો તે અઝાબ દુનિયાના અસ્તિત્વ સુધી ઈબ્રતનું નિશાન બની ગયો. જનાબ નૂહ عليه السلامની કૌમ પર સતત વર્ષા થતી રહી ત્યાં સુધી કે જમીનથી પથ્થરોથી પાણી નીકળવા લાગ્યું અને પૂરી કૌમ તોફાનમાં ડૂબી ગઈ. એ જ લોકો સલામત રહ્યા જેઓ હઝરત નૂહ عليه السلام પર ઈમાન લાવ્યા અને કશ્તીએ નૂહમાં સવાર થઈ ગયા.

ઉપરોક્ત આયતોથી એ વાત ઉઘાડા દિવસની જેમ જાહેર થઈ ગઈ કે **કૌમે નૂહ પર અલ્લાહ ﷻનો અઝાબ એ સમયે નાઝિલ થયો જ્યારે તેમણે હઝરત નૂહ عليه السلامની તૌહીન (ગુસ્તાખી) કરી તથા તેમને જૂઠલાવ્યા.** અલ્લાહની દા'વતના ઈન્કાર પર અલ્લાહ ﷻએ કોઈ અઝાબ નાઝિલ ન કર્યો બલ્કે નબીની તૌહીન તથા બેઅદબીના બદલામાં અલ્લાહ ﷻને તેમને પોતાના અઝાબમાં ગિરફતાર કર્યા.

## ★ હઝરત હૂદ عليه السلامની કૌમ પર અઝાબનો સબબ ★

હઝરત હૂદ عليه السلامએ ખૂબ જ હેતાળ ભાવે પોતાની કૌમને અલ્લાહ તબારક વ તઆલાની વહદાનિયત (અલ્લાહનું એક હોવું) તથા પોતાની નબુવ્વત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)ની તરફ બોલાવ્યા પણ દૌલત તથા તાકાતના નશામાં ચૂર એ કૌમે ઘમંડના તૌર પર હઝરત હૂદ عليه السلامની મજાક ઉડાડતાં આપની શાનમાં હંસી મજાક કરી જેને કુર્આને મુકદ્દસ આ પ્રમાણે વર્ણવે છે :–

"એની કૌમના સરદાર બોલ્યા, બેશક ! અમે તમને મૂર્ખ સમજીએ છીએ, અને બેશક ! અમે તમને જૂઠાઓમાં ગુમાન કરીએ છીએ. કહ્યું, હે મારી કૌમ ! મને મૂર્ખાઈ સાથે શું સંબંધ ?! હું તો પરવદિગારે આલમનો રસૂલ છું, તમને તમારા રબની રિસાલતો પહોંચાડુ છું અને તમારો વિશ્વાસુ શુભેચ્છક છું.

*(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આ : ૬૬ થી ૬૮)*

જ્યારે કૌમે આદે હઝરત હૂદ عليه السلامની બેવકૂફી તથા જૂઠ જેવા બદ્તરીન શબ્દોમાં તૌહીન કરી તો અલ્લાહ તબારક વ તઆલાએ એ કૌમને પણ નૂહની કૌમની જેમ અઝાબમાં સપડાવી અને ઈર્શાદ ફર્માવ્યો, "શું તમે ન જોયું તમારા રબે આદની સાથે કેવું કર્યુ ?! *(સૂરએ ફજર, પારા : ૩૦, આયત : ૬)*

Web : www.barkatekhwaja.net

જ્યારે કૌમે આદે પોતાની તાક઼ાત પર ઘમંડ કર્યો અને નબીના ગુસ્તાખ બન્યા તો રબે શું કર્યું ? જુઓ :

"તો તેઓ જે આદ હતા તેમણે જમીનમાં નાહક્ક઼ ઘમંડ કર્યો અને બોલ્યા, અમારાથી વધુ કોનું જોર ? અને શું તેમણે ન જોયું કે અલ્લાહ જેણે તેમને બનાવ્યા એમના કરતાં અધિક મજબૂત છે, અને અમારી આયતોનો ઈન્કાર કરતા હતા, તો અમે એમના પર એક આંધી મોકલી સખત ગરજવાળી તેમના બુરાના દિવસોમાં કે અમે તેમને બેઈજ્જતીનો અઝાબ ચખાડીએ દુનિયાની જિંદગીમાં. અને બેશક ! આખેરતના અઝાબમાં સૌથી મહાન બેઈજ્જતી છે અને તેમની મદદ ન થશે." *–(સૂરએ હા મીમ સજદા, પારા : ૨૪, આયત : ૧૫, ૧૬)*

બીજે ઠેકાણે ફર્માવ્યું : "અને રહ્યા આદ તે હલાક઼ કરવામાં આવેલા ખૂબ જ સખત ગરજતી આંધીથી તે એમના પર શક્તિ વડે લગાડી આપી સાત રાતો અને આઠ દિવસ સતત, તો એ લોકોને એનામાં જુઓ પછડાએલા જાણે કે તેઓ પડેલા ખજૂરના દંડાઓ છે, તો તમે એમનામાં કોને બચેલો જુઓ છો."

*(સૂરએ હાક્ક઼હ, પારા : ૨૯, આયત : ૬ થી ૯)*

બોધગ્રહણ કરવાની દષ્ટિએ આ મુબારક આયતો વારંવાર પઢવામાં આવે કે **જ્યારે ક઼ૌમે આદે હઝરત નૂહ عليه السلامની ગુસ્તાખી કરી તો મજબૂત સ્તંભોમાં રહેવાવાળી પ્રગતિ પામેલ ક઼ૌમને અલ્લાહે એ રીતે હલાક઼ કરી** કે પ્રથમ તેમને દુકાળમાં સપડાવ્યા અને જ્યારે તેઓ વરસાદના અભિલાષી થયા તો તેમના પર કાળુ વાદળ મોકલ્યું જેને જોઈને તેઓ ખુશ થયા કે હવે બહુ જોરમાં વરસાદ થશે ! નદી નાળાં સૌ ઉભરાઈ જશે, ખેતીઓ હરીયાળીવાળી લીલીછમ થઈ જશે, બાગો હર્યા ભર્યા થઈ જશે. પણ તેમનો એ ખ્વાબ પૂર્ણ ન થઈ શક્યો અને સતત સાત રાતો અને આઠ દિવસ સુધી જબરદસ્ત આંધી ચાલી જેનાથી ઝાડો, જાનવરો તથા માણસોને તરણાની જેમ ઉડાડી મૂક્યા અને ખુશહાલ આબાદી ખંડેરોના એક બોધદાયક ક઼િસ્સો બની ગઈ. આજે પણ એ ખંડેરોને જોઈને લોકો બોધ ગ્રહણ કરતાં કહેતા જોવા મળે છે કે શું અહીં પણ કોઈ પ્રગતિ પામેલ ક઼ૌમ મૌજૂદ હતી ?! فَاعْتَبِرُوْا يَآ اُولِى الْاَبْصَار

Web.: www.barkatekhwaja.net

## ★ હઝરત સાલેહ عليه السلامની ક઼ૌમ પર અઝાબનો સબબ ★

એ ક઼ૌમની (ષમૂદની) હિદાયતના માટે અલ્લાહ તઆલાએ હઝરત સાલેહ عليه السلامને મબઊષ ફર્માવ્યા (મોકલ્યા) અને તેમણે અલ્લાહ રબ્બુલ ઈઝ઼્ઝતની તૌહીદ (એક અલ્લાહ હોવાની)ની દા'વત આપી, જેને અલ્લાહ રબ્બુલ ઈઝ઼્ઝતે કુર્આનમાં વિવિધ સ્થાનોએ આ મુજબ વર્ણવેલ છે :–

"અને ષમૂદની તરફ તેમની બિરાદરીમાંથી સાલેહને મોકલ્યા. કહ્યું, હે મારી ક઼ૌમ ! અલ્લાહને પૂજો, તેના સિવાય તમારો કોઈ મઅબૂદ (પૂજનીય) નથી. બેશક ! તમારી પાસે તમારા રબની તરફથી રોશન દલીલ આવી. આ અલ્લાહનું ઊંટ છે તમારા માટે નિશાની તો એને છોડી આપો કે અલ્લાહની જમીનમાં ખાય અને તેને બુરાઈથી હાથ ન લગાડો કે તમને દર્દનાક અઝાબ આવશે. અને યાદ કરો જ્યારે તમને આદના જાનશીન કર્યા અને મુલ્કમાં જગા આપી કે નરમ જમીનમાં મહેલ બનાવો છો અને પહાડોમાં મકાન કોતરો છો, તો અલ્લાહની નેઅમતો યાદ કરો. અને જમીનમાં ફસાદ મચાવતા ન ફરો. *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૭૩, ૭૪, કન્ઝુલ ઈમાન)*

હઝરત સાલેહ عليه السلامએ પોતાની એ ક઼ૌમની ભલાઈ ચાહી અને તેમને અલ્લાહથી ડરાવ્યા અને ખુદા વહદહૂ લાશરીકની ઈબાદતની તરફ બોલાવ્યા પણ ક઼ૌમે ષમૂદની બદ્નસીબી કે તેમણે પોતાના ખૈરખ્વાહ મહાન

**પયગંબરની મજાક કેવા બુરા શબ્દોમાં ઉડાડી** એને અલ્લાહ પાકે આ શબ્દોમાં વર્ણવ્યું :–

"ષમૂદે રસૂલોને જૂઠલાવ્યા. તો બોલ્યા, શું અમે અમારામાંના એક બશર (માનવ)ની તાબેદારી કરીએ ! તો અમે જરૂર ગુમરાહ તથા દીવાના છીએ. શું અમારા સૌમાંથી એના પર ઝિક્ર ઉતારવામાં આવ્યું ? બલ્કે એ સખત જૂઠો તથા ઘંમડી છે." *(સૂરએ કમર, પારા : ૨૭, આયત : ૨૩ થી ૨૫)*

કૌમે ષમૂદે તૌહીનની નિય્યતે અલ્લાહના નબી હઝરત સાલેહ علیہ السلامને **પોતાના જેવા નર્યા માણસ (બશર) કહ્યા, સાથોસાથ જૂઠા, ઘમંડી જેવા બુરા શબ્દો વડે આપની પણ બેઅદબી કરી,** અને એના પર જ બસ નથી કર્યું બલ્કે આપના કત્લનો મનસૂબો પણ બનાવ્યો.

કૌમે ષમૂદે હઝરત સાલેહ علیہ السلامની ઊંટણી જે આપની દુઆથી પહાડોથી પ્રદર્શિત થઈ હતી એની ઘૂંટીઓ કાપી નાખી, આપની મજાક ઉડાડી, ત્યાં સુધી કે આપના કત્લનો મનસૂબો બનાવ્યો. તેઓ મજબૂત મકાનો પર ઘમંડ કરતા રહ્યા, દૌલત તથા મજબૂત મકાનોના નશામાં ચૂર રહ્યા. અલ્લાહ તઆલાએ નબીની બેઅદબી તથા મજાક ઉડાડવાના લીધે કૌમે આદની જેમ આ કૌમને પણ અઝાબમાં સપડાવીને બુદ્ધિમાનોના માટે બોધ પામવાનું નિશાન બનાવી આપ્યું.

જેમકે રબ ફર્માવે છે : "તો એમને ધરતીકંપે આવીને લીધા તો સવારે તેમના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા. તો સાલેહે તેમનાથી મોઢુ ફેરવ્યું અને કહ્યું, હે મારી કૌમ ! બેશક ! મેં તમને મારા રબની રિસાલત પહોંચાડી આપી અને તમારું ભલુ ચાહ્યું પણ તમો શુભેચ્છાઓના તમને ભલુ ચાહનારાઓની કાંઈ પડી જ નથી."

*(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૭૮, ૭૯)*

વાંચકો વિચારે કે જ્યારે કૌમે હઝરત સાલેહ علیہ السلامની મજાક ઉડાડી તો અલ્લાહ ﷻએ તેમને કેટલી દર્દનાક સજા અતા કરી.

www.barkatekhwaja.net

## ★ લૂત علیہ السلامની કૌમની તબાહી ★

હઝરત લૂત علیہ السلام હઝરત ઈબ્રાહીમ علیہ السلامના સગા ભત્રીજા છે. આપને અલ્લાહ રબ્બુલ ઈઝઝતે અર્ઝે મુકદ્દસમાં મબ્ઊષ ફર્માવ્યા (મોકલ્યા) એ સમયે તે વિસ્તાર ચાર મોટા શહેરોમાં વહેંચાયેલો હતો. સદૂમ, અમૂરા (આમૂરા), સબૂહ, સબૂવૈરા. ચારેવ શહેરોમાં સદૂમને પાટનગરની હૈસિયત ઉપલબ્ધ હતી. એ સર્વ ઈલાકાઓની સંયુક્ત વસ્તી લગભગ ચારથી પાંચ લાખ હતી. હઝરત લૂત علیہ السلامએ સદૂમ શહેરને પોતાનુ રહેઠાણ બનાવ્યું હતું. સદૂમ બાગો તથા ફળોની અધિક્તાના કારણે ખૂબ જ ખુશહાલ સ્થળ હતું. સદૂમની વિશિષ્ટતા એ પણ હતી કે એક ખૂબસૂરત શહેર હોવાને કારણે લોકો દૂર દૂરથી પિકનિકના માટે આવ્યા કરતા હતા. નહેરોની અધિક્તા અને બાગોની સુંદરતાએ એને લોકોના આકર્ષણનું કેન્દ્ર બનાવી આપ્યું હતું. **લૂત علیہ السلامની કૌમમાં વિવિધ બુરાઈઓ હતી, જેમ કે સીટી વગાડવી, તાળીઓ પાડવી, ગિલોર વડે શિકાર કરવો, દાઢી મૂંડાવવી, મૂછો લાંબી કરવી, રેશમ પહેરવું અને ખાસ કરીને પુરૂષોને પુરૂષોની સાથે અપ્રાકૃતિક અમલ (દુષ્કર્મ) કરવું.** હઝરત લૂત علیہ السلامએ પોતાની કૌમને એ સર્વ બુરાઈઓથી રોકવાની કોશિશ કરી અને અલ્લાહના અઝાબથી તેમને ડરાવ્યા. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"શું મખ્લૂકમાં **પુરૂષો સાથે દુષ્કર્મ કરો છો !** તે જે તમારા માટે તમારા રબે પત્નીઓ બનાવી, બલ્કે તમે લોકો હદથી વધી જનારા છો." *(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૬૫, ૧૬૬)*

તેમજ ફર્માવ્યું : "તમે તો પુરૂષોની પાસે વાસનાભેર જાવ છો સ્ત્રીઓને છોડીને, બલ્કે તમે લોકો હદથી નીકળી ગયા." *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૮૧)*

"અને લૂતને નજાત આપી જ્યારે તેણે પોતાની કૌમને ફર્માવ્યું, **તમે બેશક ! બેહયાઈનું કામ કરો છો** કે તમારાથી પહેલાં દુનિયાભરમાં કોઈએ ન કર્યું. **શું તમો પુરૂષો સાથે દુષ્કર્મ કરો છો** અને રહઝની (ડાકૂગીરી) કરો છો અને તમારી મજલિસમાં બુરી વાત કરો છો !" *(સૂરએ અન્કબૂત, પારા : ૨૦, આયત : ૨૮, ૨૯)*

આ બદ્કાર તથા હવસ પરસ્ત કૌમને જ્યારે લૂત علیہ السلامએ ભલાઈની તરફ બોલાવી તો તે પોતાની ઈસ્લાહ કરવાને બદલે હઝરત લૂત علیہ السلامને ઈજા પહોંચાડવાના માટે તૈયાર થઈ ગયા અને હઝરત લૂત علیہ السلامની જનાબમાં બેઅદબીઓ તથા ગુસ્તાખીઓ કરી.

અલ્લાહ પાક ઈર્શાદ ફર્માવે છે : "અને એની કૌમનો કોઈ જવાબ ન હતો પણ એ જ કહેવું કે ★ "તેમને (લૂતને) આપણી વસ્તીથી કાઢી નાખો. આ લોકો તો પાકીઝગી ચાહે છે." *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, આયત : ૮૨)*

★ "બોલ્યા, હે લૂત ! જો તમે ન અટક્યા તો જરૂર કાઢી મૂકવામાં આવશો."

*(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૬૮)*

★ "તો એની કૌમનો કોઈ જવાબ ન થયો પણ એવું બોલ્યા કે અમારા પર અલ્લાહનો અઝાબ લાવો જો તમે સાચા છો." *(સૂરએ અન્કબૂત, પારા : ૨૦, આયત : ૨૯)*

★ "શું અમે તમને મના ન કર્યું કે અન્યના મામલામાં દખલ ન કરો." *(સૂરએ હજર, પારા : ૧૪, આયત : ૭૦)*

જ્યારે અલ્લાહના અઝાબનો સમય આવ્યો તો હઝરત લૂત علیہ السلام પોતાના ખાનદાનના લોકોને લઈને સદૂમથી બહાર નીકળી આવ્યા. પછી **અલ્લાહ તઆલાએ તે દુષ્કર્મ કરનારી તથા નબીની બેઅદબ કૌમ પર પથ્થરોની વર્ષા કરી.** પછી જિબ્રઈલ علیہ السلامને હુકમ આપ્યો તો તેમણે પોતાની પાંખ તે શહેરની નીચે દાખલ કરી અને જમીનને ઉખેડીને બુલંદ કરી ત્યાં સુધી કે આસ્માનવાળાઓએ કૂતરાં તથા મરઘીઓના અવાજો સાંભળ્યા. પછી તેમણે એટલી **ઊંચાઈએ લઈ જઈને જમીનને પલ્ટાવી દીધી.** *(તિબ્યાનુલ કુર્આન, ભાગ : ૪, પેજ : ૨૨૦)*

તો એક ખુશહાલ કૌમ ઈતિહાસના પુષ્ઠોમાં હમેશાંના માટે ઈબ્રત (બોધ)નો સામાન બની ગઈ. આ છે અલ્લાહના નબીની બેઅદબીનો અંજામ !

Web.: www.barkatekhwaja.net

## ★ શોઐબ علیہ السلامની કૌમનો અંજામ ★

હઝરત શોઐબ علیہ السلام હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઔલાદમાં એક ફસીહુલ લિસાન (ઉમદા સ્પીચવાળા) નબી ગુજર્યા છે. તેમની દલીલ કરવાની ખૂબસૂરત પદ્ધતિ તથા ઉમદા વાણીની વાતચીતના અંદાજના કારણે તેમને ખતીબુલ અંબિયા પણ કહેવામાં આવે છે. આપને અહલે મદયનની તરફ મોકલવામાં આવ્યા. આપની કૌમ યમનથી શામ (સીરિયા) અને ઈરાક્થી મિસર જતાં મુખ્ય માર્ગ પર આબાદ હતી. મુખ્ય માર્ગ પર આબાદ હોવાને લીધે મદયનમાં એક મશ્હૂર વ્યાપારી મંડી હતી. એના લીધે મદયનવાળા એક નિષ્ણાત વ્યાપારી હોવાને લીધે આર્થિક રીતે ખુશહાલ હતા. પણ કમનસીબીએ કે આર્થિક સદ્ધરતાએ તેમને પણ અન્ય કૌમોની જેમ મૂર્તિપૂજા, ડાકૂગીરી, માપતોલમાં કમી તથા અખ્લાકી નીચતાનો શિકાર કરી દીધા હતા. હઝરત શોઐબ علیہ السلامએ પોતાની ઉમદા સ્પીચના લબો લહેજામાં આ કૌમને એ તમામ બુરાઈઓથી રોક્યા. જેને અલ્લાહ પાકે કુર્આન મુકદ્દસમાં આ પ્રમાણે વર્ણવેલ છે :–

"જ્યારે એમને શોઐ્બે ફર્માવ્યું, શું તમે ડરતા નથી ? બેશક ! હું તમારા માટે અલ્લાહનો રસૂલ છું, તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો. અને હું એના પર તમારાથી કોઈ મજૂરી નથી માગતો, મારો બદલો તો એના પર છે જે સર્વ જહાનનો રબ છે. માપતોલ પૂર્ણ કરો અને ઘટાડનારાઓમાં ન થાવ, અને સીધા ત્રાજવાથી તોલો અને લોકોની ચીજો ઓછી કરીને ન આપો અને જમીનમાં ફસાદ ફેલાવતા ન ફરો અને એનાથી ડરો જેણે તમને પેદા કર્યા અને આગલી મખ્લૂક઼ને." *(સૂરએ શુઅરા, પારા : ૧૯૫ આયત : ૧૭૭ થી ૧૮૪)*

મોહતરમ વાંચકો ! વિચારવાનું સ્થાન છે કે હઝરત શોઐ્બ علیہ السلامએ કેટલા દર્દભર્યા અંદાઝમાં એ ક઼ૌમને સમજાવી ! માલદાર ક઼ૌમ એવું ન સમજે કે વઅઝ તથા નસીહત અને શુભેચ્છાના બદલામાં હઝરત શોઐ્બ علیہ السلام માલ હાંસલ કરવા માગે છે જેથી આપે આપના ઉમદા સ્પીચવાળા લેકચરમાં એ પણ ખુલાસો કરી આપ્યો કે એના પર હું તમારી પાસે કોઈ વળતર નથી માગતો બલ્કે હાલતોની સુધારણાનો હેતુ છે. પણ **જે ક઼ૌમ દૌલતના નશામાં ચૂર થઈ જાય અને ગુરૂર તથા તકબ્બુરના કીચડમાં ફસાઈ જાય તો પછી એ ક઼ૌમની હાલત જ અજબની હોય છે. ક઼ૌમના ઘમંડી સરદારોએ હઝરત શોઐ્બ علیہ السلامના જવાબમાં અતિશય ગુસ્તાખીપૂર્ણ રીત અપનાવી.** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"બોલ્યા, તમારા પર જાદૂ થયો છે. તમે તો નથી પણ અમારા જેવા માણસ, અને બેશક ! અમે તમને જૂઠા સમજીએ છીએ ! તો અમારા પર આસ્માનનો કોઈ ટુકડો પાડી દો જો તમે સાચા હોવ."

*(સૂરએ શોઅરા, પારા : ૧૯, આયત : ૧૮૫ થી ૧૮૭)*

હઝરત શોઐ્બ علیہ السلامના હૃદયાકર્ષક સુધારણામય સંબોધન પછી પોતાની ઈસ્લાહને બદલે મદયનવાળાઓએ આપની શાનમાં આવા ગુસ્તાખીમય લબો લેહજામાં જવાબ આપ્યો. આપને જાદૂ થયેલા, પોતાના જેવા માણસ અને જૂઠા કહ્યા મઆઝલ્લાહ ! **તો નબીની તૌહીન તથા બેઅદબીના લીધે અલ્લાહ તઆલાએ એ ક઼ૌમને પણ હલાક઼ કરી નાખી.**

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "તો તેમણે એને જૂઠલાવ્યો તો એમને શામિયાનાવાળા દિવસના અઝાબે પકડી લીધા. બેશક ! તે મોટા દિવસનો અઝાબ હતો. બેશક ! એમાં જરૂર નિશાની છે અને એમાં ઘણા મુસલમાન ન હતા અને બેશક ! તમારો રબ જ ઈજ્જતવાળો મહેરબાન છે."

*(સૂરએ શુઅરા, પારા : ૧૯, આયત : ૧૮૯ થી ૧૯૧)*

"અને એની ક઼ૌમના કાફ઼િર સરદાર બોલ્યા કે જો તમે શોઐ્બના તાબે થયા તો જરૂર તમે નુકસાનમાં રહેશો. **તો એમને ધરતીકંપે પકડી લીધા તો સવારે પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા શોઐ્બને જૂઠલાવનાર,** જાણે એ ઘરોમાં કદી રહ્યા જ ન હતા, શોઐબને જૂઠલાવનારા જ તબાહીમાં પડયા."

*(સૂરએ અઅ્રાફ, પારા : ૯, આયત : ૯૦ થી ૯૨)*

શોઐબ علیہ السلامની ક઼ૌમના હવાલાથી મુફસ્સિરો વર્ણન કરે છે કે **જ્યારે ક઼ૌમે બેઅદબી કરીને સરકશી (નાફર્માની)ની હદ કરી નાખી તો અલ્લાહ તઆલાએ તેમને સખ્ત ગરમીમાં સપડાવી દીધા.** તેઓ પોતાના ઘરોમાં ગયા ત્યાં પણ ખૂબ જ ગરમી હતી. પછી તેઓ જંગલના તરફ ભાગ્યા તો અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જેણે એમનાં માથાઓ પર સાયો કર્યો તો તેમને ઠંડક પહોંચી અને તેમને આરામ થયો. તેમણે ઠંડક પામીને પોતાની ક઼ૌમના બાકી લોકોને પણ વાદળની નીચે ભેગા કરી લીધા અને તેઓ ખુશ થવા લાગ્યા કે તેમને ગરમીથી રક્ષણ મળી ગયું ! ત્યારે અલ્લાહ તઆલાએ તેમના પર આગ મોકલી જેના વડે તે સૌને સળગાવીને

Web. :www.barkatekhwaja.net

ખાક કરી નાખ્યા. અને અમુકને ભયાનક ધરતીકંપ વડે હલાક઼ કરી નાખ્યા. આ રીતે ક઼ૌમોના ઈતિહાસમાં આ ક઼ૌમ પણ બોધગ્રહણ કરવાનો સામાન બની ગઈ. **આજે પણ મદયનવાળાઓની દાસ્તાન આપણને ચિંતનની દા'વત આપી રહી છે કે નબીની બેઅદબીનો અંજામ તબાહી અને કેવળ તબાહી છે.**

## ★ મૂસા علیہ السلامની ક઼ૌમનો અંજામ ★

હઝરત સૈયદના મૂસા علیہ السلام બની ઈસ્રાઈલના નબીઓમાં તે મહાન રસૂલ છે જેમને અલ્લાહ તબારક વ તઆલા સાથે હમકલામીનો શરફ હાંસલ છે અને આપ સાહિબે કિતાબ પયગંબર છે. અલ્લાહ તઆલાએ આપના પર તૌરાત નાઝિલ કરી. આમ તો આપ તથા આપની ક઼ૌમના ઘણા બધા બનાવો કુર્આન મુક઼દ્દસમાં અલ્લાહ તઆલાએ વર્ણન કર્યા છે પણ લખાણ લાંબુ થવાના ડરથી અમો અમુક બનાવો જ રજૂ કરીને સંતોષ લઈએ છીએ જેથી માનવાવાળાઓને નસીહત થઈ જાય.

હઝરત મૂસા علیہ السلامને બની ઈસ્રાઈલની તરફ મબ્ઊષ કરવામાં આવ્યા. એ વખતે બની ઈસ્રાઈલ ફિરઔનની તરફથી થતી તકલીફોમાં સપડાયેલા હતા. હઝરત મૂસા علیہ السلامની બઅષત પછી અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલને ફિરઔનીઓના સકંજાથી નજાત અતા કરી અને તેમને ખુશહાલી અતા કરી.

અલ્લાહ તઆલા ફર્માવે છે : ''અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી નજાત બખ્શી કે તમારા પર અઝાબ કરતા હતા. તમારા પુત્રોને ઝબહ કરતા તથા તમારી પુત્રીઓને જીવંત રાખતા, અને એમાં તમારા રબની તરફથી મહાન બલા હતી અને જ્યારે તમારા માટે દરિયો ફાડી આપ્યો તો તમને બચાવી લીધા અને ફિરઔનવાળાઓને તમારી આંખો સમક્ષ ડૂબાડી દીધા.'' *(સૂરએ બક઼રહ, પારા : ૧, આયત : ૪૯, ૫૦)*

થવું તો એવું જોઈતું હતું કે હઝરત મૂસા علیہ السلامના સદક઼ા તથા તુફૈલથી બની ઈસ્રાઈલની ક઼ૌમને ઈજ્જત, ખુશહાલી નસીબ થઈ તો તે બારગાહે મૂસા علیہ السلامમાં બાઅદબ રહેતા અને આપના ક઼દમોમાં જ પોતાની ભલાઈ તથા ઈજ્જત સમજતા, પણ **તેમની બુરી કિ઼સ્મત કે તેઓ હઝરત મૂસા علیہ السلامની શાનમાં ગુસ્તાખીમય અંદાઝમાં વિવિધ પ્રકારના વાંધાઓ કરી બેઠા અને અઝાબે ઈલાહીના શિકાર થઈને ઈબ્રતનો સામાન બની ગયા.** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

''અને યાદ કરો જ્યારે તમે કહ્યું, હે મૂસા ! અમે હરગિઝ ઈમાન લાવીશું નહીં તારા પર જ્યાં સુધી અમે ન જોઈ લઈએ અલ્લાહને જાહેર. તો આ ગુસ્તાખી પર વીજળીના ચમકારાએ પકડી લીધા, અને અમે તમને જોઈ રહ્યા હતા. *(સૂરએ બક઼રહ, પારા : ૧, આયત : ૫૫)* તેમજ ફર્માવ્યું :

''અને લાગુ કરી દેવામાં આવી તેમના પર બેઈજ્જતી તથા ગરીબી અને ગઝબે ઈલાહીના મુસ્તહિક થઈ ગયા. આ સર્વ કાંઈ એ કારણે હતું કે તેઓ ઈન્કાર કરતા રહેતા હતા અલ્લાહની આયતોનો અને ક઼ત્લ કરતા હતા અંબિયાને નાહક્ક઼, આ સર્વ કાંઈ એ કારણે હતું કે તેઓ નાફર્માન હતા અને હદથી વધી જતા હતા.''

*(સૂરએ બક઼રહ, પારા : ૧, આયત : ૬૧)*

ફઝીલત તથા ખુશહાલી મળ્યા બાદ જ્યારે ક઼ૌમે હઝરત મૂસા علیہ السلامને જૂઠલાવ્યા અને આપના પર વાંધો ઉઠાવનાર બનાવ્યા તો વીજળીના કડાકાના અઝાબમાં સપડાય ગયા અને **અલ્લાહે હમેશાં હમેશાંના માટે યહૂદી ક઼ૌમ પર ઝિલ્લત તથા ગુર્બત લાગુ કરી આપી.** આજે પણ દુનિયામાં સૌથી અધિક ગરીબ ક઼ૌમ યહૂદી ક઼ૌમ છે, અંબિયાને નાહક્ક઼ ક઼ત્લ કરવા તથા એમના પર એતરાઝ કરવાના કારણે. એ જ કારણે **આખી**

Web : www.barkatekhwaja.net

**દુનિયામાં યહૂદીઓની કોઈ મુસ્તક઼િલ (ફ઼ાયમી) હુકૂમત નથી.** બયતુલ મુક઼દ્દસ પર એમનો ગેરકાયદેસર ક઼બજો તો છે પણ તેને સંપૂર્ણ હુકૂમતનું નામ આપવું એ બુદ્ધિશાળીઓની શાનની વિરુદ્ધ છે.

## ★ આખરી નબી મુહમ્મદ મુસ્તફ઼ા ﷺની તાઝ઼ીમની તાક઼ીદ ★

અત્યાર સુધી અમુક અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامની શાનમાં બેઅદબીનો અંજામ આપ કુર્આનની રોશનીમાં પઢી ચૂક્યા છો. અલ્લાહ ﷻ પોતાના મહબૂબ મુહમ્મદ ﷺની ઉમ્મતને આ મુસીબતમાં ગિરફ઼તાર કરવા નથી ચાહતો એટલા માટે કુર્આને મુક઼દ્દસમાં તેણે મહબૂબ ﷺની અદબની તા'લીમ આપી કે મહબૂબ સાથે વાત કરો તો કેવી રીતે કરો, તેમની સાથે ચાલો તો કેવી રીતે ચાલો, તેમના ઘરે જાવ તો કેવી રીતે જાવ, કેટલીવાર રોકાવ, તેમને પુકારો તો કેવી રીતે પુકારો, બલ્કે અલ્લાહ ﷻએ કુર્આને મક઼દ્દસમાં પોતાના મહબૂબને પુકારવાનો અંદાઝ અતા કર્યો.

જેમ કે ફ઼ર્માવ્યું : "હે ઈમાનવાળાઓ ! 'રાઈ઼ના' ન કહો, અને આ પ્રમાણે અર્ઝ કરો કે હુઝૂર ! અમારા પર નજર રાખો, અને પહેલેથી જ ધ્યાનપૂર્વક સાંભળો અને કાફિરોના માટે દર્દનાક અઝાબ છે." (રાઈ઼નાનો એક અર્થ નબીની શાનને અપાત્ર થતો હતો જેથી આ હુકમ થયો) *(સૂરએ બક઼રહ, ૨/૧૦૪)*

તા'ઝીમે રસૂલની તા'લીમ આપતાં રબ ઈર્શાદ ફ઼ર્માવે છે : "રસૂલને પોકારવાને આપસમાં એવું ન ઠરાવી લો જેવું કે તમારામાં એકબીજાને પુકારે છે." *(સૂરએ નૂર, પારા : ૧૮, આયત : ૬૩)*

તેમજ ફ઼ર્માવ્યું : "હે ઈમાનવાળાઓ ! નબીના ઘરોમાં હાજર ન થાવ જ્યાં સુધી નિમંત્રણ ન પામો."

*(સૂરએ અહઝ઼ાબ, પારા : ૨૨, આયત : ૫૩)*

તેમજ ફ઼ર્માવ્યું : "તે જેઓ આ (રસૂલ) પર ઈમાન લાવે અને એમની તા'ઝીમ કરે અને એમને મદદ આપે અને એ નૂરની પયરવી કરે જે એમની સાથે ઉતર્યું તેઓ જ બામુરાદ થયા." *(સૂરએ અઅ્રાફ઼, પારા : ૯, આયત : ૧૫૭)*

તેમજ ફ઼ર્માવ્યું : "જેથી હે લોકો ! તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તા'ઝીમ તથા તૌક઼ીર કરો અને સવાર સાંજ તેની પાકી બોલો." *(સૂરએ ફ઼તહ, પારા : ૨૬, આયત : ૯)*

એક જગાએ ફ઼ર્માવ્યું : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ સાંભળનાર જાણનાર છે." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૧)*

એક જગાએ ફ઼ર્માવ્યું : "હે ઈમાનવાળાઓ ! તમારા અવાજો ઉંચા ન કરો એ ગયબ બતાવનાર (નબી)ના અવાજ કરતાં, અને એમની સમક્ષ વાત ચિલ્લાઈને ન કહો જેમ કે આપસમાં એકબીજા સમક્ષ ચિલ્લાવ છો, ક્યાંક તમારા અમલો બેકાર ન થઈ જાય." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૨)*

વધુમાં ફ઼ર્માવ્યું : "બેશક ! તેઓ જે તમને હુજરાઓથી બહાર પોકારે છે એમનામાં મોટાભાગે અક્કલવિહોણા છે." *(સૂરએ હુજુરાત, પારા : ૨૬, આયત : ૪)*

રબના ફ઼ર્માનોની જ અસર હતી કે સહાબાએ કિરામ નબી કરીમ ﷺની તાઝ઼ીમ કેવી કરતા હતા તેને ઉરવા બિન મસ્ઊદ ષકફ઼ી (હુદૈબિયામાં કાફિરોના પ્રતિનિધિ બનીને આવેલા)ની ઝબાની સાંભળો ! તે પોતાની ક઼ૌમને કહે છે :–

"હે ક઼ૌમ ! વલ્લાહ ! હું બાદશાહોના દરબારોમાં પ્રતિનિધિમંડળ લઈને ગયો છું. હું કૈસર તથા કિસ્રાના



Web.:www.barkatekhwaja.net

દરબારમાં હાજર થયો છું, પરંતુ ખુદાની કસમ ! મેં કોઈ બાદશાહ એવો નથી જોયો કે એના સાથી એની આ પ્રમાણેની તા'ઝીમ કરતા હોય જેવી કે મુહમ્મદ (ﷺ)ના સાથી તેમની તા'ઝીમ કરે છે. ખુદાની કસમ ! જ્યારે તે થૂકે છે તો તેમનું થૂક (મુબારક) કોઈ ન કોઈ માણસની હથેળી પર જ પડે છે જેને તે પોતાના ચહેરા તથા શરીર પર ઘસી લે છે. જ્યારે તે વુઝૂ કરે છે તો એવું મહેસૂસ થવા લાગે છે કે લોકો વુઝૂનું વપરાયેલ પાણી હાંસલ કરવા માટે એકબીજા સાથે લડવા મરવા માટે તૈયાર થઈ જશે. તેઓ એમની બારગાહમાં પોતાના અવાજો ધીરા રાખે છે અને અતિશય કક્ષાની તા'ઝીમના કારણે તેમની તરફ આંખ ભરીને નથી જોઈ શક્તા.

*(બુખારી શરીફ, કિતાબુશ્શરૂત, ભાગ : ૨, પેજ : ૩૦, હદીષ : ૪)*

## ★ રસૂલુલ્લાહને તકલીફ આપનાર માટે દર્દનાક અઝાબ ! ★

જેઓ હુઝૂર નબી કરીમ ﷺની ગુસ્તાખી કરીને તેમને તકલીફ આપે છે તેમના વિશે રબ તઆલા ફર્માવે છે: **وَالَّذِیْنَ یُؤْذُوْنَ رَسُوْلَ اللّٰہِ لَھُمْ عَذَابٌ اَلِیْمٌ ٥** "અને જેઓ રસૂલુલ્લાહને ઈજા આપે છે તેમના માટે દર્દનાક અઝાબ છે." *(સૂરએ તૌબા, પારા : ૧૦, આયત : ૬૧)*

બીજે ઠેકાણે ફર્માવ્યું : اِنَّ الَّذِیْنَ یُؤْذُوْنَ اللّٰہَ وَ رَسُوْلَہٗ لَعَنَھُمُ اللّٰہُ فِی الدُّنْیَا وَ الْاٰخِرَۃِ وَ اَعَدَّ لَھُمْ عَذَابًا مُّھِیْنًا۝

"બેશક ! જેઓ ઈજા આપે છે અલ્લાહ અને તેના રસૂલને **તેમના પર લઅનત છે દુનિયા તથા આખેરતમાં અને અલ્લાહે તેમના માટે બેઈજ્જતીનો અઝાબ** તૈયાર કરી રાખ્યો છે."

*(સૂરએ અહઝાબ, પારા : ૨૨, આયત : ૫૭)*

અને અબૂ લહબે ગુસ્તાખી કરી તો રબે ફર્માવ્યું :–

تَبَّتْ یَدَاۤ اَبِیْ لَھَبٍ وَّ تَبَّ۝ مَاۤ اَغْنٰی عَنْہُ مَالُہٗ وَ مَا کَسَبَ۝ سَیَصْلٰی نَارًا ذَاتَ لَھَبٍ۝ "તબાહ થઈ જાય અબૂ લહબના બંનેવ હાથ ! અને તે તબાહ થઈ જ ગયો. તેને કાંઈ કામ ન આવ્યો તેનો માલ અને ન જે કમાયો. હવે ધસે છે લપેટ મારતી આગમાં." *(સૂરએ લહબ, પારા : ૩૦, આયત : ૧ થી ૩)*

અને વલીદ બિન મુગીરા ગુસ્તાખ વિશે રબે ફર્માવ્યું : "અને દરેક એવાની વાત ન સાંભળશો જે ઘણો કસમો ખાનાર, ઝલીલ, ખૂબ જ ટોણા આપનાર, ખૂબ જ આમથી તેમની લગાડતો ફરનાર, ભલાઈથી ઘણો રોકનાર, હદથી વધનારો, ગુનેહગાર, ક્રોધી સ્વભાવનો, એ સૌથી વધીને એ કે તેની અસલમાં ખતા ! (એટલે હરામના નુત્ફાથી પેદા થનાર)." *(પારા : ૨૯, સૂરએ કલમ, આયત : ૮ થી ૧૩)*

આ આયતો ઘણી બધી વાતો પ્રતિ નિર્દેશ કરી જાય છે અને ગુસ્તાખોનાં દુર્ગુણો ઉઘાડા કરી રહી છે. સારાંશ કે જે કોઈ ગુસ્તાખી કરશે તે નચિંત ન રહે તેની કમ્બખ્તીની હવે શરૂઆત દુનિયાથી જ શરૂ થઈ જશે અને તેના માટે આખેરતના ભયાનક અઝાબની કલ્પના કરવી આપણા વશની બહારની વાત છે.

અને હાલ દુનિયામાં આગલા નબીઓની નાફર્માન ઉમ્મત પર જેવો સામૂહિક અઝાબ આવતો હતો તે પણ નથી આવતો એનું કારણ એ છે કે હુઝૂર ﷺ પોતાની કબ્રમાં ઝિંદા છે અને અલ્લાહે તેમને દુનિયાવાળાઓ પર રહમત બનાવીને મોકલ્યા છે, અને આપ આખરી નબી છે જેથી આપની મૌજૂદગીમાં સામૂહિક અઝાબ રબ તઆલા નથી મોકલતો, પણ ગુસ્તાખોને સજા જરૂર મળશે જ.

*–(કૌમોં કી તબાહી કે અસ્બાબ, અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના સૌજન્યથી)*

Web : www.barkatekhwaja.net



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


## સૂરએ માઈદાની તફસીર

હે રસૂલ ! صلی اللہ علیہ وسلم કુફ્ર પર દોડનારાઓ[૧૬૪] તને ચિંતિત ન કરે, અમુક તેઓ જે પોતાના મોઢેથી કહે છે કે, અમે ઈમાન લાવ્યા, ને તેમના હૃદયો મુસલમાન નથી[૧૬૫] અને અમુક યહૂદીઓ જૂઠ ખૂબ સાંભળે છે,[૧૬૬] બીજા લોકોનું ખૂબ સાંભળે છે[૧૬૭] જે તમારી પાસે હાજર થયા નથી. અલ્લાહની વાતોને તેમના સ્થાનો (માં બંધ બેસ્યા) પછી બદલી નાખે છે. કહે છે, આ હુકમ તમને મળે તો માનો, અને એ ન મળે તો વેગળા રહો[૧૬૮] અને જેને અલ્લાહ ભટકાવવા ઈચ્છે તો તું કદાપિ અલ્લાહ પાસે તેનું કંઈ બનાવી ન શકે. તેઓ છે કે અલ્લાહે તેમનું દિલ પાક કરવા ન ઈચ્છયું. તેમને દુનિયામાં અપમાન છે. અને તેમને આખિરતમાં મોટો અઝાબ (૪૧) મોટા જૂઠ સાંભળનાર, મોટા હરામ ખોર[૧૬૯] તો જો તમારી સેવામાં હાજર થાય[૧૭૦] તો એમનામાં ફૈસલો કરો અથવા એમનાથી મોઢું ફેરવી લો.[૧૭૧] અને જો તમે એમનાથી મોઢું ફેરવી લેશો તો તેઓ તમારું કશું બગાડી શકશે નહી[૧૭૨] જો તેમનો ફૈસલો કરો તો ન્યાયથી ફૈસલો કરો. બેશક ! ન્યાયવાળા અલ્લાહને પસંદ છે (૪૨) અને તેઓ તમારી પાસે કેમ કરી ફૈસલો માગશે ? તેમની

**આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.**

يٰۤاَيُّهَا الرَّسُوْلُ لَا يَحْزُنْكَ الَّذِيْنَ يُسَارِعُوْنَ فِي الْكُفْرِ
مِنَ الَّذِيْنَ قَالُوْۤا اٰمَنَّا بِاَفْوَاهِهِمْ وَ لَمْ تُؤْمِنْ قُلُوْبُهُمْ ۛۚ وَ
مِنَ الَّذِيْنَ هَادُوْا ۛۚ سَمّٰعُوْنَ لِلْكَذِبِ سَمّٰعُوْنَ لِقَوْمٍ
اٰخَرِيْنَ ۙ لَمْ يَاْتُوْكَ ؕ يُحَرِّفُوْنَ الْكَلِمَ مِنْۢ بَعْدِ مَوَاضِعِهٖ ۚ
يَقُوْلُوْنَ اِنْ اُوْتِيْتُمْ هٰذَا فَخُذُوْهُ وَ اِنْ لَّمْ تُؤْتَوْهُ
فَاحْذَرُوْا ؕ وَ مَنْ يُّرِدِ اللّٰهُ فِتْنَتَهٗ فَلَنْ تَمْلِكَ لَهٗ مِنَ اللّٰهِ
شَيْـًٔا ؕ اُولٰٓىِٕكَ الَّذِيْنَ لَمْ يُرِدِ اللّٰهُ اَنْ يُّطَهِّرَ قُلُوْبَهُمْ ؕ
لَهُمْ فِي الدُّنْيَا خِزْيٌ ۚۖ وَّ لَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿۴۱﴾
سَمّٰعُوْنَ لِلْكَذِبِ اَكّٰلُوْنَ لِلسُّحْتِ ؕ فَاِنْ جَآءُوْكَ فَاحْكُمْ
بَيْنَهُمْ اَوْ اَعْرِضْ عَنْهُمْ ۚ وَ اِنْ تُعْرِضْ عَنْهُمْ فَلَنْ
يَّضُرُّوْكَ شَيْـًٔا ؕ وَ اِنْ حَكَمْتَ فَاحْكُمْ بَيْنَهُمْ بِالْقِسْطِ ؕ
اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ﴿۴۲﴾ وَ كَيْفَ يُحَكِّمُوْنَكَ وَ
عِنْدَهُمُ التَّوْرٰىةُ فِيْهَا حُكْمُ اللّٰهِ ثُمَّ يَتَوَلَّوْنَ مِنْۢ بَعْدِ
ذٰلِكَ ؕ وَ مَاۤ اُولٰٓىِٕكَ بِالْمُؤْمِنِيْنَ ﴿۴۳﴾ اِنَّاۤ اَنْزَلْنَا التَّوْرٰىةَ فِيْهَا
هُدًى وَّ نُوْرٌ ۚ يَحْكُمُ بِهَا النَّبِيُّوْنَ الَّذِيْنَ اَسْلَمُوْا لِلَّذِيْنَ
هَادُوْا وَ الرَّبّٰنِيُّوْنَ وَ الْاَحْبَارُ بِمَا اسْتُحْفِظُوْا مِنْ كِتٰبِ
اللّٰهِ وَ كَانُوْا عَلَيْهِ شُهَدَآءَ ۚ فَلَا تَخْشَوُا النَّاسَ وَ اخْشَوْنِ
وَ لَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا ؕ وَ مَنْ لَّمْ يَحْكُمْ بِمَاۤ اَنْزَلَ

પાસે તવરાત હોવા છતાં, જેમાં અલ્લાહનો હુકમ મૌજૂદ છે.[૧૭૩] તે છતાં તેનાથી જ મોઢું ફેરવે છે.[૧૭૪] અને તેઓ ઈમાન લાવનાર નથી (૪૩) બેશક ! અમે તવરાત ઉતારી તેમાં હિદાયત અને નૂર છે. એના અનુસાર યહૂદીઓને અમારા ફર્માબરદાર નબી અને આલિમ અને ફક઼ીહ (જાણકાર) હુકમ આપતા હતા. કારણ કે તેમની પાસેથી અલ્લાહની કિતાબની હિફાઝત માગવામાં આવી હતી.[૧૭૫] અને તેઓ એના પર ગવાહ હતા. તો[૧૭૬] લોકોથી ન ડરો, અને મારાથી ડરો, અને મારી આયતોના બદલાઓમાં તુચ્છ કિંમત ન લો[૧૭૭], અને જે અલ્લાહના ઉતારેલા અનુસાર આદેશ ન આપે[૧૭૮] તે લોકો જ કાફિર છે (૪૪) અને અમે તવરાતમાં તેમના પર વાજિબ કર્યુ[૧૭૯] કે પ્રાણ ના બદલે પ્રાણ[૧૮૦] અને આંખના બદલે આંખ અને નાકના બદલે નાક અને કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને જખ્મોમાં (પણ) બદલો છે[૧૮૧] પછી જે હૃદયપૂર્વક બદલો કરાવી દે તો તે (અલ્લાહ) તેનો ગુનોહ ઉતારી દેશે.[૧૮૨] અને જે અલ્લાહના ઉતાર્યા અનુસાર આદેશ ન આપે તો તે લોકો જ જુલ્મી છે (૪૫)

**સમજૂતી :: ૧૬૪** : અલ્લાહ તઆલા સૈયદે આલમ ﷺને ''યાઅય્યુહર્રસૂલ''ના મોભાદાર સંબોધનથી સંબોધીને તસલ્લી આપે છે કે, હે હબીબ ! હું તમારો મદદગાર અને સહાયક છું મુનાફિકોના કુફ્રમાં ઉતાવળ કરવાથી અર્થાત તેઓ પોતે કાફિર છે એવી કૂબૂલાત કરવાથી અને કાફિરો સાથે તેમણે મિત્રતા અને સંબંધો બાંધી લીધાથી તમે રંજ ન કરો.

**૧૬૫** : આ તેમના નિફાક (દ્વિમુખીપણું)નું વર્ણન છે.

**૧૬૬** : પોતાના સરદારોનું, અને તેમના

اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ ﴿٤٤﴾ وَ كَتَبْنَا عَلَيْهِمْ فِيْهَآ اَنَّ النَّفْسَ بِالنَّفْسِ ۙ وَ الْعَيْنَ بِالْعَيْنِ وَ الْاَنْفَ بِالْاَنْفِ وَ الْاُذُنَ بِالْاُذُنِ وَ السِّنَّ بِالسِّنِّ ۙ وَ الْجُرُوْحَ قِصَاصٌ ؕ فَمَنْ تَصَدَّقَ بِهٖ فَهُوَ كَفَّارَةٌ لَّهٗ ؕ وَ مَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٤٥﴾

ગપાટાઓને સ્વીકારે છે.

**૧૬૭** : માશાઅલ્લાહ ! આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તદ્દન ખરો તર્જુમો કર્યો છે, આ જગ્યાએ અમુક તર્જુમો કરનારાઓ અને તફસીરકારોથી ભૂલ થઈ ગઈ છે. તેમણે ''લિકવમિન''ના ''લામ''ને કારણ દર્શક ઠરાવીને આયતનો અર્થ એ ઘટાવ્યો કે, મુનાફિકો અને યહૂદીઓ પોતાના સરદારોની જૂઠી વાતો સાંભળે છે, અને તમારી વાત બીજી કોમ માટે કાન દઈને સાંભળે છે, જેમના તેઓ જાસૂસ છે. પણ આ અર્થ ખરો નથી, અને કુર્આનની વાક્ય રચના એની સાથે તદ્દન મેળ ખાતી નથી. બલ્કે અહીં 'લાલ' મિમ' ના અર્થમાં છે, અને મતલબ એ છે કે એ લોકો પોતાના સરદારોની જૂઠી વાતો ખૂબ સાંભળે છે, અને લોકો એટલે કે ખયબરના યહૂદીઓની વાતોને ખૂબ માને છે, જેમની હાલતનું વર્ણન આયતમાં આવી રહ્યું છે. *(તફસીર અબૂ સઉદ, જુમલ વગેરે)*

**૧૬૮. શાને નુઝૂલ** : ખૈબરના યહૂદીઓના ખાનદાનના લોકોમાંથી એક પરિણીત પુરૂષ અને પરણિત સ્ત્રીએ વ્યભિચાર કર્યો. તવરાતમાં એની સજા પથ્થર મારીને મારી નાખવાની હતી. પણ એવું તેમને કરવું ન હતું. જેથી તેમણે ઈચ્છયું કે આ કેસનો ફૈસલો હુઝૂર ﷺ પાસે કરાવે. એટલા માટે પેલા બન્નેને એક ટોળી સાથે મદીના શરીફ મોકલ્યાં, અને કહ્યું કે જો હુઝૂર સંગસાર કરવાનું કહે તો ન માનશો. અને એનાથી ઓછી સજા કહે તો માની લેશો, પેલા લોકો બની કુરેઝા અને બની નુદેરના યહૂદીઓ પાસે આવ્યા, અને વિચાર્યું કે આ લોકો હુઝૂરના દેશબાંધવ

છે, અને હુઝૂર સાથે એમને સુલેહ પણ છે, માટે એમની ભલામણથી કામ બની જશે, અને બન્યુ એવું જ કે યહૂદી સરદારોમાં કઅબ બિન અશરફ, કઅબ બિન અસદ, સઈદ બિન અમ્ર, માલિક બિન સૈફ, કુનાના બિન અબીલ હકીક વગેરે તેમને લઈને હુઝૂરની સેવામાં હાજર થયા, અને મસઅલો પૂછયો. હુઝૂરે પૂછયું, મારો ફેંસલો માનશો ? તેમણે ? તેમણે હા પાડી, એટલે રજ્મની આયત ઉતરી, અને સંગસાર કરવાનો હુકમ આપવામાં આવ્યો. યહૂદીઓએ એ હુકમ માનવાનો ઈન્કાર કર્યો.

હુઝૂરે ફર્માવ્યું, તમારામાં એક યુવાન ગોરો અને એક આંખ વાળો ફિદકનો રહીશ છે જેનું નામ ઈબ્ને સુરીયા છે, તમે તેને ઓળખો છો ? કહ્યું, હા ! જરૂર. હુઝૂરે ફર્માવ્યું, તે કેવો માણસ છે ? પેલાઓએ જવાબ આપ્યું કે, આજે સમગ્ર ધરતી પર તેના જેવો કોઈ યહૂદી આલિમ નથી. તવરાતનો લાજવાબ જાણનાર છે. ફર્માવ્યું, તેને બોલાવો. એટલે તેને બોલાવવામાં આવ્યો. જયારે તે આવી ગયો, ત્યારે હુઝૂરે પૂછયું, તું ઈબ્ને સુરીયા છે ? તેણે કહ્યું, હા ! પૂછયું, આ મામલામાં એની વાત માનશો ? બધાએ હા પાડી. ત્યારે હુઝૂરે ઈબ્ને સુરીયાને કહ્યું કે હું તને અલ્લાહની કસમ આપુ છું જેના સિવાય કોઈ મઅબૂદ નથી. જેણે મૂસા પર તવરાત ઉતારી અને તમને લોકોને મિસરમાંથી છોડાવ્યા. તમારા માટે દરિયામાં માર્ગો બનાવ્યા, તમને છૂટકારો આપ્યો. ફિરઔનને ડૂબાડયો. તમારા માટે વાદળોનો છાંયડો બનાવ્યો. મન્ન ને સલ્વા ઉતાર્યા. પોતાની કિતાબ ઉતારી જેમાં હલાલ અને હરામનું બયાન છે. શું તમારી કિતાબમાં વ્યભિચારી પરણિત સ્ત્રી પુરૂષ માટે સંગસારનો હુકમ છે ? ઈબ્ને સુરીયાએ કહ્યું, બેશક છે ! અને તમે જે કહ્યું તેવા પ્રકારમાંથી કોઈ અઝાબ નાઝિલ થવાનો ભય ન હોત તો હું સ્વીકાર ન કરત, અને જૂઠ બોલી દેત, પણ એ કહો કે તમારી કિતાબમાં એનો શું હુકમ છે ? ફર્માવ્યું, **જયારે ચાર પરહેઝગાર વિશ્વાસપાત્ર ગવાહોની ગવાહીથી સ્પષ્ટ રીતે ઝિના સાબિત થઈ જાય, તો સંગસાર કરવું વાજિબ થઈ જાય છે.** ઈબ્ને સુરીયાએ કહ્યું, **ખુદાના સોગંદ ! આ પ્રમાણે જ તવરાતમાં છે.** હુઝૂરે સુરીયાને પૂછયું કે અલ્લાહના હુકમમાં ફેરફાર કઈ રીતે થયુ ? તેણે કહ્યું કે અમારો નિયમ એવો હતો કે **અમે કોઈ મોટા માણસને પકડતા તો છોડી દેતા અને ગરીબને સજા કરતા હતા.** જેથી આગળ પડતા લોકોમાં વ્યભિચાર ખૂબ ફેલાઈ ગયો, એટલા સુધી કે એક દિવસ બાદશાહના પિત્રાઈ ભાઈએ ઝિના કર્યો, પણ અમે તેને સંગસાર ન કર્યો, પછી બીજા એક માણસે તેના કુટુંબની એક સ્ત્રી સાથે ઝિના કર્યો, ત્યારે બાદશાહે તેને સંગસાર કરવાનો ઈરાદો કર્યો. તેનો કબીલો ઉઠયો અને કહ્યું કે જયાં સુધી બાદશાહના પિત્રાઈ ભાઈને સંગસાર ન કરાય ત્યાં સુધી એને સંગસાર કદાપિ કરવામાં નહીં આવે. ત્યારે અમે બધા ભેગા થઈને ગરીબ કે અમીર બધા માટે સંગસારને બદલે ચાલીસ કોરડાની સજા નક્કી કરી અને તેનું મોઢું કાળુ કરી ગધેડા પર બેસાડી ફેરવવામાં આવતો.

આ સાંભળી યહૂદીઓ ઈબ્ને સુરીયાને લડવા લાગ્યા કે તે બહુ ઉતાવળે હુઝૂરને બધું કહી દીધું, અને અમે તારી જેટલી તારીફ કરી તેને તું લાયક નથી ! ઈબ્ને સુરીયાએ કહ્યું, હુઝૂરે મને તવરાતની કસમ આપી. જો મને અઝાબ ઉતરવાનો ડર ન હોત તો હું આપને ખબર ન આપત. ત્યાર બાદ હુઝૂરના હુકમથી તે બન્ને ઝિનાકારોને સંગસાર કરાયા, અને આ આયત ઉતરી. *(ખાઝિન)*

**૧૬૯** : આ શબ્દો યહૂદીઓના હાકેમો માટે છે જેઓ લાંચ લઈને હરામને હલાલ કરી નાખતા અને શરીઅતના હુકમોને બદલી નાખતા હતા.

**મસ્અલો** : લાંચ લેવી અને આપવી બન્ને હરામ છે. હદીષ શરીફમાં લાંચ લેનાર અને દેનાર બન્ને પર લઅનત આવેલી છે.

**૧૭૦** : એટલે કે એહલે કિતાબ.

**૧૭૧** : સૈયદે આલમ ﷺને અધિકાર



Web.:www.barkatekhwaja.net

આપવામાં આવ્યો કે જો અહલે કિતાબ તમારી પાસે કોઈ કેસ લાવે તો આપને અધિકાર છે કે ફેંસલો કરો, કે ન કરો. અમુક તફસીરકારોનું કહેવું છે કે આ અધિકાર ''وَاَنِ احۡكُمۡ بَيۡنَهُمۡ'' વાળી આયતથી મન્સૂખ થઈ ગયો. ઈમામ અહમદે ફર્માવ્યું કે આ આયતોમાં કશો વિરોધાભાસ નથી. કારણ કે આ આયતથી અધિકાર સાબિત થાય છે, અને ''وَاَنِ احۡكُمۡ بَيۡنَهُمۡ۔۔۔الخ'' વાળી આયતમાં ફેંસલો કેવો કરવો તેનું બયાન છે. *(ખાઝિન, મદારિક, વગેરે)*

**૧૭૨ :** કારણ કે અલ્લાહ તઆલા આપનો નિગેહબાન છે.

**૧૭૩ :** કે પરિણિત સ્ત્રી પુરૂષના ઝિનાની સજા સંગસાર કરવાની છે.

**૧૭૪ :** અને તવરાત ઈમાન ધરાવવાના દાવેદારો પણ છે અને એમને એ પણ ખબર છે કે તવરાતમાં સંગસારનો હુકમ છે. તેને ન માનવો અને આપની નબુવ્વતનો ઈન્કાર કરવા છતાં આપની પાસે ફેંસલો કરાવવો એ ઘણી જ આશ્ચર્યજનક વાત છે.

**૧૭૫ :** કે એને પોતાના સીનાઓમાં જાળવી રાખે, અને એની તાલીમમાં લાગેલા રહે, જેથી તે કિતાબ ભૂલી ન જવાય અને એના આદેશો એળે ન જાય. *(ખાઝિન)*

**મસ્અલો :** આ આયતમાં જે કહેવામાં આવ્યું છે કે પહેલાંના નબીઓ તવરાત અનુસાર હુકમ આપતા હતા. તો એનાથી સાબિત થયું કે પહેલાંની શરીઅતોમાં જે હુકમ અલ્લાહ અને રસૂલે બયાન કર્યા, અને આપણને તે છોડી દેવાનો હુકમ ન મળ્યો હોય, અને મન્સૂખ પણ ન થયા હોય, તેવા હુકમો આપણને લાગુ પડે છે. *(જુમલ, અબૂ સઉદ)*

**૧૭૬ :** હે યહૂદીઓ ! તમે સૈયદે આલમ ﷺના ગુણો તેમજ વખાણ તેમજ સંગસારીનો જે હુકમ તવરાતમાં વર્ણવાએલ છે તેને જાહેર કરવામાં.

**૧૭૭ :** અર્થાત **ઈલાહી આદેશોમાં હેરફેર કરવાની કોઈ પણ રીતે મનાઈ છે, લોકોના ડર અને તેમની નારાજગીના કારણે હોય કે પછી માલ, મરતબો કે રૂશ્વતની લાલચમાં હોય.**

**૧૭૮ :** તેનો નકાર કરીને. (જેમ કે ઈબ્ને અબ્બાસે કહ્યું છે)

**૧૭૯ :** આ આયતમાં જો કે એનું વર્ણન છે કે તવરાતમાં યહૂદીઓ પર બદલો લેવાના આવા હુકમો હતા, પણ આપણને એ છોડી દેવાનો આદેશ મળ્યો નથી તેથી આપણા પર એ હુકમો લાગુ પડશે. કારણ કે આગલી શરીઅતોના જે હુકમો અલ્લાહ અને રસૂલના બયાનથી આપણને મળે, અને તે મન્સૂખ ન થયા હોય તે આપણા પર લાગુ પડે છે, જેવું કે ઉપરની આયતથી સાબિત થયું.

**૧૮૦ :** એટલે કે જો કોઈએ કોઈને મારી નાખ્યો તો તેનો જીવ મરાઈ ગએલાના જીવને બદલે લેવામાં આવશે. મરાઈ ગયેલ પુરૂષ હોય કે સ્ત્રી, સ્વતંત્ર હોય કે ગુલામ, મુસ્લિમ હોય ઝિમ્મી.

**શાને નુઝૂલ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે પુરૂષને સ્ત્રીના બદલામાં મારતા ન હતા, તેથી આ આયત ઉતરી. *(મદારિક)*

**૧૮૧ :** અર્થાત સરખાપણાનો ખ્યાલ રાખવો જરૂરી છે.

**૧૮૨ :** અર્થાત જે ખૂની અથવા ગુન્હો કરનાર પોતાના ગુન્હા પર શર્મિંદા થઈને ગુનાહના પરિણામ (અઝાબ)થી બચવા ખાતર રાજી ખુશી પોતાની ઉપર શરીઅતનો આદેશ લાગુ કરાવશે તો એ બદલો તેના ગુનાહનો કફ્ફારો બની જશે અને આખિરતમાં તેના પર અઝાબ નહીં થાય. *(જલાલૈન અને જુમલ)*

અમુક મુફસ્સિરોએ એનો મતલબ એવો કહ્યો છે કે કિસાસ (બદલા)નો હકદાર કિસાસ માફ કરી દેશે તો એ માફી તેના માટે કફ્ફારો છે. *(મદારિક)*

તફસીરે અહમદીમાં છે કે આ તમામ બદલાના હુકમો તે જ સમયે લાગુ થશે જ્યારે બદલો લેવાનો હકદાર માફ ન કરે, જો તે માફ કરી દેશે તો કિસાસ ઉતરી જશે. *(ક્રમશઃ)*

Web : www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### બાબુ મા યક્રઉ બઅ્દત્તકબીર[1] بَابُ مَا يَقْرَأُ بَعْدَ التَّكْبِيْرِ

### (તકબીર પછી શું પઢવામાં આવે ?)

**(વિભાગ : ૧) : ૧.** એટલે કે તકબીરે તહરીમા પછી અને સૂરએ ફાતિહાથી પહેલાં કઈ દુઆ પઢવી સુન્નત છે ? યાદ રાખશો કે એના બારામાં વિવિધ રિવાયતો છે. અમુકમાં اِنِّىْ وَجَّهْتُ وَجْهِىَ---الخ અમુકમાં سُبْحَانَكَ اللّٰهُمَّ અને અમુકમાં બીજી દુઆઓ. હક્ક એ છે કે નમાઝીને ઈખ્તિયાર છે કે ફર્ઝો તથા નફ્લો વગેરેમાં જે ચાહે દુઆ પઢે. سُبْحَانَكَ اللّٰهُمَّ ટૂંકી અને સમૃદ્ધ (જામેઅ) છે એ પઢવી બેહતર છે, એટલા માટે અહનાફ (હનફીઓ) મોટાભાગે سُبْحَانَكَ اللّٰهُمَّ પઢે છે. યાદ રાખશો કે નફ્લનો દરેક શફઅહ (બે રકાત) પૂરી નમાઝ છે, જેથી એમાં ત્રીજી રકાતમાં પણ સુબ્હાકલ્લાહુમ્મ..... પઢવું જોઈએ.

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફરમાવે છે કે નબી ﷺ તકબીર તથા કિ઼રાઅત દરમ્યાન કેટલા પ્રમાણમાં ખામોશ રહેતા હતા[1]. મેં કહ્યું, મારાં મા બાપ ફિદા થાય યા રસૂલલ્લાહ ! ﷺ આપની તકબીર તથા કિ઼રાઅતના દરમિયાન ખામોશી કેવી ? આપ એના બારામાં શું કહો છો ?[2] ફર્માવ્યું, હું કહું છું : ઈલાહી ! મારા તથા મારી ખતાઓની દરમિયાન એવી દૂરી કરી દે જેવી તેં પૂર્વ તથા પશ્ચિમના દરમિયાન દૂરી કરી[3]. ઈલાહી ! મને ગુનાહોથી એવી રીતે પાક તથા સાફ કરી આપ જેવી રીતે સફેદ કપડુ મેલથી પાક કરવામાં આવે છે[4] ઈલાહી ! મારી ખતાઓ (ગુનાહો) પાણી તથા બરફ અને કરાઓથી ધોઈ આપ[5]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે કુર્આનની તિલાવત પહેલાં ખામોશ રહેતા હતા. જોરથી ન કરતા હતા જેવું આવનારા કલામથી જાહેર થઈ રહ્યું છે.

**૨.** આ છે ઈશ્ક઼ તથા અદબનું સંગમ. સવાલથી પહેલાં પોતાની કુર્બાનીનો ઉલ્લેખ કર્યો પછી આપનો અમલ શરીફ પૂછયો, જેથી પોતે પણ તેની નક઼લ કરીને રહમતે ઈલાહીના મુસ્તહિક઼ થઈ જાય.

**૩.** એટલે કે મને ખતાઓથી ખૂબ જ દૂર રાખ અથવા જે ખતાઓ મારાથી થઈ ચૂકી તેને મારાથી દૂર કર. જેવી રીતે પૂર્વ પશ્ચિમથી નથી મળી શકતી એવી જ રીતે એ ખતાઓ મારાથી મળી ન શકે. પહેલી સ્થિતિમાં દુઆએ ઈસ્મત છે અને બીજી સ્થિતિમાં ઉમ્મતની તા'લીમ છે.

**૪.** યાદ રાખશો કે સફેદ કપડાને ખૂબ જ કાળજીપૂર્વક સાફ કરવામાં આવે છે, કેમ કે એનો મામૂલી ધબ્બો દૂરથી જોવા મળે છે, એટલા માટે સફેદ કપડાનો ઉલ્લેખ કર્યો.

Web.: www.barkatekhwaja.net

**૫.** એટલે કે મને તારી મગફેરત તથા રહમતના ઠંડા પાણીથી ગુસ્લ આપી દે જેનાથી પાકી પણ હાંસલ થાય અને ઠંડક તથા રાહત પણ. આ અજીબ પ્રકારની સરખામણી છે. યાદ રાખશો કે એમના જેવી સર્વ દુઆઓમાં આપને ગુનેહગારોને તા'લીમ આપવાનો હેતુ છે. નહીં તો હુઝૂર ﷺ દરેક રીતે તૈયબ તથા તાહિર (પાક, પવિત્ર) હતા અને રહેશે. હુઝૂર ﷺની શાન તો ઘણી જ બુલંદોબાલા છે, જેના પર હુઝૂર ﷺની નિગાહે કરમ થઈ જાય તે પણ પાક થઈ જાય. રબ ફર્માવે છે : وَيُزَكِّيهِمْ "અમારા નબી લોકોને પાક સાફ ફર્માવે છે."

*"હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે નમાઝને માટે ઉભા થતા, અને એક રિવાયતમાં છે કે જ્યારે નમાઝ શરૂ કરતા તો તકબીર બોલતા[૧]. એવું કહેતા કે મેં મારી જાતને એના પ્રતિ ધ્યાનિત કરી જેણે આસમાન તથા જમીનને પેદા કર્યા[૨]. હું બુરાઈઓથી બેઝાર છું. મુશ્રિકોમાંથી નથી[૩]. યકીનન ! મારી કુર્બાની[૪] મારી જિંદગી તથા મૌત અલ્લાહ રબ્બુલ આલમીનના માટે જેનો કોઈ શરીક નથી. મને એનો જ હુકમ આપવામાં આવ્યો. હું મુસલમાનોમાંથી છું[૫]. હે અલ્લાહ ! તું બાદશાહ છે, તારા સિવાય કોઈ મઅબૂદ નથી, તું મારો રબ છે, અને હું તારો બંદો છું. મેં મારી જાન પર જુલ્મ કર્યો અને મારી ખતાનો ઈક્રાર કર્યો, તું મારી સાથે સર્વ ખતાઓ બખ્શી દે તારા સિવાય કોઈ ખતાઓ (ગુનાહો) નથી બખ્શી શકતું[૬]. મને સારા અખ્લાક્ની હિદાયત આપ. તારા સિવાય કોઈ સારા અખ્લાક્ની હિદાયત નથી આપી શકતો. મારાથી બુરી આદતો દૂર રાખ, તારા સિવાય આ બુરાઈઓ કોઈ દૂર નથી રાખી શકતું[૭]. મૌલા ! હું હાજર છું, તારી ઈતાઅત (આજ્ઞાપાલન) માટે તૈયાર, સર્વ ભલાઈઓ તારા તાબા હેઠળ છે અને બુરાઈ તારા તરફ સંબંધિત નથી[૮]. હું તારા પર ભરોસો કરું છું, તારા તરફ વિનવણી કરું છું, તું બરકતવાળો બુલંદોબાલા છે, તારાથી માફી ચાહુ છું, તૌબા કરુ છું[૯] અને જ્યારે રુકૂઅ કરતા તો કહેતા, ઈલાહી ! તારા માટે રુકૂઅ કર્યો મેં, અને હું તારા પર ઈમાન લાવ્યો, તારો આજ્ઞાંક્તિ બન્યો, તારા હુઝૂર મારી શ્રવણ શક્તિ (સાંભળવાની શક્તિ) તથા મારી દૃષ્ટિ શક્તિ (જોવાની શક્તિ) તથા મારા સાંધાઓ તથા મારા હાડકાં, મારા પઠ્ઠા જે આજિઝ છે[૧૦]. પછી જ્યારે પોતાનુ માથુ ઉઠાવતા તો કહેતા, હે અલ્લાહ ! અમારા રબ ! તારી જ પ્રશંસા છે. આસ્માન તથા જમીન અને તેમના દરમિયાન ભરીને, અને એના સિવાય તે ચીજ ભરીને જેને તું ચાહે[૧૧]. અને જ્યારે સજદો કરે તો કહેતા, તારા માટે મેં સિજદો કર્યો, તારા પર ઈમાન લાવ્યો, તારો આજ્ઞાંક્તિ બન્યો. મારી જાતે તેને સજદો કર્યો જેણે એને પેદા કરી, તેને સૂરત બખ્શી અને તેના કાન તથા આંખો ચીરી. બરકતવાળો છે અલ્લાહ, બેહતરીન પેદા કરનાર[૧૨]. પછી છવટેમાં અત્તહિય્યાત અને સલામની વચ્ચે કહેતા, ઈલાહી ! મારી આગલી પાછલી છુપી જાહેર ખતાઓ તથા જે કાંઈ મેં ઝિયાદતીઓ કરી અને જેમને તું મારા કરતાં વિશેષ જાણે છે, બખ્શી આપ[૧૩] તું જ આગળ વધારનારો છે, તું જ પાછળ કરનારો છે[૧૪] તારા સિવાય કોઈ મઅબૂદ નથી. (મુસ્લિમ) અને શાફઈની રિવાયતમાં છે કે શર (બુરાઈ) તારા તરફ સંબંધિત નથી. હિદાયત પામેલ તે જેને તું હિદાયત આપે[૧૫]. મારો તારા પર ભરોસો અને તારા તરફ ધ્યાન, કોઈ પનાહની જગા નથી તારી જ તરફ, મારું તારા પર ઠેકાણુ છે, તું બરકતવાળો છે[૧૬]."*

**૧.** નિસાઈની રિવાયતથી સાબિત છે કે એ નમાઝ નફ્લ હતી. ઈબ્ને હબ્બાન તથા દારકુત્નીની રિવાયતથી માલૂમ પડે છે કે ફર્ઝ નમાઝ હતી. મુસ્લિમની આ રિવાયતથી જાહેર છે કે સરકારે મદીના દરેક નમાઝમાં આ દુઆ પઢતા હતા. મિર્કાતમાં છે કે આ દુઆઓ ઈસ્લામના શરૂમાં હતી, બાદમાં سُبْحَانَكَ اللّٰهُمَّ---الخ સામાન્યતઃ પઢતા હતા. જાહેર



web: www.barkatekhwaja.net

છે કે હુઝૂર ﷺ થોડાક બુલંદ અવાજથી પઢતા હતા, નહીં તો હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ને કેવી રીતે જાણ થતી.

**૨.** મુત્લક઼ન પેદા કરવાને ખલ્ક઼ કહેવામાં આવે છે અને મિષાલ વિના પેદા કરવાને (શોધ)ને ફિતરત. એટલે કે મારું જાહેર તથા બાતિન અમલ તથા નિય્યત અલ્લાહના માટે ખાલિસ કરી દીધાં. જરૂરી છે કે આ કહેતી વખતે ખૂબ જ ખુશૂઅ દિલમાં મૌજૂદ હોતો કે રબની સામે જૂઠો ન પડે.

**૩.** હનીફ હનફ (حنیف حنف)થી બન્યુ છે, મેલના અર્થમાં. હનીફ તે જે દરેક બુરા દીન તથા બુરા અમલ, બુરા વિચારો, બુરા લોકોથી અલગ હોય અને હક્ક઼ પર ક઼ાયમ હોય. હવે દીને ઈબ્રાહીમીને હનીફ કહેવામાં આવે છે. મુશ્રિકોથી મુરાદ કાફિરો છે. એના પરથી બે મસ્અલા જાણવા મળ્યા, એક એ કે ખરો મો'મિન અને ખાલિસ હોવું કમાલ છે, ખોટા હોવું અયબ છે. સાચુ સોનુ, ખાલિસ (પ્યોર) દૂધ ક઼દરને પાત્ર છે, એ જ પ્રમાણે ખરો મો'મિન ખાલિસ સુન્ની માનને પાત્ર છે. બીજુ એ કે પોતાના ઈમાનનું એલાન જરૂરી છે, ઈમાન છુપાવવું, તકીયા કરવું મના છે.

**૪.** انسک نسکۃ (અન્સક નસક)નું બહુવચન છે, ઈબાદતના અર્થમાં. ઈસ્તેલાહમાં (શરીઅતની ભાષામાં) હજજના અરકાન, કુર્બાનીના સંબંધી ઈબાદતને નસક કહેવામાં આવે છે. સામાન્યતઃ કુર્બાનીને નસક બોલે છે.

**૫.** મુસ્લિમથી મુરાદ "રબનો આજ્ઞાંકિત" છે. રબ ફર્માવે છે : فَلَمَّآ اَسْلَمَا وَتَلَّهٗ لِلْجَبِيْنِ "તો જ્યારે એ બંનેવે અમારા હુકમ પર ગરદન રાખી." (૩૭/૧૦૩, કન્ઝુલ ઈમાન) એટલે કે હું રબના ફર્માબરદારોમાંથી છું. અમુક રિવાયતોમાં છે, "એના અવ્વલુલ મુસ્લિમીન"માં પ્રથમ આજ્ઞાંકિત છું. નબી ﷺ પ્રથમ આબિદ તથા સાજિદ બંદા છે કે સૌથી પહેલાં હુઝૂર ﷺનું નૂર પેદા થયું જે હજારો વરસ રબની ઈબાદતમાં મશગૂલ રહ્યું. તેમજ મીષાક઼ના દરમિયાન સૌથી પહેલાં "બલા" હુઝૂરની જ રૂહ મુબારકે કહ્યું. સૌએ હુઝૂર ﷺથી સાંભળીને કહ્યું. આ અર્થમાં હુઝૂરના સિવાય કોઈ પહેલો મુસલમાન નથી. આપણે પોતાને પ્રથમ મુસ્લિમ આપણી ઔલાદ તથા આપણા હેઠળનાઓના લેહાઝથી કહી શકીએ છીએ. અથવા એ અર્થ થશે કે હે ખુદા ! તારા હુકમોનું આજ્ઞાપાલન હું પ્રથમ કરીશ ! *(અઝ : અશિઅહ)*

**૬.** યાદ રાખશો કે આ પ્રકારની સર્વ દુઆઓ ઉમ્મતની તા'લીમના માટે છે, નહીં તો હુઝૂર ﷺ ગુનાહોથી મહેફૂઝ છે અને આપની (બેખતા હોવા છતાં) ખતાઓની મગફિરત થઈ ચૂકી છે, જેનું એલાન કુર્આન શરીફમાં પણ થયું. જે આ પ્રકારની દુઆઓને જોઈને હુઝૂર ﷺને ગુનેહગાર માને તે બેદીન છે.

**૭.** અલ્લાહ તબારક વ તઆલાએ નબી ﷺને ઉચ્ચ કક્ષાના અખ્લાક઼ અર્પણ કર્યા અને દરેક બદ્‌ખુલ્ક઼ી (કુસંસ્કાર, બુરી આદત)થી મહેફૂઝ કર્યા છે : اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ પછી હુઝૂર ﷺનું આ દુઆ માગવું અડગતાની તલબના માટે છે. જેમ કે આપણે સૌ દુઆ કરીએ છીએ : اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ "હે અલ્લાહ ! અમને સીધા રસ્તે ચલાવ."

**૮.** જો કે દરેક સારા બુરાનો ખાલિક઼ અલ્લાહ તઆલા જ છે, પરંતુ આ બારગાહનો અદબ એ છે કે ખૈરને તેની પ્રતિ સંબંધિત કરવામાં આવે અને બુરાને આપણી તરફ. હઝરત ઈબ્રાહીમ ﷺએ ફર્માવ્યું, وَاِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ "જ્યારે હું બીમાર થાઉં છું તો તે મને શિફા આપે છે." બીમારીને પોતાની તરફ સંબંધિત કરી અને શિફાને રબની તરફ. ખિઝર ﷺએ ફર્માવ્યું, فَاَرَدْتُّ اَنْ اَعِيْبَهَا "મેં ચાહ્યું કે એ કશ્તી (નાવ)ને અયબદાર કરી દઉં." એટલા માટે રબ તઆલાને રબ્બુલ બયત, રબ્બે મુહમ્મદ કહે છે. રબ્બે કલાબ વગેરે કહેવું મના છે. જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે અને એ

હદીષની વિરુદ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે ભલાઈ તથા બુરાઈ રબની તરફથી છે, કે ત્યાં ખુલ્ક્ મુરાદ છે અને અહીં નિસ્બત મુરાદ છે.

**૯.** ખૈરની અધિકતા ખૈરની હમેશગીને બરકત કહેવામાં આવે છે અને વહેમ તથા ગુમાનથી ઊંચા હોવું તઆલા કહેવાય છે, એટલા માટે આ બે કલમાઓ રબની સાથે ખાસ છે. એમની શાન તો એ છે કે :–

*તૂ દિલમેં તો આતા હૈ સમઝમેં નહીં આતા–પહચાન ગયા મૈં તેરી પહચાન યહી હય*

ભૂતકાળના ગુનાહો પર નદામત તથા શર્મિંદગી અને ભાવિમાં ગુનાહોથી બચવાનો ઈરાદો એ તૌબા છે, અને માફી ચાહવું, ઈસ્તિગફાર છે. આપણે લોકો ગુનાહો કરીને તૌબા કરીએ છીએ અને ખાસ બંદાઓ ગુનાહ નથી કરતા અને તૌબા કરે છે. ખાસુલ ખાસ નેકીઓ કરે છે અને તૌબા કરે છે કે હે ખુદા ! તારી શાનને લાયક અમારાથી નેકી ન થઈ શકી. (શેઅર) زاہداں از گناہ توبہ کنند ۔ عارفاں از اطاعت استغفار

**અર્થાત** : ''ઝાહિદો ગુનાહથી તૌબા કરે છે અને આરિફો ઈતાઅત (માં ખામી)થી ઈસ્તિગફાર કરે છે.''

જેથી હુઝૂર ﷺની એ દુઆઓથી ધોકો ન ખાવ, તેમની તૌબા ઈસ્તિગફાર તેમની શાનને લાયક છે.

**૧૦.** એટલે કે મારો રુકૂઅ કેવળ જાહેર નથી બલ્કે દરેક અંગ તારી બારગાહમાં ઝુકેલો છે. યાદ રાખશો કે આંખનો રુકૂઅ ઔર છે કાનનો ઔર અને ગોશતનો ઔર છે, હાડકાં તથા ચામડીનો ઔર અને મજા તો ત્યારે જ છે કે જ્યારે માથાની સાથે દિલ પણ ઝુકે અને શરીરની સાથે જાન પણ. હુઝૂર ﷺનું આ ફર્માન પોતાના હાલનું વર્ણન હતું. એમના જ તુફૈલ અલ્લાહ આપણને પણ એવો રુકૂઅ નસીબ કરે. યાદ રાખશો કે અમુકની નજીક શ્રવણ શક્તિ દષ્ટિશક્તિ (સાંભળવાની શક્તિ જોવાની શક્તિ)થી અફઝલ છે. તેમનો માખઝ આ હદીષ છે કે હુઝૂર ﷺએ સમઅ (સાંભળવાની શક્તિ)ને બસર (જોવાની શક્તિ)થી પહેલાં વર્ણન કરી.

**૧૧.** એટલે કે હે મૌલા ! હું તારી હમ્દથી આજિઝ છું. તારી હમ્દથી જમીન તથા આસ્માન દરમિયાનનું વાતાવરણ, અર્શ તથા કુર્સી અને તેના તહતુષ્ષરા (પાતાળો)એ એ ચીજો ભરેલી છે જે મારા ઈલ્મથી પર છે. મિર્કાતે ફર્માવ્યું કે આ વાકય રબ તઆલાની અતિશય કક્ષાની હમ્દ છે અને પોતાની અતિશય કક્ષાની આજીજીનો સ્વીકાર છે. આવી હમ્દ ન હુઝૂર ﷺથી પહેલાં કોઈએ કરી હતી અને ન આપના પછી કોઈ કરી શક્શે. એટલા માટે હુઝૂર ﷺનું નામ ''અહમદ'' છે, પોતાના રબની ખૂબ જ હમ્દ કરનારો. અને ખબર નહીં ક્યામતના દિવસે હુઝૂર ખુદાની હમ્દ કેવી વર્ણન કરશે. રબે પણ હુઝૂર ﷺની એવી હમ્દ (પ્રશંસા) કરી અને પોતાની મખ્લૂક્થી એવી હમ્દ કરાવી જેનું દષ્ટાંત નથી, એટલા માટે હુઝૂર મુહમ્મદ છે, એટલે કે ખુદાના પ્રશંસા કરેલ. કાલે ક્યામતમાં હુઝૂર ﷺ અલ્લાહની હમ્દ કરશે અને સર્વ મખ્લૂક્ હુઝૂરની.

**૧૨.** અહીં ''ખાલિક઼ીન'' એ ''મુસવ્વિરીન''ના અર્થમાં છે એટલે કે સર્વ સૂરત બનાવવાવાળા કરતાં સારી સૂરત બનાવનાર રબ છે. ઈસા ﷺએ ફર્માવ્યું હતું : اَنِّیۡۤ اَخۡلُقُ لَکُمۡ مِّنَ الطِّیۡنِ کَہَیۡـَٔۃِ الطَّیۡرِ فَاَنۡفُخُ فِیۡہِ فَیَکُوۡنُ طَیۡرًۢا بِاِذۡنِ اللّٰہِ ''હું તમારા માટે માટીથી પક્ષી જેવી મૂરત બનાવું છું.'' (સૂરએ આલે ઈમરાન, ૩/૪૯) કુર્આને પાક ફર્માવે છે : وَّ تَخۡلُقُوۡنَ اِفۡکًا ''અને નર્યુ જૂઠ઼ુ ઘડે છે.'' (૨૯/૧૭, કન્ઝુલ ઈમાન) પેદા કરવાના અર્થમાં, ખુદા તઆલાની જ સિફત છે જેથી અર્થમાં ખાલિક્ તેના સિવાય કોઈ અન્યને નથી કહી શકાતુ.



Web : www.barkatekhwaja.net

**૧૩.** સુબ્હાનલ્લાહ ! આ અતિશય કક્ષાનો ઈસ્તિગફાર છે જેમાં દરેક પ્રકારની ગલતીઓથી માફી માગવામાં આવી છે. આ પણ આપણી તા'લીમના માટે છે કે આપણે ઘણા બધા ગુનાહ એવા પણ કરી લઈએ છીએ જે આપણને યાદ પણ નથી રહેતા અથવા શરૂથી આપણા ઈલ્મમાં નથી હોતા.

**૧૪.** કે જ્યારે ચાહે પોતાની ઈતાઅતની તૌફીક઼ આપીને ફરિશ્તાઓથી આગળ વધારી આપે, જેને ચાહે ભીખારી બનાવીને પાછળ હટાવી દે.

**૧૫.** આમ હિદાયત તથા ખાસ હિદાયત દીની તથા દુનિયવી તારા જ તરફથી છે. જેને તું હિદાયત ન આપે એની હિદાયત કોઈ માર્ગે જ નથી, જો કે ગુમરાહીનો પણ એ જ હાલ છે. પરંતુ બારગાહે ઈલાહીનો અદબ એ હતો કે તેની તરફ હિદાયત જ સંબંધિત કરવામાં આવે. યાદ રાખશો કે રબની તરફથી અમુક હિદાયતો જાનવરોને પણ મળી છે. અમુક કેવળ ઈન્સાનોને, અમુક કેવળ મુસલમાનોને, અમુક કેવળ અવલિયાને, અમુક કેવળ અંબિયાને, અમુક કેવળ હુઝૂર સૈયદુલ અંબિયા ﷺને. હિદાયતની વ્યાખ્યા તથા પ્રકારો અમારી તફસીરે નઈમી, સૂ. ફાતિહામાં જુઓ.

**૧૬.** એટલે કે જેને તું પકડે એને કોઈ છોડાવી નથી શકતુ અને જેને તું અઝાબ આપવા ચાહે તેને કોઈ બચાવી નથી શકતું. યાદ રાખશો કે અંબિયા તથા અવલિયાની પનાહ, એ જ પ્રમાણે મુજરિમનું હાકિમની પાસે અને બીમારનું ડોકટરની પાસે પનાહ લેવા જવું એ હક઼ીક઼તમાં રબની જ પનાહ છે. એઓ તેના બંદા છે અને તેના જ હુકમથી એમની પાસે જાય છે. રબ ફર્માવે છે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا "અને જો જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે." *(૪/૬૪, કન્ઝુલ ઈમાન)*

*(ક્રમશઃ)*

## *સુન્ની દા'વતે ઈસ્લામી સંચાલિત*

## મસ્જિદે ફાતિમા ઉર્ફ ક઼ાદરિયા મસ્જિદ/મદ્રસાનો જશ્ને ઈફતેતાહ

**ભરૂચ** : સરફરાઝ પાર્ક, મુન રેસીડન્સી સામે, જંબુસર રોડ પાસે, (રેલ્વેની પૂર્વમાં) ખાતે મજકૂર મસ્જિદનું નવેસરથી બાંધકામ પૂર્ણ થતાં તા. ૮–૬–૨૦૨૨, ૦૭ ઝીલ ક઼અદા, હિ.સ. ૧૪૪૩, બુધવારે મગરિબની નમાઝથી આલે રસૂલ, ઔલાદે ગૌષે આ'ઝમ, ખતીબે ઝી શાન હઝરત કિ઼બ્લા મૌલાના **સૈયદ અમીનઅલી ક઼ાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)ના મુબારક હસ્તે ભલી દુઆઓ સાથે ઈફતેતાહ કરવામાં આવી. અન્ય સાદાતે કિરામ, ઉલમાએ એઝામ, અઈમ્મા હઝરાત, હુફ્ફાઝે કિરામ, મુબલ્લિગીન તેમજ અવામે અહલે સુન્નતે ઉષ્માભેર હાજરી આપી હતી. મગરિબની નમાઝ હઝરત સૈયદ સાહબે પઢાવી બાદમાં હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ સીટી, ખતીબો ઈમામ પીર છત્તર મસ્જિદ)એ મસ્જિદની તામીરમાં હિસ્સો લેનાર સૌનો આભાર વ્યક્ત કરી સૌના માટે દુઆ ગુજારી હતી. ત્યાર બાદ મૌલાના આદિલ નજમી મિસ્બાહી હલદરવીએ *વસ્ફેરુખ ઉનકા....* આ'લા હઝરતની નઅત પેશ કરી હતી. બાદમાં હઝરત સૈયદ સાહબે બોધદાયક બયાન કરી સાચા મો'મિન બનવા અને મસ્જિદને આબાદ કરવા, સબ્ર તથા સલાત પર હાજરજનોનાં દિલોને ઝંઝોળતુ બયાન કર્યું હતું. છેવટમાં સૈયદ સાહબે આ કામે હિસ્સો લેનારાઓ માટે દુઆઓ ગુજારી. સલાતો સલામ બાદ હઝરત સૈયદ મન્સૂર આલમ સાહબની દુઆઓ પર ઈજતેમા ખત્મ થયો હતો. છેવટમાં મસ્જિદના મુકતદીઓ થકી ન્યાઝ પણ હાજરજનોને જમાડવામાં આવી હતી. આ બાંધકામ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" હેઠળ કરવામાં આવ્યું છે. મસ્જિદ/મદ્રસાના કામમાં હજીય લગભગ ૧૫ લાખની જરૂરત છે તો સખીદાતાઓ મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહ અથવા ઝકાતથી મદદ કરશો. *–તંત્રી*

Web.: www.barkatekhwaja.net

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ તાક઼િયા પોશીના પાત્ર કોણ ? ★

અઝીઝો ! પીરે તરીક઼તે જોઈએ કે તાક઼િયા પોશી (સૂફીઓની ટોપી=ખિલાફત)ની નવાઝિશ એ શખ્સ પર કરે જેનુ જાહેર તથા બાતિન રોશન હોય. જ્યારે કુલાહ પોશીના માટે કોઈ દરખાસ્ત કરે તો પ્રથમ મઅરેફતના નૂરની દૃષ્ટિ વડે મુરીદના દિલના મેલને દુનિયાની તમામ ગંદકીઓથી પાક તથા સાફ બનાવી દે જેથી તેનું જાહેર તથા બાતિન પવિત્ર થઈ જાય, અને કોઈ નાપાકી બાકી ન રહે પછી તેને કુલાહે ખિલાફતથી સરફરાઝ કરે, નહીં તો પોતે પણ ગુમરાહ થશે અને જે શખ્સ તેની ખિદમતમાં હુસ્ને ઈરાદત લઈને આવશે તે પણ બર્બાદ થશે. આ આટલી બધી કુલાહવાળા (ખિલાફત પામેલા) જેમને તમે પરેશાન હાલ, ખરાબ તથા બર્બાદ તથા નાને શબીના (રોજી રોટી)ના મોહતાજ દર બદર ભટકતા જોઈ રહ્યા છો એ એના કારણે જ તો છે કે એ લોકો બદદિયાનતીથી કુલાહ માથા પર તો રાખી લે છે અને તેનો હક્ક઼ અદા નથી કરતા. અને કુલાહ (ખિલાફત) તથા સૂફીઓને ગલી ગલી બેઈજ્જત કરતા ફરે છે. જેથી તેમનું તબાહ હાલ થવું અનિવાર્ય બાબત છે.

ફર્માવ્યું, અહલે તાક઼િયા તે ગિરોહ (વર્ગ) છે જેઓ ખુદા ﷻ સિવાય કોઈની સામે માથુ નથી ઝુકાવતા. જો તમે કુલાહ પોશ (ખિલાફત પામનારા) લોકોમાંથી કોઈને સમયના બાદશાહો (નેતાઓ) સામે હાથ બાંધીને માથુ નમાવેલા જુઓ તો તેની કુલાહ છીનવી લો, કેમ કે તેઓ આ અઝીમુશ્શાન કુલાહે ખિલાફતે રસૂલ ﷺના લાયક હરગિઝ નથી, જેને માથા પર સજાવીને પછી અમીરોના દરબારોમાં તેને બેઈજ્જત કરી રહ્યો હોય છે.

એકવાર ખ્વાજાએ અજલ સરઝી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો. આપનો એક મુરીદ હતો જે હમેશાં અમીરો તથા ઉમરાવોની સોહબતમાં રહેતો અને શયખથી પોતાનું આ કાર્ય છુપાવી રાખતો. જેથી એક દિવસ લોકોએ શયખે અજલ સરઝી رحمۃ اللہ علیہને ખબર આપી કે આપનો ફલાણો મુરીદ માલદારોની સોહબત અપનાવેલ છે. હઝરતની ઝબાનથી નીકળી ગયું, અમારા મશાઈખનો તાક઼િયા તેની ગરદન કેમ નથી તોડતો ?! હજી આ વાત હઝરતની ઝબાનેથી નીકળી જ હતી એવામાં તે મુરીદ છત પરથી પડયો અને તેની ગરદનનો મણકો તૂટી ગયો.

હઝરત કુત્બુલ અક઼તાબ ખ્વાજએ બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہ જો હજાર માણસો પણ તેમની ખિદમતે આલિયામાં હુસ્ને ઈરાદત માટે (મુરીદ થવા) આવતા તો કુલાહે સૂફિયાથી નવાઝી દેતા અને સાથોસાથ કહી દેતા, જો તમે લોકોએ અમારા મશાઈખે એઝામની આ કુલાહે મુબારકના તકાઝા પૂરા ન કર્યા અને એની શાનને લાયક કિરદાર ન અપનાવ્યો તો આ કુલાહ પોતે જ આપને ઘેરશે. પરંતુ હે દુરવેશ ! એમની કરામતની શાન હતી કે જે શખ્સને તાક઼િયા અર્પણ કરતા તો તે એક ક઼દમ પણ આદાબ



Web.: www.barkatekhwaja.net

(નિયમો)ની હદથી આગળ ન વધતો. આ કેવળ તેમની નજરની બરકત હતી.

અહલે તાક઼િયા (તાક઼િયાવાળા)ને સજા તો મળે છે પરંતુ તેમને ખબર નથી પડતી કે આ માર કયા કારણે પડી રહ્યો છે. જો માણસ તક઼િયા પોશીના હક્ક઼ો અદા કરતો રહે તો દૌલતે ઉઝમા (મહાન દોલત) સુધી પહોંચ હાંસલ કરી લે છે અને કદી કોઈ બલાનો શિકાર નથી થતો, નહીં તો દુનિયા તથા આખેરતમાં ઝલીલ તથા રુસ્વા (બેઈજ્જત) થાય છે.

**તાક઼િયાની ખૂબીઓ** : ફ઼ર્માવ્યું, હે દુરવેશ ! તાક઼િયાનાં ચાર ખાનાં હોય છે : પ્રથમ ખાન શરીઅતનું હોય છે, બીજુ ખાનુ તરીક઼તનું, ત્રીજુ ખાનુ મઅરેફ઼તનું, ચોથુ ખાનુ હક઼ીક઼તનું. જે શખ્સ આ ખાનાંઓની ખૂબીઓ પર અડગતાથી અમલ કરતો રહે છે. તે જ એ વાતને પાત્ર છે કે તે આ ચાર ખૂણીયા કુલાહ (ટોપી) માથે શોભાવે.

એકવાર લોકોએ પીરે તરીક઼ત હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہથી સવાલ કર્યો કે તાક઼િયા કયા લોકો પહેરવાને પાત્ર નથી ? ફ઼ર્માવ્યું, તે શખ્સ જે અઢાર હજાર દુનિયાઓ અને જે કાંઈ એમનામાં છે સૌથી દૂર ન થઈ જાય.

હે દુરવેશ ! જ્યાં સુધી તમે આ ચાર હાલતોમાં તમારી રક્ષા નહીં કરો ત્યાં સુધી કુલાહે દરવેશાં (ફ઼ક઼ીરોની ટોપી) પહેરવાને પાત્ર થશો નહીં : (૧) પોતાની નજરોને સર્વ એ ચીજોથી જેમને જોવું મના છે તેનાથી રોકી લે. (૨) પોતાના કાનોને સર્વે એ વાતોથી જેમને સાંભળવું મના છે તેનાથી બંધ કરી લે. (૩) પોતાની જીભને સર્વ તે કથનોથી જેમનુ કહેવું મના છે તેનાથી રોકાય જાય. (૪) પોતાના હાથો તથા પગોને તે સર્વ બાબતોથી જેમને કરવું મના છે તેનાથી દૂર રાખે. એવી સ્થિતિમાં કે જ્યારે આ ચાર હાલતો મયસ્સર થઈ જાય તો માણસ કુલાહ પોશીના લાયક થઈ જાય છે.

હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہનો ક઼ૌલ છે કે તાક઼િયા પહેરવું તે શખ્સનાં માટે જાઈઝ છે જે દુનિયા તથા જે કાંઈ તેમાં છે તેને ત્રણ તલાક઼ આપીને ફ઼ારિગ થઈ જાય.

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہની નજીક સાચો તાક઼િયા પોશ તે છે જે પોતાનું સર્વ કાંઈ ખુદાની રાહમાં ખર્ચી કાઢે, અને પોતાની પાસે એક તણખલુ પણ ન રહેવા દે.

હઝરત ખ્વાજા અબ્દુલ્લાહ સહલ તસ્તરી رحمۃ اللہ علیہએ એક જગાએ લખ્યું છે કે તાક઼િયા કુલાહે ચાર ખાના છે, જેમાં પ્રથમ ખાનુ અસ્રાર તથા અન્વારે ખુદાવંદી (ખુદાઈ રહસ્યો તથા નૂરો) માટે ખાસ છે. બીજુ ખાનુ મહોબ્બતનું છે, ત્રીજુ ખાનુ ઈશ્ક઼ તથા ઈશ્તિયાક઼ના માટે અને ચોથુ રઝા તથા એકરૂપતાનું છે. જ્યારે માણસ એ કુલાહ (ટોપી)ને માથા પર રાખે છે તો તેના દિમાગમાં આ ચાર વાતો બેઠેલી હોય છે. જ્યારે આ ઉચ્ચ ખૂબીઓ માણસને અર્પણ થાય તો તેણે નેઅમતોની ક઼દર કરવી જોઈએ અને કુલાહે સૂફ઼િયાનો પૂરો હક઼્ક઼ અદા કરવો જોઈએ.

એકવાર કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ અને હું એક મજલિસમાં મૌજૂદ હતા. કોઈ શખ્સે તાક઼િયાના બારામાં વાતચીત શરૂ કરી. હઝરત ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہએ ફ઼ર્માવ્યું, તાક઼િયા માણસની હમદર્દ તથા ગમખ્વાર દોસ્ત છે. હક઼્ક઼ના ઈશ્ક઼ તથા મહોબ્બતથી સજેલી હોય છે. રાહે સુલૂક (સૂફ઼ીપણાના માર્ગમાં) સાચો આશિક઼ તે જ છે જે એની ક઼દર સમજે છે. આ રૂબાઈ આપે પઢી :

چوں برسر خود نہادی آں مونسِ دُوست    می سوز ز عشقِ او کہ شوقست ہمہ

તાક઼િયા પોશીમાં ફ઼ક઼્ર તથા ઝુહદ (ફ઼ક઼ીરી તથા દુનિયાથી દૂરી) અપનાવવું એ સૌ શોખ તથા મહોબ્બતનો સબબ છે. મહબૂબના અસ્રારે જમાલ (જમાલ–ખૂબસૂરતીનાં રહસ્યો)ની જલ્વાગરી થવી એ દીદારના ઉમંગ (શોખ)નું જ પરિણામ છે. જ્યારે તેં આ કુલાહ (ટોપી)ને (હમદર્દ દોસ્તને) માથા પર સજાવી તો તેના ઈશ્ક઼માં સળગતો રહે, કે એ જ મહોબ્બત છે. (ક્રમશઃ)

Web.:www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા

## હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૪૩

**આપના આદેશો :** જ્યારે લોકોએ આપને સવાલ કર્યો કે ખુદાના માર્ગમાં ચાલનારાઓની શું હાલત થઈ ? ફર્માવ્યું કે તેઓ દરેક સમયે ખુદાની તલબમાં મશગૂલ રહે છે. ફર્માવ્યું કે આપણને કષીર (પુષ્કળ) ઈલ્મને બદલ થોડા અદબની અધિક જરૂરત છે, અને લોકો અત્યારે અદબની તલાશમાં છે, જ્યારે કે અદબવાળા દુનિયાથી વિદાય થઈ ચૂક્યા. જો કે મશાઈખે, અદબની ઘણી વ્યાખ્યાઓ કરી છે, પણ મારી નજીક અદબ નામ છે નફસને ઓળખવું. ફર્માવ્યું કે એક દિરહમ કર્ઝે હસના આપવો એ એક હજાર દીનાર ખૈરાત કરી દેવા કરતાં અધિક સવાબનો સબબ છે અને નાજાઈઝ માલનો એક હિસ્સો લેનાર પણ તવક્કુલથી મેહરૂમ રહે છે. અને તવક્કુલ તે છે જેને તમારો નફ્સ નહીં ખુદા તઆલા તવક્કુલ ગણે. અને તવક્કુલ રોજી કમાવાની મહેનતની વિરુદ્ધ નથી, બલ્કે રોજી કમાવી અને તવક્કુલ બંનેવ ઈબાદતમાં સામેલ છે. અને તવક્કુલવાળાઓએ એટલી બચત કરી લેવી કે જે એમની બીમારી તથા મૃત્યુમાં કામ આવી શકે, એ અયબવાળુ નથી. ફર્માવ્યું કે જેને દુનિયાવાળાઓ ઈજ્જત તથા કદરની નજરથી જોતા હોય તેણે જોઈએ કે તે પોતાને તુચ્છ સમજે અને ખુદફરેબીમાં ન પડે.

જ્યારે લોકોએ સવાલ કર્યો કે દિલનો ઈલાજ કેવી રીતે કરવામાં આવે ? ફર્માવ્યું કે કુર્બે ઈલાહી (ખુદાથી નઝદીકી) અને લોકોથી દૂરી અપનાવીને. ફર્માવ્યું કે તવાઝોઅ (પોતાને તુચ્છ જાણી આજીજી અપનાવવી)નો ભાવાર્થ એ છે કે માણસ અમીરો સાથે ગુરૂર અને ગરીબો સાથે આજીજીપૂર્વક પેશ આવે. અને જે દુનિયવી મર્તબાઓના એતબારથી તમારાથી વધીને હોય તેની સાથે તકબ્બુરથી પેશ આવો. અને જે તમારાથી કમતર હોય તેની સાથે આજીજી અપનાવો. ફર્માવ્યું કે જેની રજા (ઉમ્મીદ)માં ખૌફનું તત્વ ન હોય તે ઘણુ જ જલ્દી ખત્મ થઈ જશે. ફર્માવ્યું કે જાહેરી તથા બાતિની મુરાકેબાનો મતલબ એ છે કે જે દિલથી ડરને દૂર કરીને સુકૂન અતા કરી દે.

**ગીબતની બુરાઈ વિશે :** જ્યારે લોકોએ આપની મજલિસમાં ગીબત પર બહષ કરી તો આપે ફર્માવ્યું કે, જો માણસ ગીબત જ કરવા ચાહે તો પ્રથમ પોતાનાં માબાપની ગીબત કરે, કેમ કે એમના ગુનાહો એટલા અધિક છે કે ઔલાદની નેકીઓ તેમના આમાલનામામાં લખવામાં આવે છે.

કોઈકે આપને અર્ઝ કરી કે, હું એવા ગુનાહમાં સપડાય ગયો છું જેને શર્મિંદગીના કારણે આપની સમક્ષ નથી બતાવી શક્તો ? પરંતું અતિ આગ્રહ બાદ તેણે કહ્યું કે, હું ઝિનામાં પડી ચૂક્યો છું. આપે ફર્માવ્યું કે, હું તો એ ખયાલમાં હતો કે કદાચ ગીબતનો ગુનોહ કર્યો છે ! કેમ કે ઝિનાનો સંબંધ તો ખુદાના ગુનાહથી છે જે તોબા બાદ માફ પણ થઈ શકે છે, પરંતુ ગીબત બંદાનો ગુનોહ છે જેને બંદો માફ નથી કરતો.

આપને ત્યાં કોઈ મહેમાન આવી ગયો, અને એ વખતે આપને ત્યાં કાંઈ પણ હાજર ન હતું. પરંતું આપે પોતાની પત્નીને કહ્યું કે મહેમાન ખુદાનો મોકલેલો હોય છે જેથી મહેમાનદારીમાં કોઈ પ્રકારની ઉણપ ન કરશો. પણ તેણીએ આપના હુકમનું પાલન ન કર્યું. જેથી એ શરઈ હુકમ હેઠળ કે જે સ્ત્રી પતિનો હુકમ ન માને તેણીને તલાક આપી દેવી જોઈએ. આપે પણ મહેર અદા કરીને

❑ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❑ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

Web.: www.barkatekhwaja.net

પોતાની પત્નીને તલાક આપી દીધી.

એક દિવસ આપની વઅઝની મજલિસમાં કોઈ અમીરઝાદી શરીક થઈ અને વઅઝથી એટલા પ્રમાણમાં પ્રભાવિત થઈ કે પોતાના માબાપને કહી આપ્યું કે મારો નિકાહ અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકથી કરી દો. અને માબાપે પણ ખુશ થઈને નિકાહ કરાવીને પુત્રી આપની સાથે કરી આપી. તે ઉપરાંત પચાસ હજાર દીનાર પણ પુત્રીને આપ્યા. પછી નિકાહ બાદ આપે ખ્વાબમાં જોયું કે અલ્લાહ તઆલા ફર્માવે છે, તેં અમારી ખુશનૂદીમાં પત્નીને તલાક આપી દીધી હતી જેથી અમે એનાથી બેહતર તને બીજી પત્ની અર્પણ કરી દીધી, જેથી તું સારી રીતે અંદાઝો કરી શકે કે ખુદાને ખુશ કરનાર કદી નુકસાનમાં નથી રહેતા.

મૌતથી પહેલાં આપે આપનો સર્વ માલ સામાન ગરીબોમાં વહેંચી આપ્યો. અને જ્યારે એક મુરીદે સવાલ કર્યો કે આપની ત્રણ પુત્રીઓ છે તેમના માટે શું છોડયું ? ફર્માવ્યું કે એમના માટે ખુદાને છોડી આપ્યો છે. કેમ કે જેનો કફીલ ખુદા હોય તેણે અબ્દુલ્લાહની શું જરૂરત છે ?! મૃત્યુ પહેલાં આપે આંખો ખોલીને હસતાં હસતાં ફર્માવ્યું કે, "અમલ કરનારાઓએ આવો જ અમલો કરવો જોઈએ." પછી આપનો ઈન્તેકાલ થઈ ગયો. અને કોઈએ હઝરત સુફયાનને ખ્વાબમાં જોઈને પૂછયું કે અલ્લાહ તઆલાનો આપની સાથે કેવો મામલો રહ્યો ? ફર્માવ્યું કે, તેણે મારી મગફિરત કરી આપી. પછી તેણે સવાલ કર્યો કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક કઈ હાલતમાં છે ? ફર્માવ્યું કે એમની ગણના તો એ જમાઅતમાં છે જેઓ દિવસમાં બે વાર હુઝૂરીનો શરફ હાંસલ કરે છે.

## ભરૂચમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા બનામે ઈસ્લાહે મુઆશરા કોન્ફ્રન્સ

**ભરૂચ** : (હુસૈનિયા–૨) ખાતે તા. ૮–૬–૨૦૨૨, ૭ ઝી કઅદા, હિ.સ. ૧૪૪૩, બુધવારના રોજ ઈશાની નમાઝ બાદ શાન સુન્ની ઈજતેમા બનામે ઈસ્લાહે મુઆશરા કોન્ફ્રન્સ યોજાયો જેમાં સુન્ની ભાઈઓ બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. નાઝિમે ઈજલાસ મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાવાળા (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ સીટી, ખતીબો ઈમામ પીર છત્તર મસ્જિદ)એ પોતાની આગવી ઢબથી નિઝામત સંભાળી હતી. શરૂમાં ફાઝિલે નવજવાન મુફ્તી સલીમ નજમી મિસ્બાહી પીપળીયાવાળા (ખતીબો ઈમામ મુમતાજ પાર્ક મસ્જિદ)એ ઈલ્મી ઈસ્લાહી રૂહાની બયાન કર્યું હતું. ત્યાર બાદ હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)ના બયાન પહેલાં જનાબ સૈયદ અબ્દુર્રઉફ હાડગુડવાળા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કલામે નૂરી....બહારે જાંફિઝા તુમ હો.....ખૂબસૂરત અંદાઝમાં પેશ કરેલ. બાદમાં હઝરત સૈયદ સાહબે ઈમાનની મજબૂતી તથા અમલોની ઈસ્લાહ બાબતે ઈશ્કે મુસ્તફાથી લબરેઝ અંદાઝમાં દિલોને અસર કરતું, ઈશ્કે મુસ્તફાથી દિલોને તર કરતું તથા ઈમાન અને અમલ પર અડગતાથી રહેવા પ્રેરતું બયાન કર્યું હતું. મકામે મુસ્તફા ﷺ વિશે વાત કરતાં કહ્યું કે નબી પાક ﷺના મકામને આપની હકીકતને હઝરત જિબ્રઈલ علیہ السلام નથી જાણી શક્યા, ખુદ હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે સિદ્દીક ! મારી હકીકતને મારા રબ સિવાય કોઈ જાણતુ નથી, તો પછી આજકાલનો કોઈ ગૈર કેવી રીતે જાણી શકે છે ! ગુસ્તાખી કરનારાને સંદેશ આપ્યો કે અમારો મહેબૂબ ﷺ એટલો સારો છે, એટલો સારો છે કે તમારી કિતાબોમાં પણ એમનો ઉલ્લેખ પ્રશંસાની સાથે છે, એના પ્રતિ પણ ધ્યાન કરો, તેમજ ખુદાની ગયબી મદદના ઈચ્છુક મુસલમાનોને "મો'મિન" કોને કહેવાય તે કુર્આની આયતોથી સમજાવી સાચા મો'મિન બનવા તાકીદ કરી હતી, વગેરે. છેવટમાં હઝરત સૈયદ મન્સૂર આલમ સાહબે દુઆ ગુજારી હતી.

Web : www.barkatekhwaja.net

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## મકરૂહ સોદાનું બયાન

મકરૂહ સોદાની પણ શરીઅતમાં મના છે અને વેચાણ કરવાવાળો ગુનેહગાર છે. જો કે મના હોવાનું કારણ સોદાની ઘડી કે તંદુરસ્ત શરતોમાં નથી એટલા માટે ફુકહાએ કિરામે એનો મર્તબો ફાસિદ વેચાણ કરતાં ઓછો રાખ્યો છે. એ વેચાણને પણ રદ કરવાનો કેટલાક ફુકહાએ કિરામ હુકમ આપે છે. ફર્ક એટલો છે કે ફાસિદ વેચાણને જો સોદો કરનારા રદ ન કરે તો કાઝી જબરદસ્તીથી રદ કરી દેશે અને મકરૂહ વેચાણને કાઝી રદ કરશે નહીં બલ્કે સોદો કરનારાઓની ઈમાનદારીપૂર્વક રદ કરવાની જવાબદારી છે. ફાસિદ વેચાણમાં કબ્જો લીધા સિવાય થાય છે જ્યારે આમાં કિંમત વાજિબ થાય છે. ફાસિદ વેચાણમાં કબ્જો લીધા સિવાય માલિક બની શક્તા નથી જ્યારે આમાં ખરીદનાર કબ્જો લેતા પહેલાં માલિક બની જાય છે. *(દર વ રદ)*

**મસ્અલા** : જુમ્આની અઝાનની શરૂઆતથી નમાઝ પૂરી થતા સુધી વેચાણ કરવું મકરૂહે તહરીમી છે અને **અઝાનનો મતલબ પહેલી અઝાન છે**, કેમ કે તે સમયે સઈ (દોડ ધૂપ) વાજિબ થઈ જાય છે પરંતુ જે લોકો પર જુમ્આ વાજિબ નથી, જેમ કે ઓરતો યા બીમાર તેમના વેચાણમાં કોઈ કરાહત (વાંધો) નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : **સંગ્રહખોરી** મના છે અને સખત ગુનોહ છે. સંગ્રહખોરીનો પ્રકાર એ છે કે **ઘટતા ભાવના સમયે અનાજ ખરીદી લે અને તેનું વેચાણ ન કરે, બલ્કે રોકી રાખે, એ કારણ કે લોકો જ્યારે ખૂબ પરેશાન થશે ત્યારે ખૂબ મોંઘા ભાવે વેચાણ કરીશ.** અને **જો એ હાલત ન હોય બલ્કે** ફસલમાં અનાજ ખરીદી લે છે અને મૂકી રાખે છે, કેટલાક સમય પછી જ્યારે ભાવ વધે ત્યારે વેચે છે તો **એ સંગ્રહખોરી નથી** અને એની મના પણ નથી.

**મસ્અલા : પોતાની જમીનનું અનાજ રોકી રાખવું એ સંગ્રહખોરી નથી.** હા ! જો એ ભાવ વધારાના (મોંઘવારીના) કે અછતના ઈન્તેજારમાં છે તો એ બુરી નિય્યતને કારણે ગુનેહગાર થશે અને આવી હાલતમાં પણ જો આમ લોકોને અનાજની જરૂરત હોય અને અનાજ ન મળતું હોય તો કાઝી એને વેચવા માટે મજબૂર કરશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : બાદશાહને પ્રજાની હાલાકીનો અંદેશો હોય તો સંગ્રહખોરો પાસેથી લઈને પ્રજાને વહેંચી આપે પછી જ્યારે તેમની પાસે અનાજ થઈ જાય ત્યારે જેટલુ લીધું હોય તે પાછુ આપી દે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઈમામ અર્થાત બાદશાહે અનાજ વગેરેનો ભાવ નક્કી કરી દેવો એટલા માટે કે જે ભાવ નક્કી કર્યો છે તેનાથી વધારે કે ઓછા ભાવે વેચાણ ન થાય, તો એ દુરસ્ત નથી.

**મસ્અલા** : જો વેપારીઓએ વસ્તુઓનો ભાવ ખૂબ વધારી દીધો હોય અને ભાવ નક્કી કર્યા વગર કામ ચાલી શકે એમ ન હોય તો લોકોનો મશ્વેરો લઈ કાઝી ભાવ નક્કી કરી શકે છે અને નક્કી કરેલા ભાવ મુજબનું જે વેચાણ થશે તે વેચાણ જાઈઝ છે. એ વેચાણને મકરૂહ વેચાણ કહી શકાશે નહીં. કેમ કે અહીં વેચાણ પર નાખુશી નથી (નાખુશીનું વેચાણ નથી). કાજીએ એમને વેચવા માટે મજબૂર કર્યા નથી બલ્કે એમને અખત્યાર છે કે પોતાની ચીજ વેચે કે ન વેચે ફકત એટલું જ કરેલું છે કે જો વેચવામાં આવે તો આ પ્રમાણેનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે, એનાથી મોઘું ન વેચે. *(હિદાયા)*

**મસ્અલા** : માણસોના ખાવાની ચીજો અને જાનવરોના ઘાસચારામાં આગળ કહેવામાં આવ્યું તેવી હાલતમાં ભાવ નક્કી કરવા જાઈઝ છે અને બીજી ચીજો માટે પણ હુકમ એ છે કે જો વેપારીઓએ ભાવ ખૂબ વધારી દીધો હોય તો એમાં પણ ભાવ નક્કી કરી શકાય છે. *(દુર્રે મુખ્તાર)*

*ક્રમશઃ*

Web.:www.barkatekhwaja.net

## નમાઝે જનાઝા કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ
હપ્તો : ૧૭

**૧૦. અગર મરા હુવા બચ્ચા પૈદા હો તો ક્યા ઉસે કૃબ્રિસ્તાન મેં દફ્ન નહીં કર સકતે?**

જો બચ્ચા મરા હુવા પૈદા હોતા હૈ ઉસકે હવાલે સે કુછ લોગો મેં યે ગલત ખયાલ પાયા જાતા હૈ કે ઉસે મુસલમોનોંકે કૃબ્રિસ્તાન મેં દફન નહીં કર સકતે, બલ્કે દુસરી જગહ દફન કિયા જાએ. યે સરાસર ગલત હૈ. હુકમે શરીઅત તો યહી હૈ કે ઉસ બચ્ચે કો ભી મુસલમાનોં કે કૃબ્રિસ્તાન હી મેં દફન કિયા જાએ. ચુનાચેં "આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન" رحمۃ اللہ علیہ સે પૂછા ગયા : કે અકષર દેખા ગયા, મરા હુવા બચ્ચા કિસી કે પૈદા હોતે હી ઉસકો હાંડી મેં રખકર કૃબ્રિસ્તાનસે અલાહિદા દફન કરતે હૈં ઔર કેહતે હૈં યે પક્કા મસાન હૈ, ઉસસે એહલે હુનૂદકી તરહ બચતે હૈં, યે ક્યૂં કર હૈ ?" ઈસ કે જવાબ મેં આપને તેહરીર ફર્માયા :

"યે શૈતાની ખયાલ હૈ, ઉસે મુસલમાનોં કે કૃબ્રિસ્તાન હી મેં દફન કરેં."

*(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૯, સફહા : ૩૯૦)*

**૧૧. ક્યા જબ ભી કૃબ્રિસ્તાન મેં જાએં તો કૃબ્ર પર પાની ડાલના બેહતર હૈ ?**

હમારે યહાં યે એક આમ રિવાજ હૈ કે જબ ભી કૃબ્રિસ્તાન જાએ તો કૃબ્ર પર પાની ડાલતે હૈ ઔર આમ તોર પર યહી સમજા જાતા હૈ કે કૃબ્ર પર પાની ડાલના મુતલક્ન અચ્છા ઔર બેહતર હૈ, જબ કે ઐસા નહીં હૈ, કૃબ્ર પર પાની ડાલને કે હવાલે સે હુકમે શરઅકી તફસીલ કુછ ઈસ તરહ હૈ કે : મય્યિતકો દફન કરને કે બાદ કૃબ્ર પર પાની ડાલના સુન્નત હૈ ફિર ઉસકે બાદ યે હુકમ હૈ કે જબ પાની ડાલનેકી ઝરૂરત હો, જૈસા કે નઈ મિટ્ટી ડાલી ગઈ ઉસકો જમાનેકે લિયે યા મિટ્ટી ફેલ રહી હૈ ઉસકો જમાનેકે લિયે યા કૃબ્ર પર ઘાસ વગૈરા હૈ ઉસકો તાઝા રખને કે લિયે પાની ડાલનેકી ઈજાઝત રહેગી. યાની કોઈ દીની યા દુન્યવી ફાઈદા હૈ તો પાની ડાલના જાઈઝ હૈ વરના બગૈર ઝરૂરત પાની ડાલના બર્બાદ કરના હૈ ઔર પાની ઝાએઅ વ બર્બાદ કરના જાઈઝ નહીં.

લિહાઝા યે ખયાલ ગલત હૈ કે હર વક્ત ઔર હમેશા કૃબ્ર પર પાની ડાલના મુસ્તહબો બેહતર હૈ.

"ફતાવા રઝવિય્યા" મૈં હૈ :

"બાદે દફન કૃબ્ર પર પાની છિળકના મસ્નૂન હૈ ઔર અગર મુરૂરે ઝમાનાસે (યા'ની ઝમાના ગુઝર જાનેકી વજહ સે) ઉસકી ખાક મુન્તશિર હો ગઈ હો ઔર નઈ ડાલી ગઈ યા મુન્તશિર હો જાનેકા એહ્તિમાલ હો તો અબ ભી પાની ડાલા જાએ કે નિશાની બાકી રહે ઔર કૃબ્ર કી તૌહીન ન હોને પાએ. ઈસ કે લિયે કોઈ દિન મુઅય્યન નહીં હો સકતા, જબ હાજત હો ઔર બે હાજત પાની કા ડાલના ઝાએઅ કરના હૈ ઔર પાની ઝાએઅ કરના જાઈઝ નહીં. *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૯, સફહા : ૩૯૩)*

**૧૨. ક્યા કૃબ્ર પર લગી હૂઈ ઘાસ કાટના જાઈઝ હૈ ?**

કૃબ્ર પર લગી હૂઈ ઘાસ કે બારે મેં ઉમૂમી તોર પર યે ખયાલ પાયા જાતા હૈ કે ઉસે કાટના મુતલક્ન જાઈઝ હૈ. જબ કે શરીઅત કે એતેબાર સે ઐસા નહીં હૈ, બલ્કે હુકમ યે હૈ કે કૃબ્ર પર લગી હુઈ તરોતાઝા ઘાસ કો કાટના મકરૂહ હૈ ક્યૂં કે વોહ અલ્લાહ તઆલાકી તસ્બીહ બયાન કરતી હૈ જિસસે મય્યિતકો ફાઈદા પહુંચતા હૈ જૈસા કે હદીષે પાક મેં સરાહતન ઈસકા ઝિક્ર મૌજૂદ હૈ, લિહાઝા તર ઘાસ કો કાટના

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કૃઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

Web.:www.barkatekhwaja.net

ગોયા કે મય્યિત કે હક્ક઼ કો ઝાએઅ કરના હૈ. હાં ! અલ્બત્ત અગર સૂખી હુઈ ઘાસ હૈ તો ઉસે કાટ સક્ત હૈં. યૂં હી જો ઘાસ ક઼બ્રો કે અલાવા રાસ્તે વગૈરા પર હો, ઉસે ભી કાટ સકતે હૈં અગરચે વોહ તર હો. લેકિન કાટને મેં ક઼બ્રો કે અદબકા લિહાઝ રખના ઝરૂરી હૈ, ક઼બ્રો પર ચળ્હના, પેર રખના વગૈરા બેઅદબી વ નાજાઈઝ હૈ. ઐસે બાઝ લોગ ક઼બ્રો પર લગી હૂઈ તર ઘાસકો સુખાને કે લિયે દવા ડાલતે હૈં, યે ભી મના હૈ. "ફતાવા રઝવિય્યા" મેં હૈ :

"મક઼બરે કી સબ્ઝ ઘાસ કાટના મકરૂહ હૈ કે જબ તક વોહ સબ્ઝ ઘાસ તર રેહતી હૈ અલ્લાહ તઆલા કી તસ્બીહ કરતી હૈ. ઉસસે અમવાતકા દિલ બેહલતા હૈ ઔર ઉસ પર રેહમતે ઈલાહી કા નુઝૂલ હોતા હૈ ! હાં ખુશ્ક ઘાસ કાટ લેના જાઈઝ હૈ."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૯, સફહા : ૪૪૩)*

**૧૩. ક્યા ક઼બ્ર પર ક઼બ્રિસ્તાન કે બાહર કી મિટ્ટી ડાલ સકતે હૈ ?**

કુછ લોગોં મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે ક઼બ્ર પર ક઼બ્રિસ્તાન કે બાહર કી મિટ્ટી નહીં ડાલ સકતે. યે બિલ્કુલ ગલત હૈ. મિટ્ટી ચાહે ક઼બ્રિસ્તાન કી હો યા બાહર કી ઝરૂરતભર ક઼બ્ર પર ડાલના જાઈઝ હૈ.

**૧૪. ક્યા ક઼બ્ર પર દોનોં પેરકે બીચ મેંસે મિટ્ટી ડાલના મના હૈ ?**

દફન કે વક્ત જબ ક઼બ્ર પર મિટ્ટી ડાલી જાતી હૈ તો દેખા જાતા હૈ કે કુછ લોગ દોનોં પેર કે બીચ મેં સે મિટ્ટી ડાલને સે સખ્તીસે મના કરતે હૈં ઔર યહી સમજતે હૈં કે ઐસા કરને કી ઈજાઝત નહીં, જબ કે યે ગલત હૈ. શરીઅત મેં ઈસ તરહ મિટ્ટી ડાલને સે હર્ગિઝ મના નહીં કિયા.

**૧૫. મય્યિત કે ઈન્તિક઼ાલ કે બાદ તીજે, દસવે ઔર ચાલીસવે કા જો ખાના મય્યિત કે ઘરવાલોંકી તરફ સે ખિલાયા જાતા હૈ ક્યા વો માલદાર કે લિયે મુત્લક઼ન હરામ હૈ ?**

યે એક અહમ મસ્અલા હૈ, જિસ મેં બહોત ઝયાદા ગલતફેહમી પાઈ જાતી હૈ, યહાં તકકે કુછ પળ્હે લિખે લોગોં મેં ભી ઈસકે હવાલે સે ગલત તસવ્વુર પાયા જાતા હૈ. આમ તોર પર યહી સમજા જાતા હૈ કે તીજે, દસવે ઔર ચાલીસવે કા ખાના માલદારકે લિયે મુત્લક઼ન હરામ હૈ, **જબ કે ઐસા નહીં હૈ.** ઈસ ખાનેકે હવાલે સે શરીઅતકા હુકમ કુછ ઈસ તરહ હૈ :

**(૧)** ખૂશી કે મોક઼ે પર જૈસે દઅવત કી જાતી હૈ વૈસે ખૂશીકા ઈઝહાર કરતે હૂએ તીજે, દસ્વે ઔર ચાલીસવે કી દઅવત કરના નાજાઈઝ ઔર બુરી બિદઅત હૈ. *(બહારે શરીઅત, ફતાવા રઝવિય્યહ)*

ઔર દીગર ફિક઼્હકી કિતાબોં મેં ઈસી દઅવત કો નાજાઈઝ ઔર ક઼બીહ બિદઅત ક઼રાર દિયા ગયા હૈ.

**(૨)** અગર મય્યિત કો ષવાબ પોંહચાનેકી નિય્યત સે ખિલાયા જાએ તો ઈસ સૂરત મેં **બેહતર યહી હૈ કે ફક઼ીરોં કો ખિલાયા જાએ, લેકિન ફિર ભી અગર માલદારોં કો ખિલાયા જાએ તો યે નાજાઈઝો હરામ નહીં ઔર માલદારોં કે લિયે યે ખાના જાઈઝ હૈ ઔર ઈસ ખિલાને મેં ભી ષવાબ હૈ.**

"ઈમામે એહલે સુન્નત ઈમામ એહમદ રઝા ખાન" رحمۃ اللہ علیہ સે પૂછા ગયા કે : અગર કોઈ શખ્સ મરે ઔર ઉસકે ઘરવાલે ચહલ્લુમકા ખાના પકાએં ઔર જો બિરાદર યા ગૈર હોં ઉનસે કહેં કે તુમ્હારી દઅવત હૈ તો વહ દઅવત ક઼બૂલ કી જાએ યા નહીં ? ઔર ખાના કૈસા હૈ ? ઈસકે જવાબ મેં આપને તેહરીર ફર્માયા : "ઉર્ફે આમ પર નઝર શાહિદ કે ચહલ્લુમ વગૈરા કે ખાને પકાને સે લાગોંકા અસ્લ મક઼સૂદ મય્યિત કો ષવાબ પોંહચાના હોતા હૈ, ઈસી ગર્ઝ સે યે ફેઅલ કરતે હૈં વ લિહાઝા ઉસે ફાતિહા કા ખાના, ચહલ્લુમકી ફાતિહા વગૈરા કેહતે હૈં.

ઔર શક નહીં કે ઈસ નિય્યત સે જો ખાના

Web.:www.barkatekhwaja.net

પકાયા જાએ મુસ્તહસન હૈ ઔર ઈન્દત્તેહકીક સિર્ફ ફુક઼રા હી પર તસદ્દુક (સદકા કરને) મેં ષવાબ નહીં બલ્કે અગનિયા પર ભી મૂરિષે ષવાબ હૈ (યા'ની **માલદારોં પર સદ્કા કરને મેં ભી ષવાબ હૈ**) હુઝૂરે પુરનૂર સૈયદે આલમ ﷺ ફર્માતે હૈં : હર ગરમ જિગર મેં ષવાબ હૈ. યા'ની ઝિંદાકો ખાના ખિલાએગા, પાની પિલાએગા ષવાબ પાએગા. હદીષ મેં હૈ : હુઝૂરે અક઼દસ ﷺ ને ફર્માયા :

"જો કુછ આદમી ખાસે ઉસમેં ષવાબ હૈ ઔર જો દરિન્દા ખા જાએ ઉસમેં ષવાબ હૈ. જો પરિન્દ કો પોંહચે ઉસમે ષવાબ હૈ.

બલ્કે હુઝૂરે અક઼દસ ﷺ ફર્માતે હૈં :–

"જો કુછ તૂ અપની ઔરત કો ખિલાએ વોહ તેરે લિયે સદકા હૈ ઔર જો કુછ અપને બચ્ચોં કો ખિલાએ વોહ તેરે લિયે સદકા હૈ ઔર જો કુછ અપને ખાદિમ કો ખિલાએ વોહ તેરે લિયે સદકા હૈ ઔર જો કુછ ખાએ વોહ તેરે લિયે સદકા હૈ."

રદુલ્ મુહ્તાર મેં બેહરૂર્રાઈક સે હૈ : "ઝખીરા મેં સરાહત હૈ કે ગની પર સદકા કરના એક તરહકી કુર્બત હૈ જિસકા દરજા ફક઼ીર પર તસદ્દુક કી કુર્બત સે કમ હૈ."

ઔર મદારે કાર (મુઆમલે કા દારોમદાર) નિય્યત પર હૈ. તો જો ખાના ફાતિહા કે લિયે પકાયા ગયા હૈ, બુલાતે વક઼્ત ઉસે બલફ્ઝે દઅ્વત તઅ્બીર કરના ઉસ નિય્યત કો બાતિલ ન કરેગા. જૈસે કિસીને અપને મોહતાજ ભાઈ, ભતીજોં કો ઈદ કે કુછ રૂપે દિલ મેં ઝકાત કી નિય્યત ઔર ઝબાન સે ઈદી કા નામ કર કે દિયે તો ઝકાત અદા હો જાએગી. ઈદી કેહને સે વોહ નિય્યત બાતિલ ન હોગી. ઈસી કે સાથ યે ભી હૈ કે અપને ક઼રીબોં અઝીઝોં કે સાથે અચ્છ સુલૂક કરના ભી સિલએ રહમ ઔર મુજિબે ષવાબ હૈ, અગરચે વોહ અગનિયા હોં ઔર આદમી જિસ કામ પર ખૂદ ષવાબ પાએ વોહ કોઈ ફેઅલ હો ઉસકા ષવાબ મય્યિત કો પોંહચા સક્તા હૈ, કુછ ખાસ સદકા હી કી તખ્સીસ નહીં. ઈમામ ઐની બિનાયા મેં ફર્માતે હૈં : "અસ્લ યે હૈ કે ઈન્સાન અપને કિસી અમલ કા ષવાબ દૂસરે કે લિયે કર સક્તા હૈ, નમાઝ હો યા રોઝા યા સદકા યા ઉસકે અલાવા."

યૂં ભી ઈસ નિય્યતે મેહમૂદ મેં કુછ ખલલ નહીં અગરચે અફઝલ વહી થા કે સિર્ફ ફુક઼રા પર તસદ્દુક કરતે, જબ મક઼સૂદ ઈસાલે સવાબ તો વહી કામ મુનાસિબ તર જિસ મેં ષવાબ અકષરો વાફિર ફિર ભી અસ્લ મક઼સૂદ મફક઼ૂદ નહીં, જબ કે નિય્યત ષવાબ પહોંચાના હો. હાં ! જિસે યહ મક઼સૂદ ન હો બલ્કે દઅ્વત વ મ હેમાનદારી કી નિય્યત સે પકાએ, જૈસે શાદિયોં કા ખાના પકાતે હૈં તો ઈસે બેશક ! ષવાબ સે કુછ ઈલાક઼ા નહીં, ન ઐસી દઅવત શરઅ મેં પસંદ, ન ઉસકા ક઼બૂલ કરના ચાહિયે કે ઐસી દઅવતોં કા મહલ શાદિયાં હૈ ન કે ગમી. લિહાઝા ઓલમા ફર્માતા હૈં કે યે બિદઅતે સય્યિઆ હૈ.

યૂંહી ચહલ્લુમ યા બર્સી યા શશમાહી પર ખાના બેનિય્યતે ઈસાલે ષવાબ મહઝ એક રસ્મી તોર પર પકાતે ઔર શાદિયોં કી ભાજી......કી તરહ બિરાદરી મેં બાંટતે હૈં, વોહ ભી બે અસ્લ હૈ, જિસ સે બચના ચાહિયે.

ખુસૂસન્ જબ ઉસકે સાથ રિયા વ તફાખુર મક઼સદ હો કે જબ તો ઉસ ફેઅલ કી હુર્મત મેં અસ્લન્ કલામ નહીં.

મગર બે દલીલ વાઝેહ કિસી મુસલમાન કા યે સમજ લેના કે યે કામ ઉસને તફાખુર વ નામવરી કે લિયે કિયા હૈ, જાઈઝ નહીં કે ક઼લ્બ હાલ અલ્લાહ તઆલા જાનતા હૈ ઔર મુસલમાન પર બદ્ગુમાની હરામ."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૯, સફહા : ૬૬૮ થી ૬૭૨)*

ઔર "ફતાવા ફક઼ીહે મિલ્લત" જિલ્દ : ૧, સફહા : ૨૮૪ પર "હુઝૂર તાજુશ્શરીઅહ્ અલ્લામા અઝહરી મિયાં" رحمۃ اللہ علیہ કે હવાલે સે હૈ કે આપને "માહનામા સુન્ની દુન્યા, ૧૯૮૬" મેં તેહરીર ફર્માયા : કે મય્યિત કા ખાના બિલા દઅવત અમીરો ગરીબ દોસ્તો અહબાબુ રિશ્તેદાર પટ્ટીદાર સબકો ખિલાના જાઈઝ હૈ ઔર કારે ષવાબ હૈ. *(ક્રમશઃ)*



Web.:www.barkatekhwaja.net

## કુર્બાની સંબંધે

# શંકાઓ અને તેનુ નિવારણ

હફતોઃ૨

**રજૂકર્તા : હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી**
*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

***(વાંધો–૨ :** કુર્બાનીના નામ પર લાખો કરોડો ખર્ચ થનારા રૂપિયાઓ વડે ગરીબોની મદદ કરવામાં આવે.)......ગતાંકનું ચાલુ....*

મોહતરમ દોસ્તો ! જો તમે ચિંતનપૂર્વક વિચારણાથી કામ લેશો તો ખુદ મેહસૂસ કરશો કે કુર્બાનીનો રિવાજ ગરીબીના ખાત્માનો બેહતરીન ઝરીયો છે. ગરીબોની મદદ કેવળ એ નથી કે તેમને માલ દૌલત આપી દેવામાં આવે અથવા રાશન ભરાવી દેવામાં આવે, બલ્કે ગરીબોની હકીકી મદદ એ છે કે તેમના માટે રોજગાર એટલે રોજીના સબબો પૂરા પાડવામાં આવે. અને કેવળ કુર્બાનીની આ એક જ રસમ હજારો ગરીબો માટે રોજીના સબબો પૂરા પાડે છે. એક ગરીબ જ છે જે વરસભર બકરીઓ એ ઉમ્મીદ પર ચરાવે છે કે ઈદ પર વેચીને પોતાનો વરસ ભરનો ખર્ચ કાઢશે, પોતાની બાળકીઓની શાદી કરશે. એ જ પ્રમાણે કસાઈ પણ કોઈ બહુ જ માલદાર ખાનદાનથી સંબંધ નથી ધરાવતા બલ્કે તેઓ પણ કુર્બાનીની સિઝનમાં કાંઈ ન કાંઈ રોજી કમાય લેવાની ઉમ્મીદ ધરાવે છે.

કુર્બાનીનાં ચામડાં વેચીને મદ્રસાવાળાઓ જેમના રહેવા ખાવા, પીવા, દવા વગેરેનો બંદોબસ્ત કરે છે એ (તલબા) પણ સામાન્યતઃ ગરીબોના જ બાળકો હોય છે. અને સામાજિક સેવા કરતી સંસ્થાઓ જેમને જાનવરોનાં ચામડાં પહોંચે છે તેઓ પણ સામાન્યતઃ ગરીબોની જ મદદ કરે છે.

એ જ પ્રમાણે ટ્રાન્સપોર્ટરો જે પશુઓને એક જગાથી બીજી જગાએ મંડીઓ કે વસ્તીઓમાં હેર ફેર કરે છે, છકડાવાળા, રીક્ષાવાળા સૌ નીચલા વર્ગ કે મધ્યમ વર્ગથી જ સંબંધ ધરાવે છે જેઓ કુર્બાનીની રસમથી લાભ ઉઠાવી રોજી કમાય લેતા હોય છે.

હવે જો વિરોધીઓના કહેવા પર તેને બંધ કરી દેવામાં આવે તો તેનું સૌથી અધિક નુકસાન કોને થશે ?! તેમનું આ કુર્બાની પર વાંધો ઉઠાવવું ગરીબોની દોસ્તી માટે થયું કે દુશ્મની માટે ?

''બહારે શરીઅત''માં હુઝૂર સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ લખે છે : ''બેહતર એ છે કે ગોશ્તના ત્રણ હિસ્સા કરવામાં આવે, એક હિસ્સો ગરીબો માટે અને એક હિસ્સો દોસ્ત તથા સગા માટે અને એક હિસ્સો પોતાનાં ઘરવાળાઓ માટે. ત્રીજા ભાગથી ઓછુ સદકો ન કરે, અને બધુ જ સદકો કરી દેવું પણ જાઈઝ છે અને બધુ જ ઘરમાં રાખી લે એ પણ જાઈઝ છે. ત્રણ દિવસથી વધુ પોતાના તથા ઘરવાળાઓ માટે રાખી લેવું પણ જાઈઝ છે. *(બહારે શરીઅત)*

રબ ફર્માવે છે :–

فَكُلُوا مِنْهَا وَاَطْعِمُوا الْبَآئِسَ الْفَقِيْرَ ''તો એમનામાંથી પોતે ખાવ અને મુસીબતના માર્યા મોહતાજોને ખવડાવો.'' *(સૂ. હજ, આ.૨૮)* બીજે ઠેકાણે ફર્માવ્યું,

فَكُلُوا مِنْهَا وَاَطْعِمُوا الْقَانِعَ وَالْمُعْتَرَّ ؕ كَذٰلِكَ سَخَّرْنٰهَا لَكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ

''તો એનામાંથી પોતે ખાવ અને સબ્રથી બેસનારા તથા ભીખ માગનારાઓને ખવડાવો, અમે આમ જ તેમને તમારા વશમાં આપી દીધા કે તમે એહસાન માનો.'' *(સૂ. હજ આ. ૩૬)*

મુસ્લિમ સમાજમાં કેટલાય એવા લોકો રહે છે, જેમને અઠવાડિયાઓ, મહિનાઓ સુધી ગોશ્ત ખાવાનો નથી મળતો. તો શું કુર્બાનીના દિવસોમાં તેમને પેટ ભરીને ગોશ્ત જેવો ઉમદા ખોરાક ખવડાવવો એ ગરીબોની મદદ નથી ?!

web: www.barkatekhwaja.net

## ★ ગરીબોની હમદર્દીના દાવેદારો આ ફુઝૂલ કામો રોકે ! ★

ઈબાદતને રોકીને ગરીબોની મદદનો ખયાલ સરાસર ગલત છે. હા ! જો ગરીબીને ખત્મ કરવી છે તો આવો ! આપણે સૌ ભેગા મળીને દેશ તથા કૌમમાં જેટલાં પણ નાજાઈઝ તથા ફુઝૂલ કામો થઈ રહ્યાં છે, ગલત રિવાજો પડી ગયા છે તેને બંધ કરી દઈએ, સિગરેટ સ્મોકિંગ વગેરે પર પાબંદી લગાડીએ, શરાબ પાન તથા અન્ય નશાકારક ચીજો પર પાબંદી લગાડીએ, ક્રિકેટ, હોકી, ઘોડાની રેસ અન્ય બેકાર તમાશાઓ પર કરોડો રૂપિયા ઉડી રહ્યા છે તેને બંધ કરાવી દઈએ, સિનેમા હોલો, હુક્કા બારો તથા બદકારી અને ફુઝૂલ ખર્ચીના અન્ય અડ્ડાઓ પર બેન્ડ લગાડી દઈએ. બિભત્સ અખ્બારો તથા મેગેઝિનો, અન્ય એવી નોવેલો તથા ડાઈજેસ્ટો જે માનવોને ખોટા માર્ગે લઈ જઈ બર્બાદ કરી રહેલ છે. બિભત્સ ચેનલો, ગંદી વેબસાઈટો જે સમાજને આર્થિક તેમજ માનસિક, શારીરિક સર્વ રીતે ખોખરો કરી રહેલ છે. એની આડ અસરમાં કુટુંબો તૂટી રહ્યાં છે તેને રોકીએ, શાદી વિવાહની ગલત રસમો, ફટાકડા વગેરે આતશબાજી, શાદીઓમાં બેહયાઈના ડ્રામાઓ તેમજ પોલિટિકલ જુલૂસો, રેલીઓ વગેરે પર હજારો લાખોના ખર્ચાઓને રોકીએ...વગેરે અનેક માર્ગો છે જ્યાંથી ફુઝૂલ ખર્ચી રોકી તેના વડે ગરીબોની મદદ કરી શકાય છે કે જેથી દેશ તથા કૌમમાંથી ગરીબીનો ખાત્મો થઈ શકે છે, પણ તેના માટે કોઈ તૈયાર નથી ! કેમ કે તેમને ગરીબોની ગરીબીની કોઈ ફિક્ર નથી, પણ તેમને ઈસ્લામી નિશાનીથી તકલીફ છે, નહીં તો અન્ય ધાર્મિક સ્થળો પણ દરરોજ કે અઠવાડિયે હજારો જાનવરો બલી ચઢે છે ! તેના વિશે એક અક્ષર બોલવા તેઓ તૈયાર નથી ! આ કુર્બાની તો વરસમાં એક બે દિવસ જ તો હોય છે !

**વાંધો-૩** : જાનવરોને ઝબહ કરવાં એ એમના પર જુલ્મ છે.

**નિવારણ** : જુલ્મની વ્યાખ્યા આ પ્રમાણે છે : الظلم وضع الشيئ في غير محله "કોઈ ચીજને તેના મૂળ સ્થાન સિવાય બીજે રાખવાને જુલ્મ કહે છે." એટલે જે ચીજને જે કામ માટે પેદા કરવામાં આવી છે એને એ કામમાં વાપરવી અદ્લ (ન્યાય) છે અને તેના વિરૂધ્ધ તેનો ઉપયોગ કરવો જુલ્મ છે.

હવે તમે જુઓ કે જાનવરોને કયા કામ માટે પેદા કરવામાં આવ્યાં છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આન મજીદમાં આદેશ આપે છે :–

وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً ۭ
وَيَخْلُقُ مَا لَا تَعْلَمُوْنَ ۝۸

"અને ઘોડા અને ખચ્ચર અને ગધેડાં તેમના પર સવાર થાવ અને ઝીનતના માટે. અને તે પેદા કરશે જેની તમને ખબર નથી" *(સૂ. નહ્લ, આ.૮)* બીજે ઠેકાણે ફર્માવ્યું :–

وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّنْۢ بُيُوْتِكُمْ سَكَنًا وَّجَعَلَ لَكُمْ مِّنْ جُلُوْدِ
الْاَنْعَامِ بُيُوْتًا تَسْتَخِفُّوْنَهَا يَوْمَ ظَعْنِكُمْ ......

"અને તમારા માટે ચો પગાંઓનાં ચામડાંથી અમુક ઘર બનાવ્યાં જે તમને હલકાં પડે છે તમારા સફરના દિવસે અને મંઝિલો પર રોકાણના દિવસે. અને તેમનુ ઊન તથા રુવાંટીઓ તથા વાળોથી કેટલોક ખાનગી જરૂરતોનો સામાન અને વર્તવાની ચીજો એક સમય સુધી" *(સૂ. નહ્લ–૮૦)*

બીજે ઠેકાણે ફર્માવે છે :–

وَاِنَّ لَكُمْ فِي الْاَنْعَامِ لَعِبْرَةً ۭ نُسْقِيْكُمْ مِّمَّا فِيْ بُطُوْنِهَا وَلَكُمْ
فِيْهَا مَنَافِعُ كَثِيْرَةٌ وَّمِنْهَا تَاْكُلُوْنَ ۝۲۱

"અને બેશક ! તમારા માટે ચોપગાંઓમાં સમજવાનો મકામ છે, અમે તમને પીવડાવીએ છીએ એમાંથી જે એમના પેટમાં છે, અને તમારા માટે એમાં ઘણા જ ફાયદા છે, અને એમનાથી તમારા ખોરાક છે"

*(સૂ. મુઅ્મિનૂન, ૨૧)*

Web.: www.barkatekhwaja.net

એક ઠેકાણે ફર્માવ્યું,

اَوَلَمْ يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا عَمِلَتْ اَيْدِيْنَاۤ اَنْعَامًا فَهُمْ لَهَا مٰلِكُوْنَ۝ وَلَهُمْ فِيْهَا مَنَافِعُ وَمَشَارِبُ ؕ اَفَلَا يَشْكُرُوْنَ۝

"અને શું તેમણે ન જોયું કે અમે પોતાના હાથના બનાવેલાં ચોપગાંઓ તેમના માટે પેદા કર્યા તો તેઓ એમના માલિક છે. અને તેમને તેમનાં માટે નમ્ર કરી આપ્યાં તો કોઈના પર સવાર થાય છે અને કોઈને ખાય છે."

*(સૂ. યાસીન, આ. ૭૨)*

એક ઠેકાણે ફર્માવ્યું,

اَللّٰهُ الَّذِیْ جَعَلَ لَكُمُ الْاَنْعَامَ لِتَرْكَبُوْا مِنْهَا وَمِنْهَا تَاْكُلُوْنَ۝

"અલ્લાહ છે જેણે તમારા માટે ચોપગાં બનાવ્યાં કે કોઈના પર સવાર થાવ અને કોઈનો ગોશ્ત ખાવ."

*(સૂ. મોમિન, આ. ૭૯)*

પ્રિય દોસ્તો ! આ પવિત્ર આયતોના અનુવાદોને વારંવાર વાંચો ! આપને અંદાઝો થશે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે જાનવરોની પેદાઈશનો હેતુ એ જ વર્ણવ્યો કે : **"તેમના પર સવારી કરવામાં આવે અને તેમનાથી ગોશ્ત વગેરે થકી ફાયદો ઉઠાવવામાં આવે.** હવે જો કોઈ વ્યક્તિ એ વાંધો ઉઠાવે કે ઘોડા પર સવારી ન કરવામાં આવે કેમ કે જાનવર પર બેસીને દૂર દૂર સુધી સફર કરવી એ એના પર જુલ્મ છે. અથવા ઈંટોના ભઠ્ઠેથી ઈંટો ગધેડાંઓ પર લાદીને ગાડીઓ સુધી પહોંચાડવી, અને બોજ વહેવાનાં અન્ય કામો લેવાં એ જુલ્મ છે, તો શું એ કહેવાતા બુધ્ધિશાળી લોકો પાસેથી આ ઘોડાઓ તથા ગધેડાઓનું કામ લેવામાં આવે ?! જે રીતે જાનવરોને સવારી બનાવવું તેને જુલ્મ નથી કહી શકાતુ એ જ રીતે અમુક હલાલ જાનવરોને માણસનો ખોરાક બનાવવો તેને પણ જુલ્મ નથી કહી શકતા. યાદ રાખો ! તરંગી તુક્કાઓથી શરીઅતના હુકમો રદ નથી થઈ શકતા.

**વાંધો-૪** : કુર્બાની કરવાથી જાનવરોના વંશવેલાનો નાશ થાય છે.

**નિવારણ** : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની કુદરતનું બંધારણ એ જ છે કે બંદાઓને જે ચીજની જેટલી અધિક જરૂરત હોય છે તે ચીજ એટલી જ અધિક પેદા કરવામાં આવે છે. ★ કૂવામાંથી જેટલુ પાણી કાઢવામાં આવે છે તો તેટલું જ બીજુ અલ્લાહ તઆલા અર્પણ કરી આપે છે. ★ ઝાડોને કટીંગ કરવામાં આવે છે. (ડાળો વગેરેને) તો અલ્લાહ તઆલા તેને ફરી અધિક હર્યા ભર્યા કરી આપે છે. ★ એ જ પ્રમાણે જે જાનવરોને કુર્બાનીના સમયે ઝબહ કરવામાં આવે છે, તો તે જેટલાં અધિક ઝબહ થાય છે, અલ્લાહ તઆલા એટલી જ અધિક તેમની નસલ (વંશ) તથા પેદાશ વધારી દે છે.

અને એ વાત રોજ બરોજ અનુભવવામાં આવે છે કે નાનાં મોટાં જે જાનવરોને ઝબહ કરવામાં આવે છે તેમની સંખ્યા દિન પ્રતિદિન વધતી જ જાય છે. કદી કોઈ દેશમાં એ જાનવરોની અછતનો શોર નથી મચ્યો. કૂતરાં, બિલાડાં વગેરેનો વંશવેલો જાહેરી રીતે જોતાં અધિક હોવો જોઈએ કે તેઓ એક જ પેટથી ચાર પાંચ બચ્ચાં જન્મ આપે છે અને તેમને કોઈ હાથ પણ નથી લગાડતું (કોઈ ઝબહ નથી કરતું) તેમ છતાં તેમનો વંશ અધિક જોવા નથી મળતો. કુર્આનનું સચ્ચાઈનું એલાન છે :-

وَمَاۤ اَنْفَقْتُمْ مِّنْ شَیْءٍ فَهُوَ یُخْلِفُهٗ ۚ وَهُوَ خَیْرُ الرّٰزِقِیْنَ۝

"અને જે ચીજ તમે અલ્લાહની રાહમાં ખર્ચ કરો તે એના બદલામાં અધિક આપશે અને તે સૌથી બેહતર રોજી આપનાર છે." *(સૂ. સબા-૩૯)*

જાણવા મળ્યું કે કુર્બાની કરવાથી વંશવેલામાં અધિક વૃધ્ધિ થાય છે, અને એને દુનિયા અનુભવી પણ રહી છે, જેમ કે ઉપર વર્ણન થયું. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને ખુદાને રાજી કરવાના ખાતર કુર્બાની આપવાની તૌફીક અતા કરે, અને અલ્લાહ રબ્બુલ ઈજ્જત આપણી ભાવિ પેઢીને દરેક પ્રકારના વસવસાઓથી મેહફૂઝ રાખે આમીન યા રબ્બલ આલમીન.

web: www.barkatekhwaja.net

# વર્તમાન સંજોગોમાં

હપ્તો : ૨

## હિંદના મુસલમાનો શું કરે ?!

**રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*(ગતાંકનું ચાલુ)* જેમ કે ખિલાફત કમિટીના ઉદયના જમાનાનો એક રિપોર્ટ છે : એ વખતે કેવળ કહેવાતા નામ માત્રના મોલ્વીઓ તથા લીડરોએ એકથી એક નવીન ફિર્કા બનાવ્યા છે. એમના વિશે અત્યાર સુધીમાં વર્તમાનપત્રો તથા મેગેઝિનો તથા પોસ્ટરો વગેરેથી નીચે મુજબની બાબતો માલૂમ પડે છે :

**૦૧.** મસ્જિદમાં મિમ્બર પર હિંદુઓ પાસે લેકચરો અપાવવામાં આવ્યાં.

**૦૨.** અમુક લીડરોએ જેમને મોલ્વીનું ટાઈટલ પણ આપી દેવામાં આવ્યું છે પોતાનાં માથાંઓ પર ટીલક કરાવ્યો છે, અને કહે છે કે ટીલક એ કુફ્રની નિશાની તથા ઈસ્લામ વિરૂધ્ધ નથી.

**૦૩.** મજકૂર પાર્ટીના એ મૌલાનાએ ''હમદમ લખનવી''માં છાપી દીધુ છે કે, અમારી જમાઅત એક એવો ધર્મ બનાવવાની ફિકરમાં છે જે હિંદુ મુસ્લિમનો તફાવત ઉઠાવી દેશે અને સંગમ તથા પ્રયાગને પવિત્ર સ્થળ બનાવી દેશે.

**૦૪.** પાર્ટીના આ મજકૂર મૌલાનાએ પ્રસિધ્ધ કર્યું કે જો આજે તમે હિંદુ ભાઈને રાજી કરી લીધો તો પોતાના ખુદાને રાજી કરી લીધો.

**૦૫.** એક હિંદુની ઠાઠડી પોતાના ખભાઓ પર ઉઠાવીને તેની જય પોકારતા પોકારતા સ્મશાન સુધી લઈ ગયા.

**૦૬.** એક મૂર્તિ ઉઠાવવામાં આવી તેની સાથે ઉઘાડા પગે ઉઘાડે માથે જય પોકારતા પોકારતા સડકો પર ચક્કર લગાડવામાં આવ્યો.

**૦૭.** મરનારના સોગમાં માથે પગે ઉઘાડા મસ્જિદમાં ભેગા થયા, તેના માટે મગફેરતની દુઆ અને નમાઝના માટે જાહેરાત કરવામાં આવી ! અને એના પર કાર્યરત રહ્યા, અને એના સોગમાં મસ્જિદોને ચિરાગ વગરની રાખવામાં આવી.

**૦૮.** એક લીડરના હુકમથી એક ડોલી સજાવવામાં આવી જેમાં કુર્આન મજીદ, બાયબલ, અને રામાયણ રાખીને તેની પૂજા કરાવતા મંદિરમાં લઈ ગયા.

**૦૯.** મુશ્રિકો સાથે મહોબ્બત તથા ભાઈગીરીનો સંબંધ કાયમ કરીને અમુકે કુફ્રની નિશાનીઓ અપનાવી અને અમુકે ઈસ્લામી નિશાનીઓ ત્યજી દીધી. *(ટૂંકાવીને : ફતાવા રઝવિય્યહ અઝ : ઈમામ અહમદ રઝા, ૬/૮૨,૮૩, અન્નૂર, લેખક : મૌલાના સૈયદ સુલેમાન અશરફ, પ્રોફેસર મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ)*

વળી જ્યારે આ નુસ્ખો એકવાર અજમાવવામાં આવી ચૂકેલો છે અને તેનો કોઈ ફાયદો મુસ્લિમ લઘુમતીને હાંસલ ન થઈ શક્યો, તો હવે ફરીથી એને જ અજમાવવો બેકાર તથા નિરર્થક છે. કેમ કે અજમાવાયેલાને અજમાવવું શર્મિંદગીનો સબબ છે.

મુસલમાનો માટે વર્તમાન સ્થિતિમાં કેવળ તે જ કુર્આની નુસ્ખો ફાયદાકારક છે જેની તરફ આગલા લખાણમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે રજૂઅ ઈલલ્લાહ (અલ્લાહની તરફ પલટવું), અમલોની સુધારણા, પાકા નિશ્ચય તથા મજબૂતી સાથે મુસીબતોનો સામનો કરવાનો હોસલા અને દરેક મામલામાં અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ભરોસો કરવો. این نمی گویم کہ ترک کار کن ۔ کار کن وتکیہ بر جبار کن અર્થ : હું એવું નથી કહેતો કે કામ છોડીને બેસી રહો, બલ્કે કામ કરો અને ભરોસો ખુદાએ જબ્બાર પર રાખો.

## મુશ્કેલીઓના નિવારણ માટેની તદબીરો

**(૧)** ઈસ્લામી તથા કૌમી બેંક કારોબાર : જેની



Web : www.barkatekhwaja.net

તફસીલ ઉલમાએ કિરામ અને આર્થિક બાબતોના નિષ્ણાંતોના સહયોગથી નક્કી કરવામાં આવે જેના થકી આપણી ઉણપોનું નિવારણ થઈ શકે. દા.ત. જો મુસલમાન કૌમ અર્વાચીન શિક્ષણમાં ખૂબ જ પછાત છે તો તેની સુધારણાના માટે ઠેકઠેકાણે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપ્વામાં આવે. અને મુસલમાનોના માટે તો મોટી આસાની એ છે કે તેમના દીની તાલીમી ઈદારા જે દરેક સ્થળે કામયાબી સાથે ચાલી રહ્યા છે તો ત્યાં જ પોતાના માધ્યમથી દીની તાલીમની સાથોસાથ દુનિયવી તાલીમની વ્યવસ્થા કરે, અથવા એના માટે અલગથી મુસ્લિમ સંસ્થાઓ ઉભી કરે. જો મુસલમાનોની આર્થિક હાલત કથળેલી છે તો કૌમી સરમાયાથી લાયકાતવાળા લોકોને કરજાઓ આપવામાં આવે. એ જ પ્રમાણે અન્ય ઉણપોને દૂર કરવા માટે પણ વિચારણા તથા ચિંતનને અંતે કોઈ માળખુ તૈયાર કરવામાં આવે.

**(૨)** કોમી તોફાનોમાં મુસ્લિમનોના થતાં નુકસાનોથી કૌમને મેહફૂઝ રાખવા માટે નીચે મુજબના પગલાં લાભદાયી થશે :

(અ) બહુમતિના દિલો દિમાગમાં ઈસ્લામ તથા મુસલમાનોના વિરૂધ્ધ જે શંકા કુશંકાઓ પેદા કરી દેવામાં આવી છે તેના નિવારણ માટે હિંદી ભાષામાં એવાં સાહિત્યો તૈયાર કરવામાં આવે જેનાથી તે શંકા કુશંકાઓ દૂર થઈ શકે, કેમ કે હિંદુસ્તાનમાં મોટી સંખ્યા એવા સુલેહપસંદ હિંદુભાઈઓની છે જેઓ ભારતને ઘણી બધી જાતીઓ, ધર્મો, વર્ગોની ભૂમિ ખયાલ કરે છે, અને આ વિવિધતા સાથે સહયોગથી રહેવાને દેશની શોભા તથા વિશિષ્ટતા માને છે. ઘણા લોકો એવા પણ છે જેઓ ટેમ્પરરી તૌર પર ઉશ્કેરણી હેઠળ આવી જાય છે, તેમને એ બતાવવાની જરૂરત છે કે મુસ્લિમ કૌમ આપની એક સારી પડોશી અને હમવતન જમાઅત છે, એની સાથે મલીજુલીને રહેવામાં આપણા સૌની ભલાઈ છે. (શક્ય તે પ્રયાસોથી તેમની ગલતફહમીઓ દૂર કરવામાં આવે.)

(બ) ભારત સતત મુસ્લિમ વિરોધી દંગલોમાં એ વાત તદ્દન ખુલીને સામે આવી ગઈ છે કે એમાં નુકસાન સૌથી અધિક એ લોકોનાં થાય છે જેઓ મુસ્લિમ આબાદીઓથી દૂર અથવા બેચારની સંખ્યામાં બિલ્કુલ અલગ થલગ વસેલા હોય છે, જેથી એવા લોકોએ એવા ખતરાવાળા વિસ્તાઓમાંથી સ્થળાંતર કરીને મુસ્લિમ આબાદીવાળા વિસ્તારોમાં વસી જવું જોઈએ. આ વાત ન ભારતના કાનૂનની વિરૂધ્ધ છે ન સામાજિક લેહાઝથી અયોગ્ય છે, ન કોઈ ધર્મની વિરૂધ્ધ છે.

કાયદાકીય રીતે તો એ છે કે ભારતનો દરેક નાગરિક જે વિસ્તારમાં ચાહે પોતાની સહૂલતના હિસાબથી વસવાટ અપનાવી શકે છે, અને જે વિસ્તારમાં તેના માટે આસાની સાથે પોતાની રોજી પ્રાપ્ત કરી શકે ત્યાં વસે છે. સામાજિક રીતે પણ આજે ભારતની દરેક નાની મોટી વસ્તીમાં વિવિધ કોમવાળા, સમાન ધર્મવાળા, વિવિધ બિરાદરીવાળા અને ધંધાદારીઓની એક જાતી (વર્ગ)ની વસ્તી જોવા મળશે. જેમ કે લુહારવાસ, કુંભારવાડ તેમના કડીયાવાસ એ જ રીતે સમધર્મવાળાની વસ્તી, સમજતીવાળાની વસ્તીઓ જોવા મળે છે, કેમ કે સામાજિક લેહાજથી દરેક શખ્સ પોતાના યોગ્ય માહોલમાં જ જિંદગી પસાર કરવાનું જરૂરી સમજે છે.

હિંદુ ધર્મના એતબારથી એ રીતે કે એમાં છૂત અછૂતનાં જે બંધનો છે તેને જોતાં એ જ અધિક આસાન છે કે સર્વ અલગ અલગ જ રહે. રહી ગયો ઈસ્લામ તો એનું ફર્માન છે :

اَلَمْ تَكُنْ اَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا

"અમે જમીનમાં કમજોર હતા. કહે છે, શું અલ્લાહની જમીન વિશાળ ન હતી કે તમે એમાં હિજરત કરતા ?!" *(સૂ. નિસાઅ, ૪/૯૭)*

ઈજ્જત આબરૂ અને દીન તથા દુનિયાની સાથે ક્યાંક સ્થાયી થવું શક્ય ન હોય તો એવી જગાએ સ્થળાંતર કરી જાવ જ્યાં એનો ખતરો ન હોય.

એક મહોલ્લામાં ખતરો હોય તો એવા મહોલ્લામાં ચાલ્યા જાવ જ્યાં મેહફૂઝ રહો અને એક શહેરમાં હિફાઝત ન થાય તો એવા શહેરમાં ચાલ્યા જાવ જ્યાં જાન તથા માલ સરુક્ષિત હોય. બલ્કે અમે તો એવું જોઈએ છીએ કે તોફાનોના સમયે લોકોને કાઢીને મેહફૂઝ ઈલાકાઓમાં પહોંચાડવામાં આવે છે. અમારું કહેવું એ છે કે જે કાંઈ સમયે સમયે મજબૂરન કરવું પડે છે તેને મુસલમાન પહેલેથી જ ક્યાંક સ્થાયી થવામાં અન્ય ચીજોને અગ્રતા આપવાની સાથોસાથ જાન માલ, ઈજ્જત આબરૂની હિફાઝતને પણ એક અગ્રગણ્ય જરૂરત કેમ ન ઠરાવે ?

અહીં એક સવાલ કરવામાં આવે છે કે આ રીતે મુસલમાનોને તો એક મેહફૂઝ વિસ્તારમાં રક્ષણ મળી જાય છે, પરંતું એ ગૈર મુસ્લિમોનું શું થશે જેઓ એકલ દોકલ એ મેહફૂઝ વિસ્તારમાં આબાદ છે. એનો જવાબ એ છે કે એવા નિર્દોષોથી બદલો લેવો જેઓ તોફાનોમાં સામેલ ન હોય એ અત્યંત કક્ષાની કાયરતા, કમ હિંમતી તથા કમીનાપણુ છે. એવા વિસ્તારોને સામાન્ય રીતે એવા બનાવવા પડશે કે ત્યાંનો દરેક રહેવાસી પોતાની જાન માલ, ઈજ્જત આબરૂની તરફથી બેખૌફ હોય, ભલે તે ગમે તે ધર્મ કે જાતિનો હોય.

(ક) આ ભયાનક તોફાનોમાં એ અનુભવ પણ થયો છે કે દરેક જગાએ મુસ્લિમ મહોલ્લાઓમાં ઘુસીને તેમની તબાહી તથા બર્બાદીનું જોર કરફ્યુ દરમ્યાન થાય છે કે તોફાનીઓ મુસ્લિમ મહોલ્લાઓમાં કરફ્યુના ઓઠા હેઠળ મુસ્લિમ મહોલ્લાઓમાં અંદર ઘણે દૂર સુધી જુલ્મો બરબરીયતનો નગ્ન નાચ નાચે છે. સાંભળ્યું છે કે એનાથી બચવા માટે વિવિધ શહેરોમાં લઘુમતીઓએ પોતાની ગલીઓમાં મોટા મોટા લોખંડી ફાટક લગાડયા છે જેને જરૂરતના સમયે બંધ કરી શકાય, જેથી બાહ્ય હુમ્લાઓથી રક્ષણ મળી શકે. અમે એનું પણ સમર્થન કરીએ છીએ કે આ તથા એના જેવી રક્ષણ માટેની અન્ય તદબીરો સમય પહેલાં થવી જોઈએ.

(ડ) તોફાનો દરમ્યાન હોસ્પિટલોમાં મુસ્લિમ બીમારોથી બેધ્યાનપણુ અને ઓરમાયુ વર્તન પણ થતુ હોય છે. એટલા માટે કાયદેસર રીતે જિદ્દો જેહદ કરીને આ પ્રકારના સુરક્ષિત વિસ્તારોમાં ઉચ્ચ પ્રકારની હોસ્પિટલો પણ ઉભી કરવી જોઈએ જેથી હંગામાઓના સમયે ઘાયલો કે બીમારો ગલત વર્તનનો શિકાર ન થઈ શકે. જેથી અગમચેતીથી આ ક્ષેત્રે ખાસ ધ્યાન કરી હોસ્પિટલોનું નિર્માણ કરવામાં આવે એ સમયની તાતી જરૂરત છે.

(૩) એ વિસ્તારોમાં જીવન જરૂરી ચીજોનાં વિવિધ કેન્દ્રો ઉભા કરવામાં આવે જેથી તોફાનોમાં અથવા શાંતિના સમયોમાં બંનેવ સમયોમાં કોઈ પણ ધર્મ કે જાતીના ભેદભાવ વિના સૌની જરૂરતોની ચીજો પૂરી પાડવામાં આવે.

(૪) દરેક જગાએ યુવાનો પર આધારિત કસરત કરનાર ગૃપો તૈયાર કરવામાં આવે જેઓ એકસરસાઈઝ કરે, કેમ કે ડરના સમયે સામનો કરવા તથા જાન બચાવવા ભાગવાના માટે તંદુરસ્તી તથા શક્તિ બેહદ જરૂરી છે.

ચિંતન વિચારણાથી આ પ્રકારના અન્ય ઉપાયો પણ નીકળી શકે છે. એ સૌ પર કામ કરવા અને એના માટે ઝરીયા પૂરા પાડવા જરૂરી છે. ઉપરોક્ત પાસાંઓમાંથી થોડુ થોડુ કામ ઠેક ઠેકાણે થયું છે. જરૂરત એ વાતની છે કે પૂરા આયોજનપૂર્વક અને મહેનત સાથે આ કામો અંજામ આપવામાં આવે. કેમ કે શરૂમાં એવો ખયાલ થતો હતો કે કોમવાદનું ગાંડપણ એ એક બીમારી છે જેનાથી થોડાક દિવસોમાં દેશને મુક્તિ મળશે અને અમ્ન સુલેહની સવાર જગમગી ઉઠશે. પરંતું હવે એવું જણાય છે કે કોમવાદ હવે ઘણા બધા લોકોના ભીતરમાં પ્રવેશી ચૂકેલ છે, જેથી એના નુકસાનોથી રક્ષાની તદબીર પણ મજબૂત રીતે અને હિંદભરમાં થવી જોઈએ. *(હવાલો : મૌજૂદા હાલાત ઔર મુસલમાનાને હિંદ, અઝ: બેહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલમન્નાન આ'ઝમી મિસ્બાહી رحمۃ اللہ علیہ)*

Web : www.barkatekhwaja.net

# નાશુક્રી નેઅમતોને ગુમાવવાનો સબબ

*અઝ : મૌલાના મુહમ્મદ શાકિર નૂરી*
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદ સજ્જાદ પટેલ** દયાદરવી

કુર્આન કરીમમાં છે, فَاذْكُرُوْنِیْۤ اَذْكُرْكُمْ وَ اشْكُرُوْا لِیْ وَ لَا تَكْفُرُوْنِ۠ "તમે મારી યાદ કરો, હું તમારી ચર્ચા કરીશ. અને મારો હક્ માનો અને નાશુક્રી ન કરો." *(સૂ. બકરહ, ૨/૧૫૨, કન્ઝુલ ઈમાન)*

હઝરત મીર સૈયદ શરીફ જુર્જાની પોતાની કિતાબ "અત્તઅ્રીફાત"માં લખે છે : "શુક્ર એ છે કે બંદો અલ્લાહના તરફથી આપવામાં આવેલ સાંભળવાની, જોવાની વગેરે નેઅમતોને એ કામોમાં ઉપયોગમાં લાવે જેના માટે તેને પેદા કરવામાં આવ્યો છે." અને તફસીરે નઈમીમાં છે, નેઅમત મળવાના કારણે નેઅમત આપનારની અઝમત (મહાનતા)ને પ્રદર્શિત કરવાને શુક્ર કહેવામાં આવે છે. *(તફસીરે નઈમી, ૨/૭૨)*

અલ્લાહ તઆલાએ બંદાઓને જે અગણિત નેઅમતો આપી છે તેના બદલામાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો શુક્રિયા અદા કરવો વાજિબ અને જરૂરી છે. અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! ખાવ અમારી આપવામાં આવેલ સાફ વસ્તુઓ અને અલ્લાહનું એહસાન માનો જો તમે તેની ઈબાદત કરતા હોવ તો !" *(સૂ. બક્રહ, ૨/૧૭૨)*

ઉપરોક્ત આયતમાં બંદાઓને શુક્રની તાલીમ આપવામાં આવી છે અને નાશુક્રીથી રોકવામાં આવ્યા છે.

અહીંયા એક સવાલ પૈદા થાય છે કે ઈન્સાન નાશુક્રી કેમ કરે છે ? તેનું કારણ શું છે ? તો પહેલુ કારણ એ છે કે બંદાને એ વાતની ખબર નથી કે તેના પર અલ્લાહ તઆલાની નેઅમતો કેટલી હદ સુધી છે. બીજુ કારણ એ છે કે જે નેઅમતો આમ છે ઈન્સાન તેને નેઅમત સમજતો જ નથી ! અને તેના પર અલ્લાહનો શુક્ર અદા કરતો નથી. જેવી રીતે કે હવા જેનાથી ઈન્સાન શ્વાસ લે છે, જેના પર તેની જિંદગીનો દારોમદાર છે. હવા જો બિલકુલ બંધ થઈ જાય તો બધા જ ઈન્સાનો હલાક (ખતમ) થઈ જાય. અલ્લાહ તઆલાએ આ અઝીમ નેઅમત પોતાના બંદાઓને મફતમાં આપી છે, જેના પર તેનો શુક્ર વાજિબ છે.

શુક્ર ન માનવાનો વબાલ ખૂબ જ સખત છે. અલ્લાહનો ઈર્શાદ છે : "અને યાદ કરો કે જ્યારે તમારા રબે સંભળાવી દીધું કે જો એહસાન માનશો તો હું તમને વધુ આપીશ અને જો નાશુક્રી કરશો તો મારો અઝાબ સખત છે." *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૭)*

હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "અલ્લાહ તઆલા જ્યાં સુધી ચાહે ત્યાં સુધી પોતાની નેઅમતોથી ફાયદો પહોંચાડે છે. પરંતુ જ્યારે કોઈ નેઅમતનો શુક્ર અદા ન કરવામાં આવે તો એ નેઅમતને અઝાબમાં ફેરવી દે છે."

નાશુક્રીનાં નુકસાનોમાંથી પાયાનું નુકસાન એ છે કે તેનાથી હાલની મૌજૂદ નેઅમતોનો પણ ખાતમો થઈ જાય છે. હઝરત શૈખ ઈબ્ને અતા ફર્માવે છે, "જે નેઅમતોનો શુક્ર અદા નથી કરતો તે તેના ખતમ થવાનો સામાન પૈદા કરે છે અને જે શુક્ર અદા કરે છે તે નેઅમતોને બાંધીને રાખે છે. *(અત્તહરીર વત્તન્વીર, ૧/૫૧૨)*

નાશુક્રી કરવાથી મુસીબત અને બરબાદી ઈન્સાનનું મુક્દર બની જાય છે. ઈમામ રાઝી رحمۃ اللہ علیہ સૂરએ અન્આમની આયત નંબર : ૫૪ ના આધારે ઈર્શાદ ફર્માવે છે : "અને આ (ફિરઓનને ડૂબાડી દઈને હલાક કરી દેવો) તેના પર દલીલ છે કે નેઅમતોની નાશુક્રી હલાકત અને બરબાદીનુ કારણ છે."

નાશુક્રીથી કઈ રીતે બચી શકીએ ? નાશુક્રીથી બચવાનો એક ખાસ તરીકો એ છે કે એ નેઅમતોમાં વિચાર કરે જે અલ્લાહે તેને અતા કરી છે, અને જે વસ્તુઓ તેની નથી મળી તેની ફિકર છોડી દે. કેમ કે બીજાની મળેલી નેઅમતો પર નજર રાખવામાં ખાસ હસદ, જલન અને નાશુકીનો ભોગ બની જાય છે."

આ વિષય પર એક આખો રિસાલો મૌજૂદ છે, જે લોકો એ આ વિષય પર વધુ માહિતી મેળવવી હોય તે મારી કિતાબ "નાશુક્રી નેઅમતોં કે ઝવાલ કા સબબ"નો અભ્યાસ જરૂર કરે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને બધાને પોતાનો સાબિર અને શાકિર બંદો બનાવે, લોભ લાલચની આફતથી આપણી હિફાઝત ફર્માવે. આમીન.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૨૨)*

Web: www.barkatekhwaja.net

# રોજી પામવાની ચાવીઓ



રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

રોજી માણસની પાયાની જરૂરત છે. આમ તો માણસની રોજીની શોધ દુનિયામાં આવતાં જ શરૂ થઈ જાય છે જેની જાહેરાત નવો જન્મ પામેલ બાળક પોતાના રૂદનથી કરે છે. પછી એ શોધ જીવન પર્યંત ચાલુ રહે છે કે જે એક પ્રાકૃતિક અમલ છે પણ જિંદગીની ધરી રોજી જ બની જાય એ સહીહ નથી, કેમ કે માણસને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ પોતાના બંદાપણા તથા બંદગીના માટે પેદા કર્યો છે, ન કે રોજીની શોધમાં પોતાની જિંદગીના મક્સદથી ગાફેલ થઈ જવા માટે.

### ★ પ્રથમ ચાવી : તૌબા તથા ગુનાહોથી માફી ★

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાને રઝ્ઝાક઼ માનવાની સાથે સાથે આ બાબતને પણ યક઼ીન બનાવવામાં આવે છે કે તે આપણાથી રાજી થાય. જાણે અજાણે થયેલી ભૂલો માટે આપણે અલ્લાહથી સાચી તૌબા કરીએ અને મગફિરત (માફી) માગતા રહીએ, નહીં તો એ કેવી રીતે શક્ય છે કે માણસ સવાર સાંજ અલ્લાહની નાફર્માની કરે અને રોજીમાં તેનાથી વધારો તથા બરકતની ઉમ્મીદ રાખે !

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે : ''તમારા રબથી માફી માગો, તે બેશક ! માફ કરનારો છે. તે આસ્માનથી તમારા પર ખૂબ વરસાદ વરસાવશે, તમને માલ તથા ઔલાદથી નવાઝશે, તમારા માટે બાગ પેદા કરશે અને તમારા માટે નહેરો વહેતી કરી આપશે.''

હઝરત ઉમર رضی اللہ عنہને લોકોએ વરસાદની દુઆ કરવા માટે કહ્યું, તો આપ બહાર તશરીફ લાવ્યા અને ઈસ્તિગફાર કર્યો (રબથી ગુનાહોની માફી માગી) અને પાછા ચાલ્યા ગયા તો વરસાદ પડવા લાગ્યો. આપને લોકોએ પૂછ્યું કે આપે ઈસ્તિગફાર કર્યો ?! તો હઝરત ઉમર رضی اللہ عنہએ ઉપરોક્ત આયતની તિલાવત કરી અને ફર્માવ્યું, મેં અલ્લાહના આ જ હુકમ પર અમલ કર્યો.

### ★ બીજી ચાવી : તવક્કુલ ★

અલ્લાહ عزوجل પર સંપૂર્ણ એતેક઼ાદ (ભરોસો) અને સંપૂર્ણ યક઼ીન કે આપણી કોશિશ પછી રોજીને અર્પણ કરનારો કેવળ અલ્લાહ જ છે. અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવે છે : ''દરેક તે શખ્સને જે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય, જે કોઈ અલ્લાહથી ડરતાં ડરતાં કામ કરશે અલ્લાહ તેના માટે મુશ્કેલીઓથી નીકળવાનો માર્ગ પેદા કરી આપશે અને એવા રસ્તેથી રોજી આપશે જે તરફ એનું ધ્યાન પણ ન જતુ હોય.'' *(સૂ. તલાક઼, ૬૫/૨,૩)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જો તમે અલ્લાહ પર એ રીતે ભરોસો કરો જેવો કે કરવાનો હક્ક઼ છે તો એ તમને એ જ પ્રમાણે રોજી આપશે જેવી રીતે પક્ષીઓને રોજી આપે છે.'' *(અલ્મુસ્નદ)*

### ★ ત્રીજી ચાવી : ઈબાદત ★

જો માણસ અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાની ઈબાદતનો હક઼ીક઼ી હક્ક઼ અદા કરે છે અને રોજીની શોધમાં અબ્દિયત (બંદાપણા)ની જિમ્મેદારીથી ગાફેલ ન થઈ જાય તો એવા શખ્સને અલ્લાહ પણ

Web.:www.barkatekhwaja.net

છોડી આપશે નહીં, જેવું કે નીચે દર્શાવેલ હદીષો નિર્દેશ કરે છે :

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હે ઈબ્ને આદમ ! (માનવી) મારી ઈબાદતના માટે ફારિગ થઈ જા ! હું તારા દિલને બેનિયાઝીથી ભરી દઈશ અને તારા બંનેવ હાથોને રોજીથી. હે ઈબ્ને આદમ ! તું મારાથી દૂર ન જા ! જો એવું કરીશ તો હું તારા દિલને મોહતાજીથી ભરી દઈશ અને બેકાર કામોમાં ઉલઝાવી દઈશ."

## ★ ચોથી ચાવી : હજ તથા ઉમરા ★

હજ તથા ઉમરા થકી અલ્લાહ તઆલા રોજીમાં બરકત અને રહમત અતા કરે છે અને ઈન્સાનના ગુનાહ એ રીતે માફ કરી આપે છે જેવી રીતે નવો જન્મેલ બાળક ગુનાહોથી પાક પેદા થાય છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હજ તથા ઉમરા એકબીજા પછી અદા કર્યા કરો, કેમ કે બંનેવ ફકીરી તથા ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ભટ્ઠી સોના ચાંદી તથા લોખંડના મેલને કટ કરીને (સાફ કરીને) રાખી દે છે. *(સુનને નિસાઈ)*

## ★ પાંચમી ચાવી : સગાંથી સદ્‌વર્તાવ (સિલએ રહમી) ★

સગાં સંબંધીઓ સાથે સારો વર્તાવ રોજીમાં વધારાનો તથા બરકતનો સબબ બને છે સદ્‌વર્તાવ દરેક નજીકના તથા દૂરના સગા સાથે કરતા રહેવામાં આવે, એ જોયા વિના કે કોણ અમારી સાથે સારુ વર્તે છે અને કોણ બુરુ વર્તે છે. એટલા માટે કે આપણો અમલ તો આપણા અલ્લાહની ખુશ્નુદી હાંસલ કરવા માટે જ છે, એનાથી જ આપણને એનો બદલો જોઈએ.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શખ્સ ઉમરમાં વધારો ચાહે અને રોજીમાં વિપુલતા તો તે સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ) કરે. નેકીઓમાં સૌથી જલ્દી સવાબ સિલએ રહમીનો મળે છે, ત્યાં સુધી કે કોઈ નાફર્માન ઘરાનુ અને તેના લોકો સિલએ રહમી કરે છે તો અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા તેમના માલ તથા વ્યક્તિઓમાં વધારો કરે છે. સિલએ રહમી (સગાંથી સારો વર્તાવ) કરનારા કદી મોહતાજ નથી થતા.

## ★ છઠ્ઠી ચાવી : ખુદાની રાહમાં ખર્ચ કરવો ★

અલ્લાહની રાહમાં યથા શક્તિ ખર્ચ કરવાના અમલથી પણ રોજીમાં વધારો થાય છે અને બરકત થાય છે. અલ્લાહની રાહમાં ખર્ચ કરવાવાળાના માલમાં કોઈ કમી નથી આવતી કેમ કે જે માલ એક માણસ બીજા માણસ પર ખર્ચ કરે છે તો તે બીજા માણસ માટે પહેલા માણસની રોજીમાં અલ્લાહ તઆલા બરકત અતા કરે છે. અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા કુર્આને કરીમમાં ફર્માવે છે : "તમે અલ્લાહની રાહમાં જે ખર્ચ કરશો તે એનો બદલો આપશે, અને તે બેહતરીન રોજી આપનાર છે."

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ફર્માવે છે, "હે ઈબ્ને આદમ ! તું બંદાઓ પર ખર્ચ કર હું તારા પર ખર્ચ કરીશ."

નબીએ રહમત ﷺએ ફર્માવ્યું, દરેક દિવસ જેમાં લોકો સવાર કરે છે, બે ફરિશ્તા આસ્માનથી ઉતરે છે, એક દુઆ કરે છે કે હે અલ્લાહ ! ખર્ચ કરનારાઓને બેહતર બદલો અતા કર. બીજો દુઆ કરે છે કે જે ખર્ચ ન કરે તેનો માલ ઝબ્ત કર.

*(સહીહ બુખારી)*

## ★ સાતમી ચાવી : લોકો પર એહસાન કરવું ★

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ આપણા પર

Web: www.barkatekhvaja.net

અમૂલ્ય એહસાનો કરેલાં છે અને તેને પસંદ છે કે આપણે અન્યોની સાથે કેવળ અલ્લાહની રઝા ખાતર અને ખુશનુદી માટે નિઃસ્વાર્થ એહસાન કરીએ, અને એની સૌથી અધિક હક્કદાર કમજોર, અશક્ત અને નિરાધાર વ્યક્તિઓ છે.

રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, "તમારી મદદ તમારા કમજોરોના કારણે કરવામાં આવે છે, અને તેમના કારણે તમને રોજી મળે છે."

## ★ આઠમી ચાવી : હિજરત કરવી ★

હલાલ રોજીની શોધના માટે હિજરત કરવી રોજીમાં વધારો અને બરકતનો સબબ ઠરાવવામાં આવેલ છે. જો રોજીના ઝરીયા કોઈ સ્થળે સીમિત હોય તો બીજા શહેર બીજા મહોલ્લે જઈને મહેનત કરવી એ, એ વાતથી બેહતર છે કે માણસ એક જગાએ સીમિત થઈને રહી જાય.

અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા કુર્આનમાં ફર્માવે છે : "અને જે કોઈ અલ્લાહની રાહમાં હિજરત કરશે તે જમીનમાં પનાહ લેવાની ઘણી જગા તથા ગુજારો કરવા માટે ઘણી શક્યતા પામશે." *(સૂ. નિસાઅ, ૪/૧૦૦)*

## ★ નવમી ચાવી : નજર આખેરત પર હોવી ★

માણસની જિંદગીનો હેતુ અલ્લાહની ઈબાદત કરવી અને પોતાની આખેરત (મૃત્યુ પછીની જિંદગી) સમારવી છે, અને એના પર એની નજર હોવી જોઈએ. આ દુનિયા તો થોડા દિવસોની છે, અને એ ખત્મ થવાની જ છે. માણસ હમેશાંની જિંદગી (આખેરતની જિંદગી)ને અસલી મક઼સદ બનાવે, કેમ કે દુનિયા એવા શખ્સની પાછળ ખુદ આવે છે.

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિની આખેરત પર નજર હોય તેના દિલને અલ્લાહ ક઼નાઅત (થોડામાં સંતોષ) અતા કરે છે, તેના વિખેરાયેલા મામલાઓને સમેટી આપે છે, અને બંને આંખો વચ્ચે પેશાનીથી મુફલિસીને ખેંચી લે છે, દુનિયા તેની પાસે હકીર બનીને પાછળ આવે છે, તેની સવાર સાંજ ક઼નાઅત (થોડામાં રાજી) પર થાય છે."

## ★ દસમી ચાવી : નિકાહ કરવો ★

રોજીમાં વધારો અને ખુશહાલીની પ્રાપ્તિની એક ચાવી નિકાહ છે. નિકાહ કરવાથી બે નસીબો જોડાય છે અને અલ્લાહ રોજીમાં વધારો તથા બરકત અતા કરે છે.

કુર્આને કરીમમાં અલ્લાહ તઆલા ફર્માવે છે, "તમારામાંથી જે લોકો એકલા હોય અને તમારા લોંડી ગુલામોમાં જેઓ નેક હોય તેમના નિકાહ કરી આપો. જો તેઓ ગરીબ હશે તો અલ્લાહ પોતાના ફઝ્લથી તેમને ગની (માલદાર) કરી આપશે. અલ્લાહ ઘણી જ વિશાળતાવાળો અને જાણનાર છે."

## ★ અગીયારમી ચાવી : સવાર સવારમાં કામ પર નીકળવું ★

સવાર સવારમાં કામ પર જવા માટે ઘરેથી નીકળવામાં અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ ખૈરો બરકત રાખી છે. રોજીના દરવાજા સવારે ઉઠીને કોશિશ કરનારાઓ માટે જ ખુલે છે. અલ્લાહના રસૂલ ﷺએ દુઆ ફર્માવી કે, "હે અલ્લાહ મારી ઉમ્મતના મોં અંધારામાં નીકળનારાઓને બરકત અતા ફર્માવ." હુઝૂર ﷺ લશ્કરી દળને સવાર સવારમાં રવાના કર્યા કરતા હતા.

## ★ બારમી ચાવી : વેપાર ધંધામાં સાચાબોલી હોવું ★

વેપારીની રોજીમાં બરકત તથા વૃધ્ધિ માટે જરૂરી છે કે તે વેપારમાં સાચુ બોલે. પોતાનો માલ જૂઠુ બોલીને ન વેચે, પોતાના માલની કમજોરી (ખામી) બતાવીને વેચે, નફાખોરી અને સંગ્રહખોરીથી

Web.:www.barkatekhwaja.net

પરહેઝ કરે. સાચા વેપારીના માટે કયામતના દિવસે નબીઓ તથા સિદ્દકોની હમરાહીની (સાથની) ખુશખબરી આપવામાં આવી છે.

આપ ﷺએ ફર્માવ્યું, "કોઈના માટે જાઈઝ નથી કે તે કોઈ ચીજ વેચે અને તેમાં જે કાંઈ અયબ હોય તેને ન વર્ણવે. અને જેને એ ખામીનો ઈલ્મ હોય તેના માટે જાઈઝ નથી કે તે તેને ન વર્ણવે."

ઉપરોક્ત રોજી પામવાની ચાવીઓ ઉપરાંત આસાન તથા દરરોજની જિંદગી પર આધારિત અમલો આ પ્રમાણે છે : (૧) સલામ કહીને ઘરમાં પ્રવેશવું. (૨) નમાઝ માટે મસ્જિદે જવું, જમાઅત સાથે નમાઝ પઢવી. (૩) બીમારની ખબર લેવા જવું. (૪) જનાઝાના માટે સાથે જવું. (૫) સાચી વાત કહેવી. (૬) ગીબત ન કરવી... વગેરે.

**નોંધ** : કેટલાક લોકો ઉપરોક્ત બાબતો પર અમલ ન કરીને લોકોને છેતરીને માલદાર થઈ જતા હોય છે, તો એવું ન સમજે કે રોજીમાં બરકત થઈ છે ! બલ્કે **તેઓ જે ખાય વાપરે છે સૌ હરામનું છે અને તેઓ પાસેથી એ હરામનું હટાવી લેવામાં આવે તો તેમના જેવો કોઈ ફકીર ન મળશે** ! અને હરામ ખાવા, પીવા, વાપરવાનો અંજામ સિવાય જહન્નમ બીજો કોઈ નથી ! ભલે પોતાના દિલમાં તે પોતાને હોશિયાર સમજે, પણ એનાથી મોટો બેવકૂફ કોણ જે થોડાક દુનિયવી નાશવંત માલ માટે આખેરતની જહન્નમ વહોરી રહ્યો છે?! અલ્લાહની પનાહ !


**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**
(કેલેન્ડર ટાઈપ)
નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો. (ગ્લેઝ પેપર પર તકવીમના ટપાલ ખર્ચ સહિત ફક્ત રૂા. ૪૦) **લેમિનેટેડના રૂા. ૪૦૦** / કુરિયર/ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/– અલગથી
ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**કાનૂને શરીઅત**
(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)
લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
:: અનુવાદક ::
હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી
હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્જ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક
સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા
મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ
મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**
બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા
બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧


Web.: www.barkatekhwaja.net

# પૂર્વજ બુઝુર્ગોના તાલિબે ઈલ્મીના દૌરની બોધદાયક વાતો

કાર્યાલય

હપ્તો : ૩

## ★ ઈમામ અબૂ હાતિમ રાઝીએ કરેલી સફરો ★

નબી આખિરુઝ્ઝમાં ﷺની હદીષોની હિફાઝતના માટે ઈલ્મના જઝબાથી ભરપુર અરબ તથા અજમના ઉઠનારા મુહદ્દિષો તથા ફકીહોના કાફલાઓની જિંદગીઓ સફરોમાં જ પસાર થઈ રહી છે. હકીકત એ છે કે શરૂઆતના યુગના આ જ તે ખુશનસીબ ઈન્સાન હતા જેમણે ઈલ્મની તલબમાં દરેક આરામ તથા રાહતને કુર્બાન કરી. રણ હોય કે દરિયો જંગલ હોય કે પહાડ, ગરમી હોય કે ઠંડી, અંધકાર હોય કે રોશની કોઈ ચીજ તેમના મજબૂત નિશ્ચયોમાં આડ ન બની શકી.

અબૂ હાતિમ રાઝીએ જિંદગીની સર્વ રોનકો ઈલ્મની તલબના માટે લાંબી સફરોને ભેટ ધરી દીધી. ખુદ ફર્માવે છે, "જ્યારે પહેલી વાર સફરના માટે નીકળ્યો તો સતત સાત વરસો સુધી સફરમાં રહ્યો. આ સર્વ સફર હું પગપાળા કરતો હતો. પ્રારંભમાં તો એનો ખયાલ રાખતો હતો કે કેટલા માઈલ થયા, પરંતું ત્રણ હજાર માઈલોની મુસાફરીને ગણ્યા બાદ મેં ગણત્રી કરવાનું છોડી આપ્યું. બહ્રૈનથી મિસર, મિસરથી રમલા, દમિશ્ક, ઈન્તાકિયા, તરસૂસ, હમ્સ અને રક્કાથી થઈને પગપાળા બગદાદ પહોંચ્યો. આ કેવળ પ્રથમ સફરની વાત છે."

આપ પોતાના એક સફરની વાત કરતાં લખે છે," અમે ત્રણ સાથીઓ મદીના મુનવ્વરાથી નીકળીને દરિયાથી સફર કરવા લાગ્યા. મોસમની ખરાબીના કારણે ત્રણ માસ સુધી અમારે દરિયામાં જ રહેવું પડયું. અમારી પાસે જે કાંઈ સામાન હતો તે ખલાસ થઈ ગયો. છેવટે જ્યારે જમીન પર પહોંચીને કિનારેથી રવાના થયા તો ત્રણ દિવસ સુધી ચાલતા રહ્યા. આ અરસામાં ન કાંઈ ખાધુ ન પીધુ. ચાલતાં ચાલતાં એક સાથી બહોશ થઈને પડી ગયો. અમે તેને ખૂબ ઝંઝોળ્યો, હલાવ્યો છતાં તેનામાં કોઈ પ્રકારની હરકત મેહસૂસ ન થઈ. અનાયાસે તેને છોડીને આગળ વધ્યા. લગભગ એક ફરસંગ ચાલ્યા બાદ હું પણ બેહોશ થઈને ગબડી પડયો. અમારા ત્રીજા સાથીમાં હજી પણ ચાલવાની શક્તિ હતી. તે આગળ ચાલ્યા. દૂરથી સમુદ્રમાં તેમને જહાઝ દેખાયું તો રૂમાલ હલાવીને જહાઝવાળાઓને ધ્યાનિત કર્યા. તે આવ્યા, તેમને પાણી પીવડાવ્યું, તેમણે મારી ખબર કાઢવા કહ્યું તો તેઓ મારી પાસે પહોંચ્યા, પાણીનાં છાંટા મોંઢા પર માર્યા તો કાંઈક હોશ ઠેકાણે આવ્યો. પાણી પીધા પછી જિંદગીની કાંઈક ભણક મેહસૂસ થઈ તો મેં ત્રીજા સાથીની તરફ તેમને ધ્યાનિત કર્યા. તેમની પાસે કેટલાક લોકો ગયા. અમને હાથથી પકડીને જહાઝની પાસે લઈ આવ્યા. ત્રણેવ સાથીઓને ભેગા કરીને અમારી સાથે ઘણા જ એહસાનનો વર્તાવ કર્યો અને માર્ગનું ભાથુ આપીને વિદાય કર્યા.

*(સિયરે અઅલામુન્નબલા, ૧૩/૨૫૮)*

## ★ શરીરના આરામ સાથે કદી ઈલ્મ હાંસલ નથી થઈ શકતો ★

ઈમામ અબૂ હાતિમ રાઝી ફર્માવતા હતા. એકવાર તાલિબે ઈલ્મીના જમાનામાં મિસરમાં અમે સાત મહીના રહ્યા. આખો દિવસ હદીષોના શયખોની મજલિસોમાં વહેંચાયેલો હતો. દિવસે પઢતા અને રાતે લખતા હતા. એક દિવસે હું અને મારો એક સાથી એક શયખની મજલિસમાં સમયસર પહોંચ્યા. જાણવા મળ્યું કે આજે શયખ બીમાર છે. હજી બીજી દર્સની મજલિસમાં કેટલોક સમય બાકી હતો એટલા માટે અમે માછલી ખરીદવા ચાલ્યા ગયા. માછલી ખરીદીને હજી ઘરે પહોંચ્યા જ હતા એવામાં આગલી હદીષની મજલિસનો સમય થઈ ગયો, તો માછલીને છોડીને મજલિસમાં હાજર થયા. ત્રણ દિવસ વહી ગયા પરંતું તેને પકવવાનો મોકો ન મળ્યો. હવે પકવવા માટે ફુરસદ ક્યાંથી લાવતા એટલા

Web.: www.barkatekhwaja.net

માટે શેક્યા વગર તે માછલી અમે કાચી ખાય લીધી. આ બનાવ સંભળાવીને કહેવા લાગ્યા : لَا يُسْتَطَاعُ الْعِلْمُ بِرَاحَةِ الْجِسْمِ "શરીરના આરામની સાથે કદી ઈલ્મ હાંસલ નથી થઈ શકતો !"

*(સિયરે અઅલામુન્નબલા, પેજ–૨૬૬)*

## ★ સવારનો દર્સ રાતની સફર ★

હઝરત અબુલ અઝહર رحمۃ اللہ علیہ ફર્માવે છે, હઝરત અબ્દુર્રઝ્ઝાક્ બિન હમામ પોતાની વસ્તીની તરફ ગયા તો હું સવાર સવારમાં એક દિવસ પહોંચી ગયો. ખૂબ જ જલ્દી જવાના કારણે મને મારા વિશે ડર પેદા થયો કે રસ્તામાં મને જંગલી જાનવર ન ખાય જાય. પરંતુ હું સવારની નમાઝનો સમય થતાં પહેલાં જ તેમના સુધી પહોંચી ગયો. જ્યારે આપ ઘરેથી નીકળ્યા અને મને જોયો તો કહ્યું, તમે આજે રાતે અહીં હતા ? મેં અર્ઝ કરી, નહીં ! હું રાતે જ ચાલી નીકળ્યો હતો. આપ એ વાતથી આશ્ચર્યમાં પડી ગયા. જ્યારે સવારની નમાઝથી ફારિગ થયા તો મને બોલાવ્યો, મારી સામે હદીષો પઢી અને મારા સાથીઓની સરખામણીમાં મને પોતાના હદીષના દર્સમાં મહત્વ આપ્યું.

## ★ મુહમ્મદ બિન તાહિર મુક્દસીએ વેઠેલી તકલીફો ★

મુહમ્મદ બિન તાહિર મુક્દસી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે, એક વાર હું "તીસ" નામના સ્થળે તાલિબે ઈલ્મીના જમાનામાં રોકાયેલો હતો. મારી આર્થિક હાલત ખૂબ જ નાઝુક થઈ ગઈ. કેવળ એક દિરહમ મારી પાસે બચ્યો હતો. જ્યારે કે મારે રોટી તથા કાગળ બંનેની જરૂરત હતી. હું એ અસમંજસમાં રહ્યો કે આ એક દિરહમથી શું ખરીદું ? જો ખાવા ખરીદું તો કાગળ માટે કાંઈ નથી બચતું ! અને કાગળ ખરીદવામાં રોટી માટે કાંઈ નથી બચતું. અસમંજસની આ હાલતમાં ત્રણ દિવસ પસાર થઈ ગયા. ચોથા દિવસે મારી ભૂખ એટલી સખત વધી ગઈ કે જો હવે હું કાગળ ખરીદી લેત તો પણ ભૂખની સખ્તીના કારણે મારા માટે કાંઈક લખવું શક્ય ન હતું. એટલા માટે મેં એ દિરહમ મોંમાં રાખ્યો અને ક્યાંકથી ખાવા ખરીદવા નીકળી પડયો. કુદરતનો કરિશ્મો જુઓ કે એ દિરહમ મેં ગળી નાખ્યો, અને મને અનાયાસે હસવું આવી ગયું. અબૂ તાહિરા બિન ખત્તાબે મને હસતાં જોયો તો પૂછવા લાગ્યા કે કેમ હસી રહ્યા છો ?! મેં વાત ટાળી દીધી, તો તેમણે આગ્રહ કર્યો ત્યાં સુધી કે તલાક્નો હલફ ઉઠાવ્યો કે તમે હસવાનું કારણ જણાવો. જેથી મેં વિગત જણાવી દીધી. પરિસ્થિતિથી માહિતગાર થઈને તેમણે મારા માટે ખાવાની કાયમની વ્યવસ્થા કરી આપી. *(તર્જુમા મુઅલ્લિફે કિતાબ અલ્મજમઉ બયનલ સહીહૈન, પેજ–૬૩૮)*

## ★ કેવી તકલીફો વેઠીને હદીષો લખી ! ★

હઝરત અબૂ બક્ર અબ્દુલ્લાહ ઈબ્ને સુલૈમાન ઈબ્ને અશઅષ رحمۃ اللہ علیہ ફર્માવે છે, હું કૂફામાં દાખલ થયો એ વખતે મારી પાસે કેવળ એક દિરહમ હતો. મેં તેના વડે ત્રીસ મદ (એક માપિયુ જે લગભગ એક કીલોનું થાય છે) લુબિયા (એક પ્રકારનો છોડ જેનાં કાચા ફળો અને દાણાને રાંધીને ખાવામાં આવે છે) ખરીદયું. એનાથી હું ખાતો હતો અને હઝરત અબૂ સઈદ અશજથી હદીષ સાંભળીને લખતો હતો. જ્યારે લુબિયા પૂરું થઈ ગયું તો હું ત્રીસ હજાર મક્તૂઅ તથા મુરસલ વગેરે હદીષો લખી ચૂક્યો હતો. *(તારીખે બગદાદ, ૯/૪૬૬)*

## ★ કિતાબત કરીને (લખાણનો ધંધો કરીને) ઈલ્મ હાંસલ કર્યો ★

હઝરત યાકૂબ બિન સુફયાન رضی اللہ عنہ કહે છે કે હું ત્રીસ વરસ સફરમાં રહ્યો. સફર દરમ્યાન મારો ખર્ચ ઘટી ગયો તો હું રાતે પાબંદીની સાથે કિતાબત (લખવાનુ કામ) કર્યા કરતો હતો અને દિવસે પઢયા કરતો હતો.

એક રાતે હું દીવાની રોશનીમાં બેસીને લખી રહ્યો હતો. ઠંડીની ઋતુ હતી. મારી આંખોમાં પાણી ઉતરી આવ્યું. મને કાંઈ દેખાય રહ્યું ન હતું. હું ઈલ્મના છૂટી જવાના કારણે તથા શહેરથી દૂર હોવાના કારણે રડવા લાગ્યો. મને એ હાલતમાં ઊંઘ આવી ગઈ. મેં નબી કરીમ ﷺને જોયા. આપે મને અવાજ આપ્યો, યાકૂબ ! તમે કેમ રડી રહ્યા છો ?! મેં અર્ઝ કરી, આકા ! મારી જોવાની

www.barkatekhwaja.net

શક્તિ ખત્મ થઈ ગઈ છે અને એના કારણે હું ઈલ્મની દોલતથી વંચિત રહી જઈશ, એનો મને અફસોસ છે. આપ ﷺએ ફર્માવ્યું, મારી પાસે આવી જા ! હું હુઝૂર ﷺની નજીક થઈ ગયો. આપે મારી આંખ પર દસ્તે મુબારક ફેરવ્યો અને જાણે કાંઈક પઢી રહ્યા હતા. પછી હું જાગી ગયો અને નુસ્ખો (કાગળ) લઈને મેં લખવાનું શરૂ કરી આપ્યું. *(તહઝીબુત્તહઝીબ, ૧૧/૩૮૭)*

## ★ શાકની જગાએ દજલા નદીનું પાણી ! ★

જ્યારે હજ્જાજ બગદાદી رحمۃ اللہ علیہ હઝરત શબાબા رحمۃ اللہ علیہને ત્યાં ઈલ્મ પ્રાપ્તિ માટે જવા લાગ્યા તો તેમના સફરના તોશા (માર્ગ ખર્ચ)ને માટે સો કુલજે (એક પ્રકારની મેદાની રોટીઓ) પકાવી, જેમને તે એક ઘડામાં ભરીને સાથે લઈ ગયા. રોટીઓ મહેરબાન માએ પકાવી દીધી હતી. શાક આપે ખુદ નક્કી કરી લીધુ હતું. અને તે એક અધિક પ્રમાણમાં અને સરસ હતું કે આજ સુધી સેંકડો વરસો વહી ગયા પછી પણ એવું જ તરોતાઝા મૌજૂદ છે. એ શાક શું હતું ?! દજલા નદીનું પાણી ! હઝરત હજ્જાજ બગદાદી દરરોજ એક રોટી દજલા નદીના પાણીમાં પલાળીને ખાય લેતા, અને ઉસ્તાદથી પઢતા રહેતા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૧૩૦)*

## ★ ઈલ્મની કદરદાની ★

અલ્લામા જારૂદી رحمۃ اللہ علیہ ફર્માવે છે, હું ઈમામ તિબ્રાની رحمۃ اللہ علیہની ખિદમતમાં સફર કરીને ગયો. આપે મને પોતાનો નજીકનો બનાવ્યો અને મને પોતાની નજીક બેસાડયો. આપ બીજા તલબા પર ખર્ચ કરતા હતા અને મારા પર કાંઈ પણ ખર્ચ કરતા ન હતા. મેં આપને એના બારામાં અર્ઝ કર્યુ તો આપે ફર્માવ્યું, હું એવું એટલા માટે કરું છું કે તમે તો ઈલ્મની કદરને જાણો છો.

*(સયરુલ અઅલામ નબલા, ૧૭/૩૮૫)*

## ★ એંસી હજાર દિરહમ ! ★

હઝરત ખલફ બિન હિશામ ફર્માવે છે, મારી સામે નહ્‌વાનો એક મસ્અલો પેશ કરવામાં આવ્યો જેને હું સમજી ન શક્યો, તો મેં ઈલ્મે નહ્‌વમાં મહારત પામવાના માટે એંસી હજાર દિરહમ ખર્ચી કાઢયા.

*–(સયરુલ અઅલામ નબલા, ૧૦/૫૭૮)*

વર્તમાન સમયના લેહાઝથી એંસી હજાર દિરહમની કિંમત દસ લાખ રૂપિયા બને ! હે ઉલૂમે નબવિય્યહના તાલિબો ! આ રિવાયતો તથા બનાવો પરથી તમોએ સારી રીતે અંદાઝો લગાડી લીધો હશે કે અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)એ ઈલ્મ પ્રાપ્તિ માટે કેટલા પ્રમાણમાં મુસીબતોનો સામનો કર્યો છે. એ જ કારણે તેઓ ઈલ્મના હિમાલય પહાડની હેસિયતની જાણવામાં તથા માનવામાં આવ્યા.

આજના દૌરમાં તલબાની આરઝૂ તથા ખ્વાહિશ રહેતી હોય છે કે ઈલ્મો ફનના ક્ષેત્રે ખૂબ આગળ આવીએ, પરંતુ જે ઈલ્મના તકાઝા છે એટલે ત્યાગવૃત્તિ તથા કુર્બાની, મુશ્કેલી તથા તકલીફ વેઠવી, તો એના માટે તેઓ તૈયાર નથી થતા. જો કે એ વાત સાબિત થયેલી છે કે ઈલ્મના તકાઝાઓની પરિપૂર્ણતા વિના ઈલ્મ પ્રાપ્તિ અશક્ય છે. જે તલબા તથા તાલિબાત કોઈ પણ ઈલ્મ કે ફન (વિદ્યા કલા)માં નિપૂણતા હાંસલ કરવા ચાહે છે એમના માટે એ જ માર્ગ છે કે આ ઈરાદામાં આવનારી દરેક પ્રકારની તકલીફોનો સામનો કરવા માટે તૈયાર રહે. આરામ પસંદી અને મુશ્કેલીઓ આવવા પર ગભરાય જવું ઈલ્મના માર્ગમાં ઘણી જ મોટી રુકાવટ છે. *(અસ્લાફકા દૌરે તાલિબે ઈલ્મી, અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# કુર્બાની શું છે? અને તેને કેવી રીતે કરવી

કાર્યાલય

પ્યારા દીની ભાઈઓ બહેનો ! કુર્બાની હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે જે આ ઉમ્મતના માટે બાકી રાખવામાં આવી અને નબી કરીમ ﷺને કુર્બાની કરવાનો હુકમ આપવામાં આવ્યો. ઈર્શાદ ફર્માવ્યો : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમે તમારા રબના માટે કુર્બાની કરો અને નમાઝ પઢો." સારાંશ કે કુર્બાની કુર્આની આયતથી સાબિત છે એમાં કોઈની કાંઈ ફિલોસોફી ચાલશે નહીં.

## ★ કુર્બાનીના ફઝાઈલ ★

કેટલાક ઈસ્લામ વિરોધીઓ કુર્બાનીનો અર્થ પોતાની સડેલી બુદ્ધિ વડે જણાવે છે કે કુર્બાની એટલે ગરીબો વિધવાઓને મદદ કરવી વગેરે કરીને મુસલમાનોને ગેર માર્ગે દોરવા પ્રયત્નો કરે છે, તો એના અનુસંધાનમાં આવો આપણે પ્યારા નબી પાક ﷺનાં ફર્માનોનો અભ્યાસ કરીએ :–

"અબૂદાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે, "યવમે નહર (દસમી ઝિલ હજ્જ)માં **આદમની ઔલાદનો કોઈ અમલ ખુદાની નજીક લોહી વહાવવાથી (કુર્બાની કરવાથી) અધિક પ્યારો નથી** અને તે જાનવર કયામતના દિવસે પોતાની શીંગ તથા વાળ અને ખરીઓની સાથે આવશે અને કુર્બાનીનું લોહી જમીન પર પડતાં પહેલાં ખુદાની નજીક કુબૂલિયતના મકામમાં પહોંચી જાય છે **જેથી તેને ખુશદિલીથી કરો."** *(બહારે શરીઅત, ભાગ–૧૫)*

મુસલમાનો માટે નબી કરીમ ﷺનું ઉપરોક્ત ફર્માન પૂરતું છે અને એના પર જ ઈમાન તથા યકીન રાખવાનું છે અને હદીષે પાકના શબ્દો ખાસ યાદ રાખવાના છે કે "તેને ખુશદિલીથી કરો !" સારાંશ કે કેવળ કુર્બાની વિધિ પૂરતી નહીં, જિમ્મેદારી મટાડવા નહીં, પણ ખુશદિલીથી કરવામાં આવે. રબ તઆલા સૌને એ જ રીતે કુર્બાની કરવાની તૌફીક આપે.

વળી ખુશદિલીથી કુર્બાની કરનારાઓને શું ઈનામો મળશે તે પણ જોઈ લો !

તિબ્રાની હઝરત ઈમામ હસન બિન અલી رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે ખુશદિલીથી સવાબ પામવાની નિય્યતે કુર્બાની કરી તો **તે જહન્નમની આગ સામે આડ** બની જશે.

એક હદીષમાં છે કે, **જે રૂપિયા ઈદના દિવસે કુર્બાનીમાં વાપરવામાં આવ્યા જેનાથી અધિક કોઈ રૂપિયો (રબની નજીક) પ્યારો નથી.** *(તિબ્રાની, ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત)*

તેમજ નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **જેનામાં શક્તિ હોય છતાં કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક ન આવે.**

ઈબ્ને માજહએ ઝૈદ ઈબ્ને અરકમ رضی اللہ عنہથી રિવાયત કરી કે સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કુર્બાનીઓ શું છે ? ફર્માવ્યું કે, તમારા બાપ ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા માટે એમાં શો સવાબ છે ? ફર્માવ્યું, **દરેક વાળના બદલામાં નેકી** છે. અર્ઝ કરી, ઊનનો શું હુકમ છે ? ફર્માવ્યું, ઊનના દરેક વાળના બદલામાં નેકી છે.

હદીષે પાકમાં એ પણ છે કે, "જેણે ઝિલ હજ્જનો ચાંદ જોઈ લીધો અને એનો ઈરાદો કુર્બાની કરવાનો છે તો જ્યાં સુધી કુર્બાની ન કરી લે ત્યાં સુધી વાળ તથા નખો ન કપાવે.

## ★ કુર્બાનીના મસાઈલ ★

દરેક તે મુસલમાન જે મુકીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

Web.: www.barkatekhwaja.net

**મસ્અલો** : જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)* અને દર વરસે વાજિબ છે.

**મસ્અલો** : મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફ્લ સમજીને કુર્બાની કરે તો તેમ કરી શકે છે તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. એને બીજી રીતે સમજવામાં આવે તો એ છે જેની પાસે તેની જીવન જરૂરિયાત ઉપરાંત **૭॥ તોલા સોનું** અથવા **૫૨॥ તોલા ચાંદી બરાબરનો માલ** હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)* એટલે કે વર્તમાન ચાંદીના ભાવ (રૂા. ૬૭૦ તોલા)ના હિસાબે જેની પાસે સૌ મિલાવીને લગભગ રૂા. ૩૫,૧૭૫/– જેટલું થાય તેણે કુર્બાની કરવી વાજિબ થશે.

**કુર્બાનીની રીત** : કુર્બાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં ઘાસચારો પાણી આપવું, પહેલેથી જ છરી તેજ કરી લેવી, જાનવરની સામે છરી તેજ ન કરવી. તે પછી જાનવરને ડાબી કરવટ પર એવી રીતે સૂવાડવું કે તેનું મોઢું કિબ્લા તરફ રહે. ઝબહ કરનાર માણસ પોતાનો જમણો પગ જાનવરની કરવટ પર મૂકી તેજ છરીથી એકદમ જલ્દીથી ઝબ્હ કરી નાખે.

**કુર્બાનીનો સમય** : ઝિલ હજ્જ મહિનાની ૧૦મી તારીખની સુબ્હ સાદિકથી લઈ ૧૨ મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુર્બાની આપી શકાશે. એટલે કે કુલ ત્રણ દિવસ અને બે રાત્રિ. તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખ.

**મસ્અલો** : કુર્બાનીના દિવસો વીતી ગયા પછી કુર્બાની ફૌત થઈ ગઈ ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહીં. તેવી રીતે અગર કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદકા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદકા તરીકે આપી દેવામાં આવે. *(રદ્દુલ મુહતાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી, ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહીં.

**મસ્અલો** : કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહીં પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે અકીકા કરનાર અગર કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામેલ થઈ શકે છે કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અકીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહીં કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નહીં પણ હર્બી છે.

**કુર્બાનીનું જાનવર** : ઊંટ, પાડો, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) ખસીવાળુ કે ખસી વગરનું એ દરેકની કુર્બાની થઈ શકે છે. *(આલમગીરી)*

**મસ્અલો** : જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શકશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલો** : ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટું હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુર્બાનીનું જાનવર મોટું, તાજું, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, રદ્દુલ મુહતાર)*

web.: www.barkatekhwaja.net

**મસ્અલો** : જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે.

*(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : આંધળું, લૂલું, લંગડું, કાણું, એકદમ દુબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખનસા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય) જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતું હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી.

*(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળ વા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે.

*(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

**મસ્અલો** : જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદકા તરીકે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદકો કરી દેવી.

*(આલમગીરી, બહારે શરીઅત)*

**ફાયદો** : આપણા આકા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખૂદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં પછી આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનશીબી ગણાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બાલિગ પુત્રીઓ અથવા પત્ની તરફથી કુર્બાની કરવા ચાહે છે તો તેમનાથી ઈજાઝત લઈ લે, તેમને કહ્યા વિના જો કરી દીધી તો તેમના તરફથી વાજિબ અદા ન થયો. અને નાબાલિગ તરફથી જો કે વાજિબ નથી પણ કરી આપવી બેહતર છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : કુર્બાનીમાં સાત ભાગીદારોમાં એક કાફિર છે તો કોઈની કુર્બાની ન થઈ. *(બહારે શરીઅત)* જેથી સાત ભાગોમાં સુન્ની સિવાય કોઈ મુર્તદ વહાબી દેવબંદીનો હિસ્સો હશે તો કોઈની કુર્બાની થશે નહીં.

**મસ્અલો** : કુર્બાનીનું જાનવર મુસલમાન પાસે ઝબહ કરાવવું જોઈએ. જો કે મજૂસી (અગ્નિપૂજક) અથવા અન્ય મુશ્રિક (કાફિર પાસે) કુર્બાનીનું જાનવર ઝબહ કરાવ્યું તો કુર્બાની થશે નહીં, બલ્કે જાનવર હરામ તથા મુરદાર છે. (બહારે શરીઅત) જેથી સુન્ની સિવાય બીજા મુર્તદો વહાબી દેવબંદી પાસે ઝબહ કરાવશો નહીં.

## ★ ખસ્સી કરેલાની કુર્બાની અફઝલ ★

**સવાલ** : ખસ્સી કરેલા જાનવરની કુર્બાની જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીય્યિનુલ હકાઈક શરહે કન્ઝુદકાઈકમાં છે : (અર્થ) : ''ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે.'' એ જ અર્થમાં ગુરુરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહ્રમાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા અમજદીયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

Web : www.barkatekhwaja.net

# કરામતોનો ઈન્કાર એ બદનસીબીનો માર્ગ છે

:: અઝ ::

**મુફ્તી મુનીબુર્રહમાન સાહબ** (મુફતીએ આ'ઝમ પાકિસ્તાન)

:: અનુવાદક ::

**મૌલાના પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી નક્શબંદી**

સ્વ ભરમના લીધે પોતાની જાતને સર્વશ્રેષ્ઠ બુદ્ધિશાળી સમજનાર એક સોશિયલ મીડિયાના (કહેવાતા) સ્કોલર અમુક દીનની સર્વસંમતિવાળી વાતોની મજાક ઉડાડતા રહે છે અને તે બાબતો વિશે તુચ્છ વલણ અપનાવતા રહે છે. આવા લોકો પોતાની લોકપ્રિયતાનું માપદંડ સોશિયલ મિડિયા પર પોતાના ફોલોઅર્સ અથવા પોતાના ચાહકો (Fans)ની અધિક્તાને સમજે છે.

ફેસબુક પેજ પર આવ્યા કરે છે કે "જો તમે પોતાના ફોલોઅર્સ વધારવા માગો છો તો રકમ આપો, આ સેવા અમે આપીશું" પણ સંખ્યાની કમી અથવા અધિક્તા એ ક્યારેય અંબિયાએ કિરામ عليهم السلامની હક્કાનિયતનો આધાર નથી રહ્યો.

હદીષે પાકમાં છે, હઝરત અબૂસઈદ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : (કયામતના દિવસે) એક નબી આવશે અને તેમની સાથે બે માણસો હશે, એક નબી આવશે જેમની સાથે ત્રણ માણસો હશે અને તેનાથી કાંઈક ઓછા વત્તા. તે (નબી)ને પૂછવામાં આવશે કે શું તમે પોતાની કૌમને (અલ્લાહની દાવત) પહોંચાડી હતી ? તે અર્ઝ કરશે : જી હા ! પછી તેમની કૌમને બોલાવીને પૂછવામાં આવશે, શું તેમણે તમને હક્કનો પૈગામ પહોંચાડી આપ્યો હતો ? તેઓ કહેશે, ના ! પછી તે નબીને પૂછવામાં આવશે કે તમારી બાબતે ગવાહી કોણ આપશે ? તે કહેશે કે મુહમ્મદ ﷺ અને તેમની ઉમ્મત. પછી ઉમ્મતે મુહમ્મદિય્યહને બોલાવવામાં આવશે અને પૂછવામાં આવશે કે શું તેમણે (આ નબીએ) અલ્લાહનો પૈગામ પહોંચાડી દીધો હતો ? તેઓ બોલશે, જી હા ! પછી ઉમ્મતે મુહમ્મદિય્યહને પૂછવામાં આવશે કે તમને કઈ રીતે ખબર ? (જ્યારે કે તમે એ સમયે ન હતા) તેઓ અર્ઝ કરશે, (હે અલ્લાહ !) અમને અમારા નબી મુહમ્મદ ﷺ એ ખબર આપી હતી કે તમામ રસૂલોએ (પોત પોતાના જમાનામાં) અલ્લાહનો પૈગામ પહોંચાડી દીધો હતો, તો અમે તેમનું સમર્થન કર્યું. *(ઈબ્ને માજહ, હદીષ-૪૨૮૪)*

આ હદીષ આગળ પાછળના સંબંધને જોતાં આપણા આકા ﷺ અને આપની ઉમ્મતની ફઝીલત બાબતે છે. પરંતુ આમાં તે હકીકત પણ બયાન થઈ છે કે અમુક નબીઓના માનનારા બહુ ઓછી સંખ્યામાં હશે. આ વાત તે નબીઓની નિષ્ફળતા નહીં ગણાય બલ્કે તે ઉમ્મતોની બદનસીબી દર્શાવશે કે તેઓએ અંબિયાએ કિરામ عليهم السلامના મોઢેથી હક્કની દાવત કબૂલ ન કરી.

આજે પણ જુઓ તો આખા વિશ્વમાં મુસલમાનો કરતાં કાફિરોની સંખ્યા વધારે છે, તો શું કાફિરોનું વધારે સંખ્યામાં હોવું તેમના હક્ક હોવાની દલીલ છે ?! અથવા મુસલમાનોની સંખ્યા ઓછી હોવી તેમના નાહક્ક હોવાની દલીલ છે ? હક્ક તથા બાતિલનું માપદંડ તથા આધાર કુર્આન હદીષ છે, દીન છે અને શરીઅત છે. એટલા માટે જ અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં ત્રણ જગાએ કુર્આનની ખૂબી (ગુણ) ફુર્કાન (એટલે કે હક્ક અને બાતિલ વચ્ચે ફરક કરનાર) બયાન ફર્માવી છે.

પાયાની વાત એ છે કે સૃષ્ટિની પ્રાકૃતિક વ્યવસ્થા સબબ અને રિઝલ્ટની દોરીમાં પરોવાયેલી છે. એટલા માટે જ આપણે દુનિયાને "આલમે અસ્બાબ" કહીએ છીએ. પરંતુ અલ્લાહ તઆલાની કુદરત ન તે કારણોને તાબે છે ન તેની મોહતાજ છે, બલ્કે તે પોતે જ કારણ અને પરિણામનો માર્ગ બનાવનારો છે, એટલા માટે જ આપણે તે મહાન હસ્તીને "મુસબ્બિબુલ અસ્બાબ" કહીએ છીએ.

કેવળ સર સૈયદ અહમદ ખાન અને તેમની વિચારધારાના ભકતોએ જ આમ ઠરાવ્યું છે કે પ્રકૃતિના

Web.: www.barkatekhwaja.net

નિયમો અટલ છે, બદલાય શકે નહીં. એટલા માટે જો પ્રકૃતિના વિરૂધ્ધ હદીષ સાબિત પણ હોય અને તે હદીષના કાયદાઓ મુજબ સહીહ પણ હોય તો પણ તેને રદ કરી દેવામાં આવશે અને કહેવામાં આવશે કે "સહાબીથી સમજવામાં ભૂલ થઈ છે !"

જ્યારે આની વિરૂધ્ધ આખી ઉમ્મતનો અક઼ીદો એ છે કે ભલે જગતમાં પ્રકૃતિના નિયમો લાગુ છે, પરંતુ તેનો અલ્લાહ તઆલા પર હુકમ નહીં લાગે. અલ્લાહ તઆલા જ્યારે ચાહે ત્યારે પ્રકૃતિના માનેલા નિયમો વિરૂધ્ધ પોતાની કુદરત જાહેર કરી શકે છે. અને આને જ "ખારિકે઼ આદત" (સામાન્ય નિયમ વિરુદ્ધ ઘટના) કહેવામાં આવે છે. એટલે જ નબુવ્વતના (સાચા) દાવેદારના હાથે જે ખારિકે઼ આદત જાહેર થાય તેને **"મોજિઝો"** કહે છે. કુર્આન કરીમમાં અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُના અઢળક મોજિઝાઓનું વર્ણન છે. અને જો અલ્લાહના વલીના હાથ પર કોઈ ખારિકે઼ આદત વાત (સામાન્ય નિયમ વિરુદ્ધ ઘટના) જાહેર થઈ જાય તો તેને **"કરામત"** કહે છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે : સુલેમાને કહ્યું, હે દરબારીઓ ! તે લોકો (સબાના રહેવાસીઓ) વાત માનનારા (આજ્ઞાંકિત) બનીને મારી પાસે આવે તે પહેલાં, તમારામાંથી કોણ છે જે તેનો તખ્ત મારી પાસે લઈ આવે ?! એક શક્તિશાળી જિન્નાતે કહ્યું, હું આપની મજલિસ પૂરી થતાં પહેલાં તે તખ્ત આપની પાસે લઈ આવીશ અને હું આ રીતે લાવવાની તાકાત પણ ધરાવું છું, અને અમાનતદાર પણ છું. (આના પર) (અલ્લાહની) કિતાબનો ઈલ્મ રાખનાર એક શખ્સ બોલ્યો, હું આપની આંખનો પલકારો વાગતા પહેલાં તેને આપની પાસે લઈ આવીશ. પછી જ્યારે (સુલેમાન علیہ السلامએ) તેને (તખ્તને) પોતાની સામે રાખેલો જોયો તો કહ્યું, આ મારા રબનો ફઝ્લ છે. જેથી તે મને અજમાવે કે હું તેનો શુક્ર કરનાર બંદો બનુ છું કે પછી નાશુક્રી કરું છું, અને જે શુક્ર કરે છે તે પોતાના જ ફાયદા માટે કરે છે અને જે નાશુક્રી કરે છે તો બેશક ! મારો રબ બેનિયાઝ છે અને બહુ કરમ કરનાર છે. *(સૂ. નમ્લ, ૩૯/૪૦)*

**નોટ :** કુર્આનમાં તેમના નામનું વર્ણન નથી. ઈમામ નસઈની સુનનમાં હદીષ નંબર ૧૦૯૨૭ હેઠળ તેમનું નામ "આસિફ" વર્ણન થયેલ છે અને અધિકતમ મુફસ્સિરોએ (નામ) વર્ણન કર્યું છે.

હવે જાહેર છે કે આસિફ બિન બર્ખિયાના હાથ પર તે કરામતનું જાહેર થવું પ્રકૃતિના નિયમોની વિરૂધ્ધ હતું.

આ જ રીતે નબુવ્વતના એલાન પહેલાં નબીથી કોઈ ખારિકે઼ આદત (સામાન્ય નિયમ વિરુદ્ધની) વાત જાહેર થાય તો તેને **"ઈરહાસ"** કહે છે. સામાન્ય મુસ્લિમ વ્યક્તિથી આવું કાંઈ જાહેર થાય તો તેને **"મઊનત"** કહે છે, અને જો કોઈ કાફિર અથવા મુન્કિરના હાથથી જાહેર થાય તો તેને **"ઈસ્તેદરાજ"** કહે છે. હદીષ શરીફની મશ્હૂર કિતાબ "મિશ્કાતુલ મસાબીહ"માં "કરામતનું પ્રકરણ" આવેલ છે.

આપણા અમુક ઉલમા તથા વાએઝ કરનારા અવલિયાની કરામતો બયાન કરે છે તો ઉપરોક્ત (કહેવાતા) સ્કોલર તેમની વીડિયો ક્લિપ દેખાડીને મજાક ઉડાડે છે અને કહે છે કે લાવો અમને પણ (આ બધું) બતાવો !

જો તમે કોઈની કરામત ન માનો તો તમારી મરજી ! તેના ઈન્કાર પર અમે તમારા પર કોઈ ફત્વો નથી આપતા. નબીનો ખ્વાબ (સ્વપ્ન) તથા ઈલ્હામ વહી હોય છે, જ્યારે કે ગૈર નબીનો ખ્વાબ તથા ઈલ્હામ વહી નથી હોતો, અને તેનો ઈન્કાર કરનાર પર કોઈ હુકમ નથી લાગતો. હદીષે પાકમાં છે : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નેક માણસનો સારો ખ્વાબ નુબુવ્વતનો છેતાળીસમો ભાગ છે. *(સહીહ બુખારી, હદીષ : ૬૯૮૩)*

આ પ્રકારની મજાક તો દરેક યુગમાં કાફિરો અંબિયાએ કિરામની પણ ઉડાવતા આવ્યા છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે : **(૧)** "અને તેઓ બોલ્યા, અમે તમારા પર કદાપિ ઈમાન નહીં લાવીએ ત્યાં સુધી કે તમે અમારા માટે જમીનથી કોઈ ઝરણુ કાઢી આપો

અથવા તમારા માટે ખજૂરો અને અંગૂરો (દ્રાક્ષ)નો કોઈ બાગ હોય, પછી તમે તેની વચ્ચે નહેરો વહાવી દો અથવા જેમ કે તમે કહો છો કે તમે અમારા પર આસમાનને ટુકડે ટુકડા કરીને નાખી દેશો અથવા તમે અલ્લાહ અને ફરિશ્તાઓને અમારી સામે લઈ આવો અથવા તમારા માટે સોનાનું કોઈ મકાન હોય અથવા તમે અમારી સામે આસમાન પર ચઢી જાવ અને અમે તમારા ચઢવાને પણ માનીશું નહીં જ્યાં સુધી તમે અમારા પર કોઈ એવી કિતાબ ન ઉતારો જેને અમે પઢીએ. (હે અઝમતવાળા રસૂલ !) તેમને કહો કે મારો રબ પાક છે, હું તો એક માનવી તથા રસૂલ જ છું અને જ્યારે તેમની પાસે હિદાયત આવી ચૂકી તો તેઓને ઈમાન લાવવાથી કેવળ એ વાતે રોકયા કે અલ્લાહે એક ઈન્સાનને રસૂલ બનાવીને મોકલ્યો છે. તમે ફર્માવી આપો કે જો જમીનમાં ફરિશ્તા શાંતિથી ફરી રહ્યા હોત તો અમે જરૂર તેમના પર આસમાનથી ફરિશ્તાને રસૂલ બનાવીને ઉતારતા. *(સૂરએ બની ઈસ્રાઈલ, ૯૦ થી ૯૫)*

**(૨)** અને જો અમે તમારી ઉપર કાગળ (લખેલી) કિતાબ નાઝિલ કરીએ જેને તેઓ પોતાના હાથો વડે સ્પર્શ કરે (તો પણ) કાફિર જરૂર કહેશે કે આ તો સાફ જાદૂ છે. અને તેઓ બોલ્યા, તમારી ઉપર ફરિશ્તો કેમ ઉતારવામાં ન આવ્યો ?! અને જો અમે ફરિશ્તો ઉતારતા તો (તેમની) બાબતે ફેંસલો થઈ ચૂક્યો હોત, પછી તેમને મોહલત આપવામાં ન આવતી, અને જો અમે રસૂલને ફરિશ્તો બનાવતા તો જરૂર તે માનવના સ્વરૂપમાં આવતો તો પછી તેઓને એ જ શંકામાં નાખી દેતા જેમાં તેઓ હમણા છે. *(સૂરએ અન્આમ, ૭ થી ૯)*

મુદ્દાની વાત એ કે આ પ્રકારની ડિમાન્ડ કરવી કે, "જો કરામતો સાચી છે તો આજે અમને આ કરામતો ખુલ્લેઆમ બતાવી દો ! નહીં તો અમે માનીશું નહીં." આ હક્કના ઈન્કારનો તે જ ઢંગ છે જે દરેક સમયના કાફિરો અપનાવતા રહ્યા છે. તમે કરામતોની મજાક ન ઉડાવો, વધુમાં વધુ જે તમારી પાસે ગુંજાઈશ છે તે એ કે તમે ન માનો કેમ કે આ બધી વાતો સુબૂત તથા દલાલતના હિસાબે "કતઈ" તો છે નથી કે તેમના ઈન્કાર પર કોઈને કાફિર કહેવામાં આવે, અથવા તેને ગુમરાહ તથા ગુમરાહ કરનાર કહેવામાં આવે.

અને જો તમારું મંતવ્ય એ છે કે તમે ખારિકે આદત (પ્રકૃતિના નિયમો વિરુદ્ધ) કોઈ વાત કદાપિ માનશો નહીં તો પછી તમારે મો'જિઝાઓનો પણ ઈન્કાર કરવો પડશે ! જેમ કે સર સૈયદ અહમદ ખાન, ગુલામ અહમદ પરવેઝ તથા અન્ય મુન્કિરોએ મો'જિઝાઓનો ઈન્કાર કર્યો છે, અને મો'જિઝાઓ વિશે કુર્આન કરીમની સ્પષ્ટ આયતોમાં મનપસંદ સમજૂતી (ભાવાર્થ) કરી નાખી છે, તો આવા લોકો આજે પણ છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે.

હું તો આપણા ઉલમાએ કિરામથી એ વિનંતિ કરું છું કે અવલિયાએ કિરામ તથા સાચા ઉલમાની ઈલ્મી તથા અમલી જીવન ઝરમર લોકોની સામે બયાન કરે, જેમાં તેમના માટે અમલનો નમૂનો છે, અને લોકોને તેમના પથ પર ચાલવા માટે પ્રેરિત કરે, ઈલ્મની તરફ બોલાવે. સૂરએ ફાતિહામાં પણ અલ્લાહ તઆલાએ આપણને પોતાના ઈમાનવાળા બંદાઓના માર્ગે ચાલતા રહેવાની દુઆની તા'લીમ આપી છે.

ગૌષે આ'ઝમ મુહિય્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ પોતે ફર્માવે છે :–

دَرَسْتُ الْعِلْمَ حَتّٰی صِرْتُ قُطْبًا وَنِلْتُ السَّعْدَ مِنْ مَوْلَی الْمَوَالِی

"મેં ઈલ્મ મેળવ્યો ત્યાં સુધી કે હું કુતુબ બની ગયો અને મેં કાઈનાતના તાજદાર ﷺથી ખુશનસીબી મેળવી."

તેમની મહાન વાલિદાએ એવા સમયે જ્યારે કે તેણીને આપની મદદની જરૂર હતી, ત્યારે પોતાનાથી અલગ કર્યા અને જીલાનથી બગદાદ ઈલ્મ મેળવવા માટે રવાના કર્યા, કેમ કે તે સમયે બગદાદ મુસલમાનોની સૌથી મોટી વિદ્યાપીઠ હતી. હઝરત ગૌષ પાક رضی اللہ عنہએ પહેલાં ઈલ્મ મેળવ્યો, પછી લાંબા ગાળા સુધી પોતાના ઉસ્તાદની ગાદી પર બેસીને ઈલ્મ પઢાવ્યો અને ત્યાર બાદ ઈબાદત તથા પરહેઝગારી તરફ ધ્યાનિત થયા.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૨૨)*

Web.: www.barkatekhwaja.net

## નૂરી તર્બિયતી સેન્ટર–જંબુસર ખાતે મકતબ (મદ્રસા)ના નિસાબ "હેરા ઈસ્લામિયાત" (SDI) સંબંધે મીટિંગ યોજાઈ

તા. ૦૪–૦૬–૨૦૨૨, શનિવાર સવારના ૧૦ વાગ્યાથી સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ નૂરી તર્બિયતી સેન્ટર–જંબુસર ખાતે "હેરા ઈસ્લામિયાત" થકી મકતબો માટેના છ વર્ષના નવીન નિસાબ વિશે સમજૂતી આપવા માટે આયોજન કરવામાં આવેલ. જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ "હેરા ઈસ્લામિયત" નિસાબના મહત્વ પર રોશની નાખી હતી. ત્યારબાદ મૌલાના યાસીન નૂરાની મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ જેમણે પોતે તથા તેમની ઉલમા ટીમે આ નિસાબ રેડી કર્યો છે, તેમણે વિગતવાર "હેરા ઈસ્લામિયાત" નિસાબની ખૂબીઓ અને એ કેટલો સરળ તથા સમૃધ્ધ નિસાબ છે તેના વિશે વિસ્તૃત ચર્ચા કરીને વિગતે સમજૂતી આપી હતી (જેનું વર્ણન અગાઉ "બરકાતે ખ્વાજા મંથલી" જૂન–૨૦૨૨માં પણ દર્શાવેલ છે.) ત્યારબાદ મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર ઈદારા શરઈય્યા ભરૂચ વ સદર મુફ્તી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ પણ આ નિસાબના મહત્વ તથા તેની જરૂરિયાત સમજાવતું બયાન કર્યું હતું. અંતમાં પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)એ આ નિસાબ વજૂદમાં આવવા પર ખુશી વ્યક્ત કરી હાજર ઉલમા, અઈમ્મા, હુફ્ફાઝ તથા ટ્રસ્ટીઓને એને પોતાના મદ્રસાઓમાં શરૂ કરવા ઉમ્મીદ સાથે વિનંતિ કરી હતી તથા સૌનો મીટિંગમાં હાજર રહેવા પર આભાર માન્યો હતો. નિસાબની ગુલશન–૧ તથા ગુલશન–૨ કિતાબો તેમજ ગુલશન માટે વોલ ચાર્ટ જે બાળકોને શીખવવવામાં સરળતા પૂરી પાડે છે તેનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જંબુસર તેમજ તાલુકાના વિવિધ ગામોએથી મુદર્રિસો ટ્રસ્ટીઓએ હાજરી આપી સહકાર આપ્યો હતો. ઈસ્લામિયાતની સરાહના કરી હતી. એ જ પ્રમાણે નાપા તથા ભોજ ખાતે "હેરા ઈસ્લામિયાત"ની મીટિંગો મળી હતી. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

Web: www.barkatekhwaja.net

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા :** (તા.જિ. ભરૂચ) તા. ૦૧–૦૬–૨૦૨૨, બુધવારના રોજ હજીયાણી બીબીબહેન ઈસા ગડીમનો ઈન્તેકાલ થઈ ગયો છે.
- **બીલીમોરા :** અમેરીકા ચીકાગો ખાતે ચાંદ ૦૬, ઝિલ્કઅદ, ૧૪૪૩, તા. ૦૬–૦૬–૨૦૨૨, મંગળ વારના રોજ હાજી ઈસ્માઈલભાઈ ચરીવાલાનો ઈન્તેકાલ થઈ ગયો છે. જે અંજુમને રીફાઈ ચેરીટેબલ ટ્રસ્ટના મેમ્બર હતા. મર્હૂમ ખૂબ જ સખી દિલ સુન્નિયતનાં હમદર્દ નેકદિલ મો'મિન હતા.
- **પારખેત :** ખાતે ચિશ્તિયા મસ્જિદના મુતવલ્લી હાજી ઐયૂબભાઈ શેઠાનીના વાલિદા તા. ૧૨–૦૬–૨૦૨૨, રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*